પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી : ધીરુ પરીખ

વર્ષ ચુમ્મોતેરમું ● ફેબ્રુઆરી બે હજાર એક


સળંગ અંક ૮૭૮

કુમાર




ઉમા – મહેશ

બંગાળનું કાંસ્ય શિલ્પ



એકરાર
(ચિત્રકાર : કનુ દેસાઈ)



રાજપૂતાણી
(શિલ્પકાર : માલવીનિયા હૉફમૅન)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૪મું

અંક ૨

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

ફેબ્રુઆરી **સાંકળિયું** ૨૦૦૧

કુમાર સળંગ અંક ૮૭૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ, નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ : ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

'કુમાર'માં પ્રકટ થતાં સર્વ લખાણો, ચિત્રો અને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

વાચકો લખે છે

ઈ. ૧૬૯૯ : ગુરુ ગોવિંદસિંહના 'પંજ પ્યારે' કોણ ? 'જાણીતા માણસની અજાણી વાતો' કટારમાં શ્રી પુષ્કરભાઈ ગોકાણીનું કથન છે : સને ૧૯૮૨માં તત્કાલીન ગૃહમંત્રી જ્ઞાની ઝૈલસિંહે દ્વારકાધીશ મંદિરમાં 'શ્રીકૃષ્ણ પ્રભુનાં દર્શન કરતાં કરતાં વળતાં દ્વારકામાં ધર્મ માટે જાન આપનારા પંજપ્યારેની વિગત પૂછી અને જણાવ્યું કે 'દ્વારકામાં ધોબી હુકમચંદજી ? કે પછી (MOHKAM CHANDJI) પંજપ્યારેમાંના એક હતા. તેમનું નિવાસસ્થાન બતાવી શકશો ?' અમે ત્યારે જ આ હકીકત જાણી, મારી અશક્તિ દર્શાવી.' ('કુમાર' ૮૭૩, પૃ. ૫૭૦)

અમેરિકામાં પાંચેક માસના રોકાણ બાદ મુંબઈ પરત આવીને 'કુમાર'ના પાછલા અંકો માણ્યા. પંજપ્યારે (પાંચપ્યારે)માંના એક મોહકમચંદજી (સાહિત્યમાં નામ હુકમચંદજી નહિ પરંતુ મોહકમચંદજી છે) દ્વારકાના હતા, પરંતુ ધર્મ માટે દ્વારકામાં જાન આપેલ નહિ. હા, ધર્મ માટે જાન આપનાર 'શહીદ' ખરા. ચુનંદી સંદ-ર્ભસૂચિ :

૧. ગુરુ ગોવિંદસિંહ - ગોપાલસિંઘ, નૅશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્હી, ૧૯૬૬, પાંચમું સંસ્કરણ ૧૯૯૨, પૃ. ૧૮-૨૨)

૨. અ હિસ્ટરી ઑવ્ ધ શખ્સ - ખુશવંતસિંઘ, ગ્રંથ ૧. (૧૪૬૯-૧૮૩૯), ૧૯૯૧, પૃ. ૮૨-૮૫

૩. હોમેજ ટુ ગુરુ ગોવિંદસિંહ : ખુશવંત સિંઘ અને સુનીત વિર સિંઘ, દ્વિતીય સંસ્કરણ, ૧૯૭૦, પૃ. ૩૮-૪૧ દિન : ઈ. ૧૬૯૯, વૈશાખનો પ્રથમ દિન : સ્થળ : આનંદપુર શાસન : ધર્મઝનૂની ઔરંગઝેબનું (શાસનકાળ : ૧૬૫૬-૧૭૦૭) ઈ. ૧૬૮૦માં શિવાજીનું અવસાન થઈ ચૂકેલ છે.

મુગલ સલ્તનત શીખોને અને ગુરુ ગોવિંદસિંહને ભીંસમાં લઈ રહી છે. નમતું જોખે એ બીજા, ગુરુ અને શીખો નહિ, શીખો અને ગુરુ જાનની બાજી ખેલી રહ્યા છે. ગુરુ ગોવિંદસિંહના પિતાશ્રી ગુરુ તેગ બહાદુરનો ઔરંગઝેબે વધ કરેલ છે.

આનંદપુરમાં શીખમહેરામણ ઊમટેલ છે. ગુરુ ગોવિંદસિંહ, હમણાં ને હમણાં હું શીખનો ભોગ માગું છું, આત્મસમર્પણ માગું છું, શિર માગું છું, મારી તલવાર સમર્પિત શીખના શિર સાટે તલસી રહી છે.

માનવમહેરામણમાં સોપો પડે છે. ગુરુ બીજી અને ત્રીજી વખત શિર માગે છે.

અને ધપે છે લાહોરનો એક શીખ દયારામ, વ્યવસાયે ખત્રી, ગુરુને વંદે છે : આ રહ્યું મારું શિર. પરંપરાગત વૃત્તાંત છે આ.

ગુરુ ગોવિંદસિંહ દયારામને એક તંબુમાં લઈ જાય છે. જાણે કે દયારામે શિર સમર્પણ કરેલ છે તેવી છાપ પાડવા ગુરુ એક બકરાનો વધ કરે છે, લોહી નીંગળતી તલવાર સાથે ગુરુ મહેરામણ સમક્ષ ઉપસ્થિત થાય છે. મહેરામણ માની બેસે છે કે ગુરુએ દયારામને શહીદ બનાવેલ છે. હાહાકાર મચી જાય છે.

ગુરુ દ્વિતીય શહીદ માટે પુકાર કરે છે. દિલ્હીના ધરમદાસ ઉપસ્થિત થાય છે, ગુરુને વંદે છે. ગુરુ ધરમદાસને તંબુમાં લઈ જાય છે. બીજા બકરાનો વધ કરે છે. લોહી નીંગળતી તલવાર સાથે ગુરુ પુનઃ મહેરામણ સમક્ષ ઉપસ્થિત થાય છે. ગુરુ અન્ય ત્રણ શહીદો માટે પુકાર કરે છે. માનવમહેરામણમાંથી કેટલાક શીખો ગુરુની માતા સમક્ષ ધા નાખે છે. ગુરુને શું થયું છે ? ગુરુનું ચસકી ગયું છે ? ગુરુને પદભ્રષ્ટ કરવા માતાને વીનવે છે. માતા ગુરુને વધ રોકવા સંદેશો પાઠવે છે. ગુરુ મચક આપતા નથી.

અન્ય ત્રણ શહીદો ઉપસ્થિત થાય છે : દ્વારકાના મોહકમચંદ, બિદરના સાહિબચંદ, જગન્નાથ પુરીના હિંમતરાય. ત્રણેને ગુરુ તંબુમાં લઈ જાય છે, ત્રણ બકરાનો વધ કરે છે, લોહીનીંગળતી તલવાર સાથે ગુરુ મહેરામણ સમક્ષ ઉપસ્થિત થાય છે અને ભેદ ખોલે છે.

પાંચે 'શહીદો' માનવમહેરામણ સમક્ષ ઉપસ્થિત થાય છે : 'DRESED IN FRESH GARBS, BLUE TURBANED, WITH LOOSE, LONG, YELLOW SHIRTS, A WAISTBAND ROUND THEIR WAISTS, WITH SARYS OF NICHER - BOCKERS. WORN AS UNDERWEARS AND WITH SWORDS OF DANSING BY THEIR SIDES'

આ પાંચ 'શહીદો' તે પંજપ્યારા.

'સંત શ્રી અકાલ'થી ગુંજે છે આનંદપુર. 'THE NAMES OF THESE (FIVE) MEN ARE REPEATED IN THE ARDAS AT THE END OF EVERY PRAYER.'

'પંજ પ્યારે'ને સિંઘ નામ આપવામાં આવે છે. સ્થળ : નાંદેડ (મહારાષ્ટ્ર), દિન : ઈ. ૧૭૦૮, ઑક્ટો. ૭, કપટથી ગુરુ ગોવિંદસિંહનું ખૂન કરવામાં આવે છે. ગુરુ ગોવિંદસિંહ શીખોના દસમા ગુરુ, ત્યાર બાદ 'ગ્રંથસાહેબ' (યાને ગ્રંથ) શીખોના ગુરુ.

અમે અમૃતસરમાં સુવર્ણમંદિર અને નાંદેડમાં ગુરુદ્વારનાં એકાધિક વખત સુપેરે દર્શન કરેલ છે. ક્યાં 'દિનેઈલાહી'ના પ્રણેતા ધર્મસહિષ્ણુ શહેનશાહ અકબર (શાસનકાળ : ઈ. ૧૫૫૬-૧૬૦૫), ક્યાં હિંદુધર્મના ચાહક અને ઔરંગઝેબના વડીલ બંધુ દારા સુકોહ જેનો ઔરંગઝેબે વધ કર્યો અને ક્યાં ધર્માંધ ઔરંગઝેબ (શાસનકાળ, ઈ. ૧૬૫૬-૧૭૦૭) ઔરંગઝેબ બાદ મુગલ સલ્તનતની પડતી, સલ્તનત નામશેષ ઈ. ૧૮૫૮ : છેલ્લા મુગલબાદશાહ બહાદુરશાહ ઝફરનું બ્રહ્મદેશમાં અવસાન ઈ.૧૮૬૨. ભારત બ્રિટિશ સામ્રાજયનું અંગ, સંપૂર્ણ પણે. (ઈ. ૧૮૫૮) -વી.બી. ગણાત્રા (મુંબઈ)

ડિસેમ્બરમાં 'રંજ' લઘુકથા હૃદયસ્પર્શી રહી. લઘુકથાનું સાચું આંતરતત્ત્વ એમાં જોવા મળ્યું. લઘુકથાનાં તત્ત્વો એમાં ઉચિત રીતે વિદ્યમાન છે. કુળને બળકટ બનાવવાની લેખકની નેમ મહદ્અંશે સરળ થઈ છે. તેમને અને તમને અભિનંદન. લઘુકથા મારી નસેનસમાં છે એટલે જ્યારે જ્યાં બીજા દ્વારા કોઈ સાચા અર્થમાં લઘુકથા લખાય કે તેનો ઉચિત નૂતન પ્રયોગ થાય ત્યારે આનંદ-સંતોષ મળે છે.

(અનુસંધાન પૃ. ૧૦૪)

તું છે મારું શરણ / ચંદ્રકાન્ત શેઠ

(ગાન)

તું છે મારું શરણ,
મને બસ, ગમતું તારું સ્મરણ !

ગગન મહીં આ તારાં લોચન
ભૂરાં ઊંડાં હસતાં !
તારી હથેલીઓનાં હેત જ
લહરે લહરે લસતાં !
તારી વાટે, તારા ઘાટે,
મૂકવાં મારે ચરણ !
પ્હાડે પ્હાડે ઉદાર પ્રસરી
તારી શી છત-છાયા !
રાતદિવસ ઉર ઉજાશ ભરતી
તારી તેજસ-માયા !
મારા કૂપે, તળિયે તારાં
ફૂટ્યાં કરે ઝરણ !

શીખ
મણિલાલ હ. પટેલ

(ગઝલ)

વૃક્ષો પાસે લળતાં શીખ
મન માટીનું કળતાં શીખ.
ખરે પાંદડાં ગણ ગણ ના કર
કૂંપળ થૈ ઝળહળતાં શીખ.
ગરમાળામાં સૂરજ પ્રગટ્યા
મખમલ-શું બળબળતાં શીખ.
ફૂલો પણ દાહક હોવાનાં
મોસમને તું મળતાં શીખ.
માણસ તો કાયમની પીડા
ગુલમોરોમાં ભળતાં શીખ.
સાંજ પડી ગૈ મેલી દે જિદ
સૂરજ માફક ઢળતાં શીખ.

કળીને / ભગવતીકુમાર શર્મા

(ગાન)

તું કળી, ખર્યું હું પાન.
તું ઝલમલ ઝાંય ગુલાબી ને હું પડતલ પીળેવાન...

તું સૂર્યોન્મુખ પુદ્ગળ, મારે લમણે ભૂખરી માટી,
તુજ પંખુડીઓ તગતગ, મારી કરચલિયાળ લપાટી;
હું ધૂમ્રવલય પળભરમાં ને તને સુગંધનાં ઓધાન...
તું કળી, ખર્યું હું પાન.

અધઝાઝેરી બંધ આજ તું, કાલે ફૂલ-ઉઘાડ,
મને ખેરવી ભાર ઉતારી દેશે ચન્દન-ઝાડ;
તને ચૂમશે ઝાકળ, મારાં આંસુ પણ વેરાન !
તું કળી, ખર્યું હું પાન.

તું છે મારું શરણ : વિરાટ એ વામનનું શરણ છે. એ સનાતન ભક્તિભાવ અહીં નવ્ય કલ્પન-કલ્પનાઓથી અભિવ્યક્ત થયેલાં માણી શકાશે. **શીખ :** મનુષ્યને મનુષ્ય બનવા માટે પ્રકૃતિનાં વિવિધ તત્ત્વો ઊર્ધ્વબોધ આપતા હોય છે. જરૂર છે મનુષ્યે તેની સમજણ કેળવી શીખ પ્રાપ્ત કરવાની. **કળીને :** તું અને હું એ બે, કળી અને ખર્યું પાન સમાન છે. એક ઉદીયમાન છે બીજું અસ્તમાન છે. આ વિરોધભાવને વિવિધ દૃષ્ટાન્તોથી અહીં અભિવ્યક્ત કરાયો છે. **પુત્રને પહેલી વાર શાળાએ મૂકતી વેળા :** એક પિતા પોતાના પુત્રને પહેલી વાર નિશાળે મૂકે છે ત્યારે તેને જાણે કે પોતાનું શૈશવ પણ સાંભરી આવે છે. સૉનેટના અષ્ટકમાં રમ્ય પ્રકૃતિનું સૌંદર્ય જે શિશુનયન માણતાં હતાં તે કુમારકાળે જાણે નિશાળે જતાં વિલાઈ જાય છે ! આ પાર્થિવ શાળાનો પથ જાણે કે પ્રકૃતિની શાળાના પથથી ફંટાઈ અનેક વિષાદો જન્માવે છે. તે કોમળ નાજુક સંવેદનને નવીન છતાં સઘન અને સરળ રીતે કાવ્યમાં ઉપસાવ્યો છે. **અંતિમ ઘડી :** આમ તો અંતિમ ઘડીનું સ્મરણમાત્ર મનુષ્યને વિષાદના મહાર્ણવમાં ડુબાડી દે છે. પરન્તુ આ ગઝલના પ્રત્યેક શેરમાં કવિ અંતિમ ઘડીએ પણ 'માણ્યું' તેનું સ્મરણ કરવાનું અને તે ઘડીને આનંદથી વધાવી લેવાનું મનભર સૂચન કરે છે. -ધી.પ.

પુત્રને પહેલી વાર શાળાએ મૂકતી વેળા / નિર્મિશ ઠાકર

(મંદાક્રાન્તા • સૉનેટ)

ના દીવાલો, છત પણ નહીં, ઊડતું જાય આગે;
પાંખોને જે 'બસ ચલ !' કહે, આભલું એટલે શું ?
શું છે ફૂલો ? મઘમઘ થતા વાયરા એટલે શું ?
ઊનો ઊનો રવિ અડકતાં ધુમ્મસો કેમ ભાગે ?
ખીણો ભાળી તરત પડતું મેલતી ને ઝિલાતી
મેદાનોમાં, ઝલમલ નદી ખ્વાબ-શી કેમ લાગે ?
– પૂછે નાનું વિહગ, કલશોરે સરી વૃક્ષ જાગે.
હું ભાળું આ અચરજભરી વારતાને વિલાતી !

છોડાવી મેં મૃદુલ કરથી આંગળી સખ્ત ઝાંપે;
જ્યાં પ્રશ્નોના નહિ, કદી નહિ, ઉત્તરો હોય સાચા !
જ્યાં ભૂંસાતી ક્ષણ ક્ષણ મહીં વિસ્મયોની જ ભાષા !
દેતો સાદો હજીય મુજને અંશ મારો જ, કાંપે.
ભીનાં પેલાં સગપણ લઉં આંખથી સ્હેજ લ્હોઈ,
ખોયા એણે કલરવ હવે, વૃક્ષતા મેંય ખોઈ !

અંતિમ ઘડી / મનસુખવન ગોસ્વામી

(ગઝલ)

છો કહે સૌ કે હવે આજ છે અંતિમ ઘડી
છેવટે તો એક આ રાઝ છે અંતિમ ઘડી.
ચીતરી આપે પલકવારમાં આખો અતીત
બહુ ગજાવાળી કલાબાજ છે અંતિમ ઘડી.
આખરી છે, એમ સમજી પળેપળ માણવી
જીવવાનો આ'ય અંદાજ છે અંતિમ ઘડી.
'ના' અમે કયારે'ય કયાં કહી'તી કોઈને
તું'ય પણ જો આવ તો 'હા'જ છે અંતિમ ઘડી.
એમને બોલાવવાનો આપજે મોકો જરા
જેમનાં માટે પ્રથમથી નાજ છે, અંતિમ ઘડી.
મંદ પડતા શ્વાસ છે ને મિલનની આશા છે
આજ તારા હાથમાં લાજ છે અંતિમ ઘડી.
રંજ તારા આવવાની વાતનો ક્યાં છે કશો ?
રંજ છે કે કોઈ નારાજ છે અંતિમ ઘડી !
તાર આ શ્વાસોના, તૂટ્યા કે હમણાં તૂટશે
ગુસાંઈ હો જાયે ગઝલ ! સાજ છે અંતિમ ઘડી.

સૂત્રસાર

સંભવિતતાના પુષ્પનું પગલું ક્યું ?

રાધેશ્યામ શર્મા

જિન્દગીનો અર્થ જ બહુવિધ વિકલ્પ. વિકલ્પો ના હોય તો, શક્યતાની ક્ષિતિજ ક્યારનીયે આથમી ચૂકી હોત !

કાં તો કાર્ય બની શકે તેવું હોય છે અથવા ન બની શકે તેવું. શક્યતા અને અશક્યતાના કિનારાની વચ્ચે જીવનસરિતાનાં વહેણ વહેતાં રહે છે.

સંભાવનાના લઘુક બીજમાં જ ભવિષ્યનું વટવૃક્ષ સંગોપાયેલું હોય છે. આ બીજમાં જ ક્ષમતા છે ભાવિના વિકાસની અને કદાચ વિનાશની !

જ્યાં સંભવિત સિદ્ધ થયું ત્યાં અને ત્યારે માનુષિક પુરુષાર્થની ધજા લહેરાતી જોવા મળે.

સંભવિત હતું માટે સિદ્ધિ સાંપડી કે અસંભવિત હતું માટે પુરુષાર્થનો પરમ વિજય થયો ? મનુજનો અહં તો પોતાના પુરુષાર્થનું, પોતાના સામર્થ્યનું ગાન કરવાનો. પણ પુરુષાર્થ કરવા જેટલો અહં પણ ના બચ્યો હોત તો કાર્યસિદ્ધિ ક્યાંથી સાંપડત ?

જેમ સંભવિતતામાં સાનુકૂળતાના સંયોગો બેઠેલા છે તેમ અસંભવિતતામાં પ્રતિકૂળ સંયોગો આસનસ્થ છે.

અસંભવની પણ શક્યતા ક્યાં નથી ? અનંત રૂપગુણકર્મવાન વિશ્વમાં અશક્યને પણ સંભવ જેટલો જ અવકાશ છે.

નેપોલિયન વિશે સાંભળતાં આવ્યાં છીએ કે મારા શબ્દકોશમાં 'અશક્ય' નામનો શબ્દ જ નથી !

છતાં એ જ નેપોલિયન એના વૉટર્લૂને ઘોર પરાજયના સ્વરૂપમાં મળ્યો ત્યારે એની આંખો અશક્યતાને મોઢાંમોઢ જોવા પામી હશે. સાંભળ્યું છે કે બિલ્લીથી નેપોલિયન બીતો હતો ! આવા યોદ્ધાનું વૉટર્લૂ એક બિલ્લી બની જાય એ સંભાવનાને નેપોલિયન પણ 'અશક્ય' નહોતો કરી શક્યો !

ટાગોરની કવિદૃષ્ટિ, તો રૂપકમાં પ્રવર્તી રૂપકનો રસકસ કાઢે છે. પરિસ્થિતિને યા વસ્તુસ્થિતિને જ પાત્ર બનાવી સંવાદની રચના તેમણે કરી છે. સંભવ, અવગુંઠનવતી સ્ત્રીની જેમ સંતાઈને કે પરોક્ષપણે કે બીજા દ્વારા પૂછતું નથી. સીધું અસંભવને જ એનું પાકું સરનામું પૂછે છે : 'હે અસંભવ ! તારું ઘર ક્યાં છે ?'

લાગલો જ ઉત્તર વાળે છે અસંભવ : 'મારો નિવાસ છે નપુંસકોનાં સ્વપ્નોમાં !'

ભલે અહંકારપૂર્વક પણ પુરુષનું પુંસત્વ પ્રકટે છે સંભાવનાને ઉપસાવવામાં, શક્યતાને વિકસાવવામાં. 'ડગલું ભર્યું કે ના હઠવું' જેવા હઠયોગમાં પણ સંભવિતતાનું સુમન ક્યારેક ખીલે પણ છે.

જ્યારે કોઈ સક્રિય થઈ શકે એમ છે તોય નિષ્ક્રિય થઈ પ્રવૃત્ત થતો જ નથી તો તે પરિસ્થિતિઓની સમક્ષ નિર્વીર્ય છે, પુંસત્વહીન.

પણ અસંભવનો ટૂંકોટચ ઉત્તર, છેલ્લા શબ્દના લીધે અધિક માર્મિક છે.

> સંભવ અસંભવને પૂછે છે :
> નિવાસસ્થાન ક્યાં છે તારું ?
> ઉત્તર સાંપડ્યો :
> નપુંસકોનાં સ્વપ્નોમાં !
>
> -રવીન્દ્રનાથ ટાગોર

અસંભવ પોતાનો આવાસ નપુંસકમાં બતાવી શક્ત. એટલા જવાબથી ઘણા સંતુષ્ટ થઈ જાત. પણ આગળ વધીને અસંભવ પાસે ટાગોરે કહેવડાવ્યું, મારું નિવાસસ્થાન નપુંસકોનાં સ્વપ્નોમાં છે.'

અહીં સામર્થ્યવિહીનની વ્યાખ્યા પણ બદલાઈ જાય છે. જેનો વાસ્તવિકતા સાથે નાતો તદ્દન તૂટી જાય છે એવા કેવળ સ્વપ્નવિહારમાં જ કાલયાપન કરતા રહે છે. આ થયો દૂરવર્તી એક અર્થ.

બીજો મહત્ત્વનો અર્થ એ કે નપુંસકના વાસ્તવમાં અસંભવનું અવતરણ થાય એ બાબત પછીના ક્રમમાં ઘટે તો પણ એ પૂર્વે નપુંસકનાં સ્વપ્નોમાં જ અસંભવે પોતાના ડેરા નાખ્યા હોય છે. અને જેના સ્વપ્નમાં જ અસંભવ પ્રવેશ્યું એની વાસ્તવિકતામાં તો સંભાવનાની પળ ક્યાંથી પ્રકટવાની ?

અસંભવ માટે અન્યત્ર નહિ અને અહીં જ તક હતી ઘૂસી જવાની. નળની કોરી રહી ગયેલી પાનીએથી કળજુગ પેઠો હતો એમ અસંભવને પણ શક્તિશૂન્ય પ્રમાદીના સ્વપ્નકેન્દ્રને ભ્રષ્ટ કરવાનું ફાવે છે ! ❑

આગોતરા ગ્રાહકોની યોજના

ટૂંક સમયમાં પ્રકટ થાય છે

આવો, શીખીએ અંગ્રેજી

'કુમાર'માં નિયમિત હપ્તાવાર પ્રકટ થયેલી શ્રી ધનુભાઈ મહેતાની કલમે અંગ્રેજી શીખવતી પાઠમાળા હવે પુસ્તકરૂપે પ્રકટ થઈ રહી છે.

શાળા-મહાશાળાઓના વિદ્યાર્થીઓ અને અંગ્રેજી શીખવા માગતાં સૌકોઈને માટે સરળ ગુજરાતીમાં લખાયેલું અતિ ઉપયોગી અને શ્રદ્ધેય લખાવટવાળું અ-પૂર્વ પુસ્તક

ડિમાઈ સાઈઝ, પૃષ્ઠ આશરે ૩૨૦, આર્ટ કાર્ડની મજબૂત બન્ધાઈ અને ભારે કાગળ પર મુદ્રિત આ પુસ્તકની કિંમત

રૂ. ૧૬૦ + રવાનગી ખર્ચ રૂ. ૨૦ મળી કુલ રૂ. ૧૮૦.

આ અમૂલ્ય પુસ્તક ૨૮મી ફેબ્રુઆરી સુધીમાં આગોતરા ગ્રાહક થનારને માત્ર રૂ. ૧૨૫માં જ મળશે તો તેટલી રકમનો (૧૨૫ રૂપિયાનો) મનિ ઑર્ડર

પુસ્તક 'પ્રિન્ટેડ બુક પોસ્ટ'થી રવાના કરાશે, રજિસ્ટર્ડ પોસ્ટથી પુસ્તક મંગાવવા ઇચ્છનારે રૂ. ૧૫ વધુ મોકલવા.

'કુમાર કાર્યાલય લિ.'ના નામે નીચેના સરનામે રકમ મોકલી આપની નકલ આજે જ આરક્ષિત કરી લો.

પુસ્તક માર્ચ ૨૦૦૧ના બીજા સપ્તાહ પછી ગ્રાહકોને મોકલાશે.

કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪ રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧



અક વાસ્તવદર્શી અથશાસ્ત્રી જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે તે

ડૉ. ધનંજય રામચંદ્ર ગાડગીળ

પ્રા. બી.એમ. મૂળે

બ્રિટિશ શાસનકાળ દરમ્યાન ભારતમાં જન્મેલા, ઊછરેલા અને પશ્ચિમના દેશમાં ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તેવા ઘણા વિદ્વાનો છે જેમણે પોતાના ભારતીય વારસાને ટકાવી રાખી સ્વાતંત્ર્યપૂર્વ કાળમાં અને ત્યાર બાદ માભોમની સેવા કરવાનું વ્રત લીધેલું અને દેશના સર્વાંગીણ વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આવા મહાનુભાવોમાં સાચા અર્થમાં ભારતીય અર્થશાસ્ત્રી કહેવાય તેવા ડૉ. ડી.આર. ગાડગીળનું નામ પણ મોખરે મૂકી શકાય.

ડૉ. ગાડગીળનો જન્મ તેમના મોસાળમાં નાસિક ખાતે ૧૦ એપ્રિલ ૧૯૦૧ના રોજ થયેલો. તેમના પિતા નાગપુરમાં વકીલાત કરતા હતા અને તેથી ધનંજયરાવનું શાલેય શિક્ષણ નાગપુર ખાતે જ થયેલું. ડિસેમ્બર ૧૯૧૬માં તેમણે સીનિઅર કેમ્બ્રિજની પરીક્ષા પાસ કરી. આ પરીક્ષા માટે તેમણે એવા વિષયો પસંદ કર્યા હતા કે જેથી તેમને ઉચ્ચશિક્ષણ માટે ઇંગ્લંડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં પ્રવેશ મળી શકે. તેમણે સીનિઅર કેમ્બ્રિજની પરીક્ષા પાસ કરી તે અરસામાં પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪-૧૮) ચાલતું હોવાથી તેમને ઇંગ્લંડ જવા માટે યુદ્ધસમાપ્તિની રાહ જોવી પડી. ઑક્ટોબર ૧૯૧૮માં તેઓ ઇંગ્લંડ ગયા અને ઇતિહાસ તથા અર્થશાસ્ત્ર વિષયોમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની સન્માનનીય ઉચ્ચ પદવી (Tripos) પ્રાપ્ત કરવાના હેતુથી તે યુનિવર્સિટીમાં દાખલ થયા. ૧૯૨૦માં તેમણે ઇતિહાસ વિષય સાથે પાર્ટ-૧ની પરીક્ષા અને ૧૯૨૧માં અર્થશાસ્ત્ર વિષય સાથે પાર્ટ-૨ની પરીક્ષા પાસ કરી અને તે જ વર્ષે બી.એ.ની પદવી પ્રાપ્ત કરી. કેમ્બ્રિજ યુનિવર્સિટીએ તે જ અરસામાં માસ્ટર ઑવ્ લિટરેચર (M.Litt.) પદવી માટે નવો અભ્યાસક્રમ દાખલ કર્યો હતો. આ અનુસ્નાતક પદવી પ્રાપ્ત કરવા માટે વિદ્યાર્થીને ઓછામાં ઓછાં બે વર્ષ સુધી પોતાની પસંદગીના વિષયમાં સંશોધન કરવું પડતું. ધનંજયરાવ ૧૯૨૧માં જ આ પદવી-અભ્યાસક્રમમાં દાખલ થયા અને ૧૯૨૩ના મે માસમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીને પોતાનો મહાનિબંધ સુપરત કરી જુલાઈ ૧૯૨૩માં સ્વદેશ પાછા ફર્યા. ઇંગ્લંડમાં રહી પોતાની વ્યાવસાયિક કારકિર્દી ઉજ્જ્વળ કરવાનાં અનેક પ્રલોભનો હોવા છતાં ડૉ. ગાડગીળ આવાં પ્રલોભનોને વશ થયા નહિ અને માતૃભૂમિની સેવાને તેમણે અગ્રતા આપી. પ્રો. હેન્ડરસનના માર્ગદર્શન હેઠળ એમ.લિટ્.ની પદવી માટે તેમણે જે મહાનિબંધ તૈયાર કર્યો હતો તેનો વિષય હતો 'ઇન્ડસ્ટ્રિયલ ઇવોલ્યુશન ઇન ઇન્ડિયા ઇન રીસન્ટ ટાઈમ્સ'. ૧૯૨૪માં ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે પ્રસિદ્ધ કરેલા આ મહાનિબંધમાં ડૉ. ગાડગીળે ૧૮૫૮-૧૯૧૪ના ગાળાનાં ભારતીય અર્થકારણનાં વલણોનું આલેખન કર્યું હતું. તેમની દૃષ્ટિએ ભારતીય હસ્તકલા-ઉદ્યોગની પડતી એ આર્થિક સ્થિત્યંતરના એ ગાળાની મુખ્ય લાક્ષણિકતા હતી. ૧૯૨૪ પછી ચાર વાર તેમના આ મહાનિબંધની સુધારેલી આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે (૧૯૨૯, ૧૯૩૩, ૧૯૪૨ અને ૧૯૭૧). તેમના વિશ્લેષણ મુજબ ૧૯૧૪-૨૮ના ગાળામાં ત્રણ નોંધપાત્ર વલણો દૃષ્ટિગોચર થયાં : (૧) જમીન પર વસતીનું વધતું દબાણ, (૨) ભારતના ઔદ્યોગિકીકરણ પ્રત્યે સરકારનું બદલાતું વલણ, અને (૩) આ અરસામાં ઔદ્યોગિક વિકાસમાં થયેલ પ્રગતિ. ત્યાર પછીના ૧૯૨૯-૩૯ના દાયકામાં બનેલી બે મુખ્ય ઘટનાઓનો તેમણે નિર્દેશ કર્યો છે : (૧) ૧૯૨૯ની વિશ્વમહામંદી, (૨) પ્રાંતીય સ્વાયત્તતાનો ભારતના આર્થિક ઇતિહાસ પર પડેલો પ્રભાવ. તેમણે તેમના મૂળ મહાનિબંધની ૧૯૪૨માં પ્રસિદ્ધ થયેલી સુધારેલી આવૃત્તિમાં આ બંને ઘટનાઓની ભારતના આર્થિક માળખા પર પડેલ અસરોનું વિશ્લેષણ કર્યું છે. તેમના મંતવ્ય મુજબ ૧૯૧૮-૩૯ના ગાળાની સૌથી વધારે ધ્યાન ખેંચે તેવી લાક્ષણિકતા એ હતી કે જ્યારે વિશ્વના અન્ય દેશોમાં પરંપરાગત પૂર્વગ્રહોને જાકારો આપવામાં આવી રહ્યો હતો અને સાથોસાથ આર્થિક સ્તર સુધારવા માટે જ્યારે વિશાળ પાયા પર વિવિધ પ્રકારના પ્રયોગો હાથ ધરવામાં આવી રહ્યા હતા ત્યારે માત્ર ભારત એ વિશ્વમાં એક જ દેશ એવો હતો કે જ્યાં તેનાં લેશમાત્ર ચિહ્નો દેખાતાં ન હતાં. ભારત તેની જૂની ઘરેડમાં જ જીવતો હતો.

ઇંગ્લંડથી ૧૯૨૩માં પાછા આવ્યા બાદ એક વર્ષ (૧૯૨૪-

૨૫) માટે ડૉ. ગાડગીળે તત્કાલીન મુંબઈ પ્રાંતની સરકારમાં સહાયક સચિવના પદ પર કામ કર્યું. ત્યાર બાદ ૧૯૨૫-૩૦ દરમ્યાન તેમણે સુરતની એમ.ટી.બી. કોલેજના આચાર્ય તરીકે સેવાઓ આપી અને ત્યાર પછી સળંગ છત્રીસ વર્ષ સુધી (૧૯૩૦-૬૬) તેમણે પુણે ખાતેની ગોખલે ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ પૉલિટિક્સ અને ઇકોનૉમિક્સના ડિરેક્ટરપદે કામ કર્યું. ડૉ. ગાડગીળના સસરા રાવબહાદુર આર.આર. કાળેએ આપેલ ઉદાર સખાવતની રકમમાંથી જ ડૉ. ગાડગીળે આ સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ પ્રવર્તમાન આર્થિક અને રાજકીય સમસ્યાઓનો નિષ્પક્ષપણે અને નિરપેક્ષ દૃષ્ટિકોણથી અભ્યાસ કરવાનો હોવાથી ડૉ. ગાડગીળે ભારતીય અર્થતંત્રનાં વિવિધ પાસાંઓનો અને તેમાં પણ ખાસ કરીને કૃષિવ્યવસ્થા અને સહકારી ક્ષેત્રનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો, જેના પરિપાકરૂપે તેમણે આશરે ૩૭૫ જેટલા સંશોધનલેખો અને છૂટાછવાયા લેખો લખ્યા હતા, જેમાંથી લગભગ ૯૦ જેટલા લેખો મરાઠીમાં પ્રકાશિત થયા હતા. માર્ચ ૧૯૬૬માં ૬૫ વર્ષની ઉંમરે તેઓ ગોખલે ઇન્સ્ટિટ્યૂટમાંથી ઔપચારિક રીતે નિવૃત્ત થયા ખરા, તેમ છતાં છેક અવસાન સુધી માનાર્હ પ્રાધ્યાપક (Professor Emeritus)ની રૂએ તેમનો તે સંસ્થા સાથેનો સંબંધ ચાલુ રહ્યો હતો. દરમ્યાન ૧૯૬૬-૬૭ના ગાળામાં તેમણે પુણે યુનિવર્સિટીના કુલપતિપદે પણ કામ કર્યું હતું. ૧૯૬૭માં ભારતના રાષ્ટ્રપતિએ તેમની રાજ્યસભાના સદસ્ય તરીકે છ વર્ષના કાર્યકાળ માટે વરણી કરી હતી. સપ્ટેમ્બર ૧૯૬૭માં ભારતના આયોજન પંચના ઉપાધ્યક્ષપદે તેમની નિયુક્તિ થઈ અને માર્ચ ૧૯૭૧ સુધી તેમણે આ પદ પર નિષ્ઠાથી અને તન્મયતાથી કામ કર્યું હતું. સ્થાપિત હિતોનાં દબાણને કારણે તેમણે આ પદનું રાજીનામું આપવું પડ્યું હતું અને ત્યાર બાદ તેઓ જ્યારે દિલ્હીથી પુણે જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં પ્રવાસ દરમ્યાન હૃદયરોગના હુલમાને કારણે ૩ મે ૧૯૭૧ના રોજ તેમનું અવસાન થયું હતું.

ડૉ. ગાડગીળે તેમની કારકિર્દી દરમ્યાન ૯૯ પદો પર કામ કર્યું હતું. ૧૯૩૦-૬૬ ગોખલે ઇન્સ્ટિટ્યૂટના નિયામક; ૧૯૨૭-૫૨ દરમ્યાન મુંબઈ યુનિવર્સિટીના સેનેટના સભ્ય, શ્રીમતી નાથીબાઈ ઠાકરસી યુનિવર્સિટી (SNDT)ની સિન્ડિકેટના સભ્ય (૧૯૩૧-૪૦); ૧૯૪૯-૫૮ના ગાળામાં પુણે વિશ્વવિદ્યાલયની એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય; ૧૯૬૬-૬૭ પુણે યુનિવર્સિટીના કુલપતિ – આ બધાં શૈક્ષણિક પદો ઉપરાંત ૧૯૫૨-૬૨ દરમ્યાન ભારતીય રિઝર્વ બૅંકના કેન્દ્રીય નિયામક મંડળના સભ્ય, ૧૯૫૫માં સ્ટેટ બૅંક ઑવ્ ઇન્ડિયાની સ્થાપના થઈ ત્યારથી ઘણાં વર્ષો સુધી તેના મધ્યસ્થ સંચાલક મંડળના સભ્ય; ૧૯૪૦માં ઇન્ડિયન ઈકોનૉમિક અસોસિએશનના અધ્યક્ષ; ૧૯૫૪માં ઇન્ડિયન સોસાયટી ઑવ્ એગ્રિકલ્ચરલ ઈકોનૉમિક્સના પ્રમુખ, ૧૯૬૭-૭૧ આયોજન પંચના સભ્ય, ૧૯૩૭-૪૦ દરમ્યાન બોમ્બે ટેક્સટાઇલ ઇન્કવાઈરી કમિટીના સભ્ય; ૧૯૪૬માં એશિયન રિલેશન્સ કૉન્ફરન્સ ટે સરકારે મોકલેલ ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય; આયોજન પંચની વિવિધ સમિતિઓના સભ્ય અને ચેરમેન, ૧૯૬૩-૬૫ દરમ્યાન કૉ-ઑપરેટિવ ફાર્મિંગ ઇન્કવાઈરી કમિટીના સભ્ય; ૧૯૫૦-૫૨ દરમ્યાન નૅશનલ ઇન્કમ કમિટીના સભ્ય; રાષ્ટ્રસંઘે વિશ્વના અલ્પવિકસિત દેશોના વિકાસની દિશામાં જરૂરી ઉપાય સૂચવવા માટે નિયુક્ત કરેલી સમિતિના સભ્ય; ભારતના ગ્રામવિસ્તારમાં ઋણવ્યવસ્થાની મોજણી કરવા માટે રિઝર્વ બૅંક ઑવ્ ઇન્ડિયાએ નીમેલ કમિટીના સભ્ય; ગ્રામોદ્યોગ અને નાના પાયના ઉદ્યોગોની સમસ્યાઓની તપાસ કરવા માટે ભારત સરકારે નીમેલ સમિતિના સભ્ય - આવાં અને અન્ય ઘણાં પદોની સંખ્યા ૯૯ જેટલી થાય છે. આવી મોટા ભાગની સમિતિઓના અહેવાલ તૈયાર કરવાના કામમાં પણ તેમનો ફાળો નોંધપાત્ર રહેતો હતો.

ભારતનું રાજ્યબંધારણ, અલ્પવિકસિત દેશોની આર્થિક સમસ્યાઓ, ભારતમાં સહકારી ચળવળ, જમીનધારણની ટોચમર્યાદા, ફુગાવો, આર્થિક આયોજન, સોનાધોરણ જેવા અત્યંત મહત્ત્વના વિષયોના અનુસંધાનમાં તેમણે કરેલ ચિંતન અને તેના સંદર્ભમાં તેમણે લખેલા લેખોમાં વ્યક્ત થયેલા તેમના વિચારો પથદર્શક નીવડ્યા છે.

ડૉ. ગાડગીળ*ના પ્રયત્નથી જ ભારતમાં પ્રથમ સહકારી ખાંડ કારખાનાની સ્થાપના થઈ હતી. તેઓ આર્થિક આયોજન, સહકારી પ્રવૃત્તિ અને ગ્રામ તથા નાના ઉદ્યોગોના વિકાસના હિમાયતી હતા. મુક્ત બજાર-વ્યવસ્થામાં તેમને શ્રદ્ધા ન હતી અને તેથી સામાજિક ધ્યેયોની પ્રાપ્તિ માટે બજાર-વ્યવસ્થાનું નિયંત્રણ થવું જ જોઈએ એવી તેમની દૃઢ માન્યતા હતી. ભારતના અર્થતંત્રની ઘણી સમસ્યાઓનું નિરાકરણ સહકારી ચળવળ અને નાના ઉદ્યોગોના વિકાસ દ્વારા કરી શકાશે એવી તેમને શ્રદ્ધા હતી. બધા જ સ્તરે શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવી જોઈએ એવી વિચારસરણીના તેઓ પુરસ્કર્તા હતા. આયોજન પંચના ઉપાધ્યક્ષ તરીકે તેમણે કેન્દ્ર-રાજ્ય સંબંધોની બાબતમાં એક શકવર્તી કામગીરી કરી છે, જેની નોંધ લેવી ઘટે. પંચવર્ષીય યોજનાઓમાં સમાવિષ્ટ કરવામાં આવેલ રાજ્ય સ્તરના કાર્યક્રમોનો અમલ કરવા માટે ભારતીય સંઘનાં ઘટક રાજ્યોને કેન્દ્ર સરકાર તરફથી જે અનુદાન આપવામાં આવતું તેના માટે ઘણા લાંબા સમય સુધી કોઈ વસ્તુનિષ્ઠ ધોરણો નિર્ધારિત કરવામાં આવ્યાં ન હતાં. ડૉ. ગાડગીળે રાજ્યો માટેની આ પ્રકારની કેન્દ્રીય સહાય માટેનાં સરકાર અને આયોજન પંચ દ્વારા ધોરણો નિર્ધારિત કર્યાં, જેનો સ્વીકાર થતાં ૧૯૬૯થી તે અમલી બન્યાં. આ ધોરણોને 'ગાડગીળ ફૉર્મ્યુલા' તરીકે ઓળખવામાં આવે છે, જે આજે પણ મહદ્અંશે અમલમાં છે.

અગાઉ ઉલ્લેખિત એમ. લિટ્. પદવી માટેના મહાનિબંધ ઉપરાંત ડૉ. ગાડગીળનાં અન્ય બે પ્રકાશનો નોંધપાત્ર છે : (૧) 'રેગ્યુલેશન ઑવ્ વેજિઝ ઍન્ડ અધર પ્રૉબ્લેમ્સ ઑવ્ ઇન્ડસ્ટ્રિઅલ

(અનુસંધાન પૃ. ૯૧)

* ૧૯૬૧માં નાગપુર યુનિવર્સિટીએ તથા ૧૯૬૨માં કર્ણાટક યુનિવર્સિટીએ તેમને ઑનરરી ડૉક્ટરેટની પદવી એનાયત કરી તેમનું બહુમાન કર્યું હતું.

ભૂખ અને ઉપદેશ

અશોક હર્ષ

'આનંદ, ગંગામૈયાનો વિશાળ પટમાં વહેતો આ પ્રવાહ બરાબર જોયો ને ?' ભગવાન બુદ્ધે પોતાના પરમ પ્રિય શિષ્ય આનંદને સંબોધીને પૂછ્યું.

'જી હા, ગુરુદેવ !' આનંદે જવાબ આપ્યો. સૂર્યના સોનેરી પ્રકાશમાં એના અસંખ્ય તરંગો જાણે મંદ મંદ સ્મિત વેરી રહ્યા ન હોય !

'આ જગતમાં પ્રાણીમાત્રનું જીવન એવું વૈભવસંપન્ન હોવું જોઈએ.' ભગવાન બુદ્ધ બોલ્યા.

'આ નશ્વર જગતમાં માનવીએ વૈભવ પાછળ દોડાદોડ કરવી એવું તો આપનું કહેવું નથી ને, ગુરુદેવ ?'

'વૈભવ પાછળ દોડાદોડ ન કરવી, પણ જીવનમાં જરૂરી એવી ચીજની કોઈને ઊણપ પણ રહેવી ન જોઈએ.'

'ક્ષમા કરજો, ગુરુદેવ, પણ આજપર્યંત આપે કરેલા ઉપદેશ સાથે આપનું આ વિધાન વિસંગત હોય એમ મને લાગે છે.'

'એમાં ક્ષમા માગવાની કશી જરૂર નથી, આનંદ ! શિષ્ય શંકા ઊભી નહિ કરે તો બીજું કોણ કરશે ?'

ગુરુશિષ્ય વચ્ચે આ સંવાદ ચાલુ હતો ત્યાં સૂર્ય આથમવા આવતાં ભગવાન બુદ્ધે કહ્યું. 'અંધારું પથરાવા માંડ્યું છે, આનંદ. હવે આપણે પાછા ફરવું જોઈએ.'

'પણ, ગુરુદેવ, મારી શંકાનું...'

'સમાધાનને ? એ તો ગમે ત્યારે થઈ શકશે, અત્યારે તો સાયંકાળનો આપણો વિધિ પતાવવો જ વધુ ઉચિત નથી ?'

આનંદે કશો ઉત્તર ન આપતાં ભગવાન બુદ્ધની પાછળ પાછળ મંદ પગલે તે ચાલવા લાગ્યો.

બંને ધર્મશાળામાં પહોંચ્યા, અને તેમની ઓરડીમાં પ્રવેશ્યા. ઓરડીમાંના પથ્થરના એક થાંભલા પર દીવો ટીંગાડેલો હતો. વચ્ચોવચ ભગવાન બુદ્ધ માટેની ઊંચી બેઠક આવેલી હતી. ભગવાન બુદ્ધે તે પર આસન લેતાં બધા શિષ્યો તેમનાં ચરણ પાસે ગોઠવાઈ ગયા. ભગવાને તેમની મધુર વાણીમાં ઉપદેશ શરૂ કર્યો :

'હે ભિક્ષુઓ ! આ જગતમાં વાસના જ દુઃખનું મૂળ છે. આપણું અંતિમ ધ્યેય વાસનાક્ષય કરીને નિર્વાણ પ્રાપ્ત કરવાનું હોવું ઘટે. આપણે આપણા આયુષ્યક્રમને એ માર્ગે વાળવાથી જ નિર્વાણનું અમૃત ચાખી શકીએ તેમ છીએ. એ પછી આ જગતમાં કોઈ પણ સુખ માટેની વાસના આપણામાં રહેવા નથી પામતી. આ પ્રકારે વાસનામુક્તિ થયા પછી આપણને જન્મ, જીવન અને મૃત્યુ બધું જ સ્વપ્નવત્ લાગે છે.'

આ રીતે ભગવાનનું પ્રવચન પૂરું થતાં બધાએ થોડો ફળાહાર લીધો, બાદ સર્વે નિદ્રાધીન થયા.

બીજા દિવસે ફરી સૂર્યોદય થતાં ગંગાના પ્રવાહ અને તેની આજુબાજુના પરિસરને તેનાં કિરણોએ સોનેરી ઓપ આપી દીધો.

'આનંદ ! આજે તો તમે સર્વે આ કાશીક્ષેત્રના નગરવાસીઓને પ્રવચન માટે નિમંત્રણ આપવા જવાના છો ને ?' ભગવાન બુદ્ધ આનંદને સંબોધીને બોલ્યા.

'જી હા, ગુરુદેવ !' આનંદે જવાબ આપ્યો.

અને બધા ખભે ઝોળી લટકાવી હાથમાં દંડ લઈ નગરના પોતપોતાને માટે નિયત થયેલા વિભાગમાં જવા માટે ઊપડી ગયા.

આનંદના ભાગે નગરથી દૂર આવેલા પરામાં નિમંત્રણ આપવાની જવાબદારી આવી હતી. એની સાથે બીજો પણ શિષ્ય રહેવાનો હતો. બંને જણ એ વિભાગમાં ચાલતા ગંગાકિનારે આવ્યા. એ વિભાગમાં વસ્તી બહુ ઓછી હતી. ગંગાકિનારે એક દહેરીની ભીંતને ટેકો દઈ બેઠેલા એક જરાજર્જર આદમીને જોયો. જે ત્યાં બેઠો બેઠો કણસી રહ્યો હતો.

આનંદ અને તેની જોડેનો શિષ્ય એ વૃદ્ધ પાસે પહોંચ્યા.

'દાદા, થોડા સમય પછી બુદ્ધ ભગવાનનું પ્રવચન થવાનું છે, નગરના પશ્ચિમ વિભાગમાં આવેલી ધર્મશાળામાં. તમે પણ આવશોને પ્રવચનમાં ?'

'પ્રવચન ? શાનું પ્રવચન ?' વૃદ્ધે પ્રશ્ન કર્યો.

'બુદ્ધ ભગવાન આજે શાશ્વત સુખના માર્ગ પર બોલવાના છે.' આનંદે જવાબ આપ્યો.

'મને તો અન્ન સિવાય બીજા કશાથી સુખ ઊપજે તેમ નથી. કેટલાય દિવસોનો ભૂખ્યો છું. કંઈ પણ ખાવાનું હોય તો આપો. મને ખૂબ ભૂખ લાગી છે.' વૃદ્ધ કરગરતો બોલ્યો.

આનંદને વૃદ્ધનાં આ વચનો કઠ્યાં. તે પોતાની જોડેના શિષ્ય તરફ ફરીને બોલ્યો : 'અધ્યાત્મનું અમૃત છોડીને આ વૃદ્ધ એની ભૂખની પાછળ જ મંડ્યો રહ્યો છે. એને કર્મદરિદ્રી જ ગણવો કે બીજું કંઈ ?'

'દાદા ! તમે પ્રવચનમાં ચાલો. અમે તમને ચાલવામાં ટેકો આપીશું. અમારા ગુરુદેવનાં વચનામૃત તમારા કાન ઝીલશે તો તમે ભૂખતરસ બધું જ ભૂલી જશો.' આનંદના સાથી શિષ્યે કહ્યું.

'એ શક્ય જ નથી.' વૃદ્ધે કહ્યું, 'અધ્યાત્મનું તમારું એ અમૃત કંઈ મારા પ્રાણ બચાવી નહિ શકે. દેહમાં પ્રાણ ટકાવવા માટે જરૂર છે અન્નની. એ છે તમારી પાસે ? હોય તો મને આપો.'

વૃદ્ધના આ શબ્દો સાંભળી આનંદને ભારે ક્રોધ વ્યાપ્યો. તેણે એ વૃદ્ધને પોતાની કાંધે ઊંચકી લીધો. અને બુદ્ધ ભગવાન પાસે આવી તેને એક ખૂણામાં ઉતારી તે બોલ્યો : 'ભગવાન, કેવો કર્મદરિદ્રી છે આ માણસ, કે અમૃત પ્રાશન જવા દઈને અન્ન માટે વલખે છે !'

'આનંદ, તારા ક્રોધને આવર !' આનંદનાં સંતપ્ત વચનો

સાંભળી બુદ્ધે તેને આજ્ઞા કરી.

આનંદે વિનમ્રતાપૂર્વક આજ્ઞા શિરસાવંદ્ય ગણી ગુરુદેવને વંદન કર્યાં.

'હં, બોલ હવે, શો છે આ બધો મામલો ?'

'ગુરુદેવ ! ભય, હિંસા ને વૈષમ્યથી મુક્તિ અપાવતો નિર્વાણનો અમૃતમય માર્ગ આપે જગતને દર્શાવ્યો. પણ આ વૃદ્ધને મન એની જાણે કંઈ કિંમત જ નથી. નિર્વાણ કરતાં એને અન્ન વધુ કિંમતી લાગે છે. કહે છે, અન્ન મારા પ્રાણ બચાવી શકશે, તમારા ગુરુદેવનું પ્રવચન નહિ.'

એ વૃદ્ધ તો આનંદે જ્યાં ઉતારેલો ત્યાં જ આડો પડી ગયો. ભગવાન બુદ્ધ ઘડીમાં તેના તરફ તો ઘડીમાં આનંદ તરફ જોઈ રહ્યા હતા. બંનેના મુખ પરના ભાવોનું તે બારીક નિરીક્ષણ કરી રહ્યા. તેમણે આનંદે જે કહેલું તે બધું શાંત ચિત્તે સાંભળી લીધેલું, પણ તે પર પોતાનો કશો પ્રતિભાવ વ્યક્ત કરેલો નહિ.

'આનંદ !'

'જી, ગુરુદેવ !' આનંદે મોં નીચે રાખીને જ જવાબ આપ્યો. એ બુદ્ધના મુખ પરના ભાવો જોઈ જબરી ગડમથલમાં પડી ગયો હતો.

'પણે વનમાળી બગીચામાંથી કેળાં લાવ્યો છે ને ?'

'જી હા, ગુરુદેવ !'

'તો જા, એની પાસેથી થોડાંક કેળાં લેતો આવ.'

'જેવી આજ્ઞા, ગુરુદેવ,' કહી આનંદ ચાલતો થયો.

જેવો તે થોડોક આગળ વધ્યો કે ભગવાન બુદ્ધે તેને હાક મારતાં તે પાછો ફર્યો.

'અને જો. પેલું પાત્ર પણ લેતો જા, એમાં નંદકિશોર પાસેથી થોડુંક દૂધ પણ લેતો આવજે.'

આનંદ એક શબ્દ પણ ન બોલતાં પાત્ર ઉઠાવી ચાલી નીકળ્યો.

એના ગયા પછી ભગવાન બુદ્ધ આડા પડેલા એ વૃદ્ધ પાસે ગયા અને એને પડખે બેસી બોલ્યા : 'દાદા ! મારા શિષ્ય તરફથી તમને ભારે ત્રાસ આપવામાં આવ્યો છે, એ બદલ હું ક્ષમા માગું છું.'

વૃદ્ધે કશો જ ઉત્તર આપ્યો નહિ. તેની આંખોમાંથી અશ્રુધારા વહી નીકળી હતી અને તે તેના સૂકા બેસી ગયેલા ગાલને ભીંજવતી આગળ વધતી હતી.

આનંદ ગુરુદેવની આજ્ઞા મુજબ કેળાં અને દૂધ લઈને આવી પહોંચ્યો ત્યારે ભગવાન બુદ્ધને એ વૃદ્ધ સાથે વાતો કરતા જોઈ તેના મનમાં શંકા ગઈ કે પોતે કંઈ ભૂલ તો કરી બેઠો નથી ને ?

'આવી પહોંચ્યો, આનંદ ?' આનંદને જોતાં જ ભગવાન બુદ્ધ બોલી ઊઠ્યા. પ્રવચનનો સમય થવા આવ્યો હોઈ લોકો તે માટે એકઠાં થવા માંડ્યાં હતાં. પણ બુદ્ધનું તે તરફ મુદ્દલ લક્ષ નહોતું. 'લાવ, એ કેળાં ને દૂધ અહીં,' આનંદને એમણે કહ્યું.

આનંદે કેળાં અને દૂધ તેમની સમક્ષ મૂક્યાં.

ભગવાન બુદ્ધે કેળાંની છાલ ઉતારી વૃદ્ધના મુખ સમક્ષ ધર્યું. એક પછી, બીજું, એમ ચારેક કેળાં ખુદ પોતાના હાથે ખવડાવ્યા બાદ પેલા પાત્રમાંથી થોડુંક દૂધ કટોરીમાં રેડી તેને ધીમે ધીમે પાવા માંડ્યા.

આનંદ તો દિગ્મૂઢ બની એ દૃશ્ય જોઈ જ રહ્યો. તેના મુખ પર શંકા અને પશ્ચાત્તાપના મિશ્ર ભાવો તરી ઊઠ્યા.

દૂધ પીતાંપીતાં જ વૃદ્ધને ઝોકાં આવવા લાગ્યાં. નાના બાળકની માફક દૂધનો રેલો તેની હડપચી પર ઊતર્યો.

ભગવાન બુદ્ધે તેને બરાબર સુવાડતાં કહ્યું : 'આજે એમને બરાબર શાંતિની ઊંઘ મળશે.' અને મંદ સ્મિત કરતાં આનંદ તરફ જોયું.

'આનંદ, આજે આપણે પ્રવચન રાખ્યું હતું ને?' તેમણે પ્રશ્ન કર્યો.

'જી હા, ગુરુદેવ.' આનંદે જવાબ આપ્યો.

'એ હવે કાલ પર રાખીશું. એકત્રિત થયેલા સૌની ક્ષમા માગીને એમને આવતી કાલે આ સમયે એકત્ર થવાનું કહી દે.'

'જેવી આજ્ઞા, ગુરુદેવ !'

અને આનંદે એકત્રિત જનસમુદાયને પ્રવચન મુલતવી રાખ્યાનું કહેતાં એક પછી એક ઊઠીને સૌ ચાલવા માંડ્યા.

'કેટલા ઉત્કંઠિત બનીને આજે આ બધા આવ્યા હતા ! ગુરુદેવે એ બધાને આજે નિરાશ કેમ કર્યા એ કંઈ જ સમજાતું નથી.' આનંદ તેની જોડે ઊભેલા બીજા એક શિષ્ય સામું જોઈ ગણગણ્યો.

બધો જનસમુદાય વિખેરાઈ ગયા પછી બુદ્ધે આનંદને પોતાની સમક્ષ બોલાવી કહ્યું : 'આનંદ, આજના મારા વર્તનથી તું ભારે મૂંઝવણ અનુભવી રહ્યો છે એ મારા લક્ષની બહાર નથી. આવ, મારી જોડે બેસ, હું તને તેનું કારણ સમજાવું.'

આનંદ આવીને તેમની સામે બેસી ગયો. બીજા પણ શિષ્યો આવીને ત્યાં ગોઠવાઈ ગયા. મંદાકિનીના શાંત ગંભીર પ્રવાહ જેવો વાક્પ્રવાહ ભગવાનના મુખેથી શરૂ થયો.

'આનંદ, જેનું શરીર ભૂખથી ક્ષીણ અને વ્યાકુળ બનેલું હોય તેનું મન કદી સ્થિરતા અપનાવી શકે ખરું ? આત્મસાક્ષાત્કાર માટે મન અને શરીર બંને મહત્ત્વનાં સાધનો છે. એમની અવહેલના કરવી, એમની કિંમત ઓછી આંકવી, એમને તુચ્છ ગણવાં એ યોગ્ય નથી. રથને આગળ ધપાવવા માટે જેમ બે પૈડાં જરૂરી છે એ જ રીતે આત્મસાક્ષાત્કાર માટે સુદૃઢ શરીર અને સુસ્થિર મન જરૂરી છે. તેં આ વૃદ્ધ પુરુષ પર ક્રોધ કર્યો, એણે અન્નની યાચના કરતાં તું તેને કર્મદરિદ્રી ગણાવવા માંડ્યો. પણ કાલે જ મેં તને શું કહ્યું હતું તે યાદ છે ? આ જગતમાં પ્રાણીમાત્રનું જીવન વૈભવસંપન્ન હોવું જોઈએ, ખરું કે નહિ ?

અને બીજે દિવસે ભગવાન બુદ્ધનું પ્રવચન શરૂ થયું ત્યારે જનસમુદાયની સાથોસાથ પેલો વૃદ્ધ પણ તે સાંભળતા બુદ્ધની પડખે જ બેઠેલો હતો. ❐

ભૂકંપ

ઈજનેરી પાસું

નૌતમભાઈ વખારિયા

નવી સદી અને નવી સહસ્રાબ્દીના પ્રથમ પ્રજાસત્તાક દિન (૨૦૦૧)ની સવારે, શહેરી અને ગ્રામ નાગરિકોના જાન અને માલની તબાહી સર્જતો ભીષણ ભૂકંપ ગુજરાતની ધરતીને ધમરોળતો ગયો. કોઈ પણ ધરતીકંપમાં કેટલી ઊર્જા મુક્ત થઈ છે તે જણાવતો જે આંકડો છે તે આંકડાને રિચર સ્કેલ ઉપરનું માપ (magnitude) કહે છે. આ આંકડો ધરતીકંપની તીવ્રતા નહિ, પણ મુક્ત થયેલી ઊર્જાનું માપ છે. ગુજરાતમાં આવેલા આ ધરતીકંપનું રિચર સ્કેલ ઉપરનું માપ ૬.૯ હતું.* આ માપની ટેક્નિકલ વ્યાખ્યા પ્રમાણે આ આંકડો ૧૦થી વધી શકે નહિ.

આ ધરતીકંપ પછી લોકોનાં મનમાં એ પ્રશ્ન ઘોળાવા માંડ્યો છે કે ભૂકંપને લીધે શા કારણથી કેટલાંક મકાનો ધરાશાયી થઈ ગયાં અને હવે પછી આવા જ માપવાળો ભૂકંપ આવે તો પણ મકાનોને નુકસાન ન થાય તે માટે કેવી જાતની તકેદારી રાખવી? જે ભૂકંપીય માહિતી ઉપલબ્ધ છે તેને લક્ષમાં લઈને ભૂકંપ સામે ટકી શકે તે પ્રમાણેની ઉચિત ડિઝાઈનની ઇમારતો બાંધવી જોઈએ તેવી સભાનતા આવવા માંડે તે આવકારદાયક છે. મકાનોની ડિઝાઈન સાથે સંકળાયેલા ઇજનેરોને સહાયરૂપ થાય તે માટે ભારતીય માનક બ્યૂરો (Indian Standards Institution) નામની સરકારી સંસ્થાએ 'Criteria for Earthquake Resistant Disign of Structures' (IS : ૧૮૯૩-૧૯૭૦)નામની પુસ્તિકા પ્રકટ કરેલી છે, જેમાં ઇમારતોની ડિઝાઈનનાં ધોરણો પ્રસ્થાપિત કરેલાં છે. આ ધોરણોનો ઉદ્દેશ કોઈ કાયદાકીય નિયમો લાદવાનો નથી, પણ તીવ્ર આંચકાવાળા ભૂકંપ સામે ઇમારતો કડડભૂસ થઈને તૂટી ન પડે તેમજ તેને માળખાકીય (structural) નુકસાન ન થાય તે જોવાનો છે. આ પુસ્તિકાની સુધારેલી-વધારેલી ચાર આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ ગયેલી છે. તેમાં છેલ્લા સુધારા ૧૯૯૧માં કરવામાં આવેલા છે.

જનસમુદાયને ભૂકંપને લગતી સામાન્ય પણ વિસ્તૃત જાણકારી આપતો લેખ અગાઉ 'કુમાર'ના સળંગ અંક ૭૮૯માં પ્રકટ થયેલો છે. પૃથ્વીના પેટાળમાં ભૂસ્તરીય ફેરફારોને કારણે ભૂકંપ થાય છે તે વાત તો હવે સર્વવિદિત છે, પણ ઇજનેરી દૃષ્ટિએ આ કઈ જાતની ઊર્જા છે અને ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં ઇમારતો ઉપર તેની શી વિઘાતક અસર પડે છે તેની જાણકારી હોવી જરૂરી છે.

એક જ માપવાળા ભૂકંપમાં પણ જમીનની જુદી જુદી જાત પ્રમાણે તેની જુદીજુદી તીવ્રતાવાળી અસર થાય છે. ડિઝાઈનના સંદર્ભમાં આવી જમીનનું ત્રણ મોઘમ ભાગમાં વર્ગીકરણ કરવામાં આવેલું છે : (૧) પોચી જમીન (૨) સાધારણ કઠણ જમીન અને (૩) સખત કઠણ જમીન. છેલ્લા ૧૦-૧૫ દાયકાઓમાં જુદા જુદા પ્રદેશોમાં થયેલા ભૂકંપોનો અભ્યાસ કરીને, સંભવિત ભૂકંપીય બળ (force) દર્શાવવા માટે ભારતને પાંચ ઝોનમાં વહેંચી નાખવામાં આવેલ છે. ભૂકંપમાંથી વછૂટેલી ઊર્જાને કારણે અમુક સ્તરવાળી જમીન ઉપર તેની તીવ્રતા કેટલી હતી તે નક્કી કરવા માટે કોઈ વૈજ્ઞાનિક યંત્ર શોધાયું નથી, પણ ભૂતકાળમાં થયેલા ભૂકંપની અસરોને લક્ષમાં લઈને તેનું સામાન્ય વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આ વર્ગીકરણના આધારે જે તે પ્રદેશ માટેની તીવ્રતા નક્કી થાય એટલે તેને માટેનો 'Horizontal Seismic Coefficient' (ભૂકંપીય ગુણાંક) વૈજ્ઞાનિક રીતે નક્કી કરવામાં આવ્યો છે. આ ગુણાંક મકાનની ડિઝાઈનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કયો ગુણાંક ક્યાં લાગુ કરવો તે ઘણી બાબતો ઉપર નિર્ભર છે તેથી દરેક સ્થળ માટે તેનો આડેધડ ઉપયોગ થઈ શકે નહિ, પણ મકાનની ડિઝાઈન સાથે સંકળાયેલા ઇજનેરો પોતાની આવડત અને અનુભવના આધારે લાગુ પડતો ઉચિત ગુણાંક નક્કી કરી શકે છે. ભારતીય માનક બ્યૂરોએ પ્રસિદ્ધ કરેલી પુસ્તિકામાં રહેણાકનાં મકાનો, બહુમાળીય ઇમારતો, પુલો, ડેમ, પાળા એમ બધી જાતનાં બાંધકામો માટે માર્ગદર્શક સિદ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલા છે, પણ આ લઘુલેખમાં આપણે તો અહીં માત્ર રહેઠાણનાં મકાનો તથા ફ્લૅટો માટે ચર્ચાને સીમિત રાખીશું.


ભૂકંપનો ગુણાંક નક્કી કરવા માટે મહત્ત્વનાં બે પાસાંઓની માહિતી મેળવવી પડે : (૧) જે સ્થળે મકાન બાંધવાનું છે તે કયા ઝોનમાં આવેલું છે અને (૨) આ જગ્યાએ જમીનની દબાણ-વહન- શક્તિ કેટલી છે? ભારતના પાંચ ભૂકંપીય ઝોન બતાવતો નકશો (આકૃતિ-૧) તથા ભારતમાં સામાન્ય રીતે કઈ જાતની જમીન છે તે દર્શાવતો નકશો (આકૃતિ-૨) અહીં આપેલ છે. આ બન્ને નકશામાં આપેલી માહિતી સાંકળવાથી ભૂકંપનો ગુણાંક નક્કી થઈ શકે છે. આકૃતિ એકમાં બતાવેલા પાંચ ઝોનમાં ભૂકંપની તીવ્રતા તેને માટેનો સંભાવ્ય ભૂકંપીય ગુણાંક તથા તેની વ્યાખ્યા દર્શાવતા બે કોઠા નીચે આપેલા છે :

કોઠો - ૧

ઝોન	તીવ્રતા	ભૂકંપીય ગુણાંક
૧	૫ અથવા ઓછી	૦.૦૧
૨	૬	૦.૦૨
૩	૭	૦.૦૩
૪	૮	૦.૦૪
૫	૯	૦.૦૫

* ટેક્નિકલ વ્યાખ્યા : The magnitude of an earthquake shall be the logarithm to base 10 of the maximum trace amplitude, expresed in microns, with which the standard short period torsion seismometer (with a period of 0.8 seconds, magnification 2800 and damping nearly critical) would register the earthquake at an epicentral distance of 100 km.


આકૃતિ ૧



કોઠો - ૨

૧	કંપન અનુભવાય નહિ. માત્ર સિસ્મોગ્રાફ યંત્ર ઉપર જ તે નોંધાય.
૨	ઉપરના માળે અને બેઠેલા થોડા માણસો જ કંપન અનુભવે.
૩	કંપન ઘરની અંદરના માણસો જ અનુભવે, બહારના નહિ.
૪	ભારે ટ્રક જતી હોય તેવું કંપન અંદરના અને બહારના બધા માણસો અનુભવે.
૫	સૂતેલા માણસો પણ જાગી જાય. પ્રાણીઓ પણ અજંપો અ ુભવે.
૬	દહેશત અને ગભરાટ ફેલાય. મકાનોમાં તિરાડો પડે અને નુકસાન થાય.
૭	ઊંચાં અને નબળાં મકાનો તૂટી પડે. જમીનો ધસી પડે. રસ્તા અને પાઈપોમાં પણ ભંગાણ પડે.
૮	વાહનોમાં મુસાફરી કરતાં માણસો પણ કંપન-અનુભવે. ઘણાં મકાનો તૂટી પડે.અંધાધૂંધી સર્જાય.
૯ થી ૧૨	મકાનો ધરાશાયી થાય, પશુઓ આમતેમ ભાગવા માંડે. તારાજી સર્જાય, પુલો, ડેમ, રેલવે, પાઈપો-બધાંમાં ભંગાણ પડે, જમીનમાં આડી અને ઊભી તિરાડો પડે. જમીનની સપાટીમાં ભારે ફેરફારો થાય. નદીઓનાં વહેણ ફંટાઈ જાય.

આકૃતિ ૨



ભૂકંપને કારણે ઈમારતમાં આડા (horizontal) અને ઊભા (verticle) એમ બન્ને પ્રકારનાં બળો (force) પેદા થાય છે. કૉન્ક્રિટનાં મકાનમાં ઊભાં બળોની બહુ વિઘાતક અસર હોતી નથી, કારણ કે કોન્ક્રિટ દબાણ (compression)માં અને લોખંડ ખેંચાણ (tension)માં મજબૂત હોય છે અને મોટા ભાગે આ વધારાનાં બળોની તે સંભાળ લઈ લે છે. ખરી અસર આડા પરિબળને લીધે થાય છે. તેને કારણે ઈમારતને બાજુના પડખામાંથી કોઈ દબાણ કરી રહ્યું હોય તેવી અસર થાય છે. આ બળનો સામનો કરવા માટે ભૂકંપીય ગુણાંકનો ડિઝાઈનમાં ઉપયોગ કરવાથી જે તે ઈમારત ભૂકંપ સામે ટકી રહે છે. અમદાવાદમાં તૂટી પડેલાં મકાનો માટે

નીચેની એક અથવા વધારે ત્રુટિઓ કારણભૂત હોઈ શકે :

(૧) ડિઝાઈનની ખામી : બહુમાળી મકાનોની ડિઝાઈનમાં ભૂકંપીય પરિબળને લક્ષમાં ન લેવાયું હોય.

(૨) પાયામાં દુર્લક્ષ : પાયાની માટીની દબાણવહન શક્તિનું ખરું માપ ન કાઢ્યું હોય.

(૩) ક્ષતિયુક્ત ગણતરી : RCCની ડિઝાઈન અને તેમાંય ખાસ કરીને ફૂટિંગ(પાયામાં નીચેના પહોળા તળથી ઉપર સાંકડા ચણતર સુધીની ડિઝાઈન)ની ડિઝાઈનમાં કચાશ હોય અને પાર્કિંગના પિલરોમાં જમીનને સમાંતર બ્રેસિંગ (અડોઅડતા)નો અભાવ હોય.

(૪) ખરાબ બાંધકામ : ખરાબ કે ઓછો સિમેંટ વપરાયો હોય અને લાંખંડમાં ખોટી બચત કે ચોરી કરી હોય.

હિમાલયની ગિરિમાળા, ગંગા-જમુનાનો મેદાની પ્રદેશ તથા કચ્છ અને સૌરાષ્ટ્રના પ્રદેશો ભૂસ્તરીય દૃષ્ટિથી હજુ અસ્થિર છે. આને કારણે ઉદ્‌ગમબિંદુ (epicentre)માંથી નીકળતા ભૂકંપના તરંગો ભારતમાં હંમેશા પશ્ચિમથી પૂર્વ તરફ અને અગ્નિ કે ઈશાન ખૂણા તરફ પ્રસરતા હોય છે. ગુજરાતમાં ધરાશાયી થયેલાં મકાનો જોશો તો જણાશે કે મોટા ભાગનાં મકાનો પશ્ચિમથી પૂર્વ તરફ ઢળી ગયાં છે. આ હકીકતને લક્ષમાં રાખતાં ગુજરાતનાં હવે પછીનાં બાંધકામો માટે નીચે મુજબની ભલામણો કરી શકાય :

(૧) સિમેંટના કૉલમ પાર્કિંગ માટે જ્યાં ઉઘાડા હોય ત્યાં તેમને પશ્ચિમથી પૂર્વ તરફ આડા બીમથી (bracing) જોડવા. જૂના અમદાવાદ શહેરમાં મકાનો અડોઅડ હોવાથી ઓછું નુકસાન થયું છે.

(૨) ઊંચાં મકાનો એક બાજુ લટકતાં (કૅન્ટિલિવર) અને ઉપરના છેડે આધાર વગરનાં હોય તે રીતે કામ કરે છે. આવાં બહુમાળી મકાનોની ડિઝાઈન ભૂકંપનાં પરિબળોને ધ્યાનમાં રાખીને જ કરવી જોઈએ. આમાં જરા પણ છૂટછાટ ન ચાલે.

(૩) પાર્કિંગમાં ઈશાન, અને અગ્નિ ખૂણામાં તથા તેમને જોડતી પશ્ચિમ દિશામાં પાયાથી પહેલા માળના બીમને આધાર આપે તે રીતે પાકી અને જાડી દીવાલો કરવી.

(૪) કમાનો ભૂકંપના આડા બળનો સામનો કરવા માટે સૌથી વધુ કમજોર હોય છે તેથી ઈંટોની કે પથ્થરની કમાનો કરવાનું ટાળવું.

(૫) ગારાની કે રબલ (પથ્થરના ટુકડા)ના ચણતરની દીવાલો કરવી નહિ. સૌરાષ્ટ્રમાં હજુ પણ કોઈ કોઈ જગ્યાએ રબલનું ચણતર કરવાનું ચલણ છે.

ડિઝાઈન ઍન્જિનિઅરોને ઉપયોગી થાય તે માટે ભારતનાં પ્રમુખ શહેરોનો ભૂકંપીય ગુણાંક નીચેના કોઠામાં આપેલ છે :

કોઠો - ૩

ગ્રામ	ઝોન	ભૂકંપીય ગુણાંક	ગામ	ઝોન	ભૂકંપીય ગુણાંક
આગ્રા	૩	૦.૦૪	જબલપુર	૩	૦.૦૪
અમદાવાદ	૩	૦.૦૪	કાનપુર	૩	૦.૦૪
અમૃતસર	૪	૦.૦૫	લખનઊ	૩	૦.૦૪
બૅંગલોર	૧	૦.૦૧	ચેન્નાઈ	૨	૦.૦૨
વડોદરા	૩	૦.૦૪	મૈસૂર	૧	૦.૦૧
ભોપાળ	૨	૦.૦૨	નાગપુર	૨	૦.૦૨
ભુવનેશ્વર	૩	૦.૦૪	પંજીમ(ગોવા)	૩	૦.૦૪
મુંબઈ	૩	૦.૦૪	પટણા	૪	૦.૦૫
કોલકટા	૩	૦.૦૪	પુણે	૩	૦.૦૪
ચંદીગઢ	૪	૦.૦૫	રાયપુર	૧	૦.૦૧
દહેરાદૂન	૪	૦.૦૫	શિમલા	૪	૦.૦૫
દિલ્હી	૪	૦.૦૫	સુરત	૩	૦.૦૪
હૈદરાબાદ	૧	૦.૦૧	તિરૂઅનંતપુરમ્	૩	૦.૦૪
જયપુર	૨	૦.૦૨	ઉદેપુર	૨	૦.૦૨

ધ્યાનમાં રાખવા જેવી સૌથી મહત્ત્વની બાબત એ છે કે ભૂકંપની આગાહી થઈ શકતી નથી અને તેથી અફવાઓથી જરા પણ દોરવાવું જોઈએ નહિ. ઉદ્‌ગમબિંદુ તો તેની વ્યાખ્યા પ્રમાણે જ નિશ્ચિત અને તેથી સ્થિર જગ્યા છે અને તેથી તે ખસતું નથી. ભૂતકાળમાં થયેલા ભૂકંપના અનુભવ અને અભ્યાસથી અનુમાનો કરી શકાય. હા, તકેદારીનાં પગલાં અવશ્ય લેવાં જોઈએ, પણ વહેમ અને અજ્ઞાનથી અવૈજ્ઞાનિક રસમ અપનાવવાની બિલકુલ જરૂર નથી. હજુ ક્યાં સુધી આપણે ગણેશજીને દૂધ પિવરાવ્યા કરીશું ? ❒

રિચર અને રિચર સ્કેલ

ચાર્લ્સ ફ્રાન્કાઈસ રિચરનો જન્મ ૨૬ એપ્રિલ, ૧૯૦૦ના રોજ થયો હતો. ૧૯૨૭માં તેમણે કૅલિફોર્નિયામાં પાસેધનામાં સિસ્મોલૉજિકલ લૅબમાં કામગીરી શરૂ કરી હતી. ૧૯૨૮માં તેમણે કૅલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ખાતેથી થીઅરેટિકલ ફિઝિક્સમાં ડૉક્ટરેટ મેળવી હતી.

૧૯૩૬થી ૧૯૭૦ વચ્ચે કાલકેટ ખાતે સિસ્મોલૉજિકલ લૅબોરેટરીમાં તેઓ પ્રોફેસર હતા. ભૂકંપની તીવ્રતા માપવા માટે તેમણે લોકલ મૅગ્નિટ્યૂડ સ્કેલની ફૉર્મ્યુલા શોધી હતી. ૧૯૫૮માં રિચરે પ્રાથમિક સિસ્મોલૉજીનું પ્રકાશન કર્યું હતું. તેમણે અખબારી માધ્યમોને ભૂકંપના પ્રમાણ અને તીવ્રતાની સમજૂતી આપી હતી. ૧૯૮૫માં કૅલિફોર્નિયામાં આલ્ટાડેનામાં ૮૫ વર્ષની વયે તેમનું અવસાન થયું.

૧૯૩૫માં શોધાયેલા સ્કેલનું નામ કૅલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટેક્નોલૉજીના આ ભૌતિકશાસ્ત્રી ચાર્લ્સ એફ. રિચરના નામ ઉપરથી પડાયું છે. ચાર્લ્સે ૧ વર્ષમાં ૨૦૦ ભૂકંપોનો અભ્યાસ કર્યા પછી શોધેલી પેટર્ન બાદ સ્કેલની શોધ કરી હતી.

રિચર સ્કેલ વધુ યથાર્થ અને ભૂકંપની જથ્થાત્મક તીવ્રતા માપવાનું એકમ છે. એક વાર સ્કેલ શરૂ થયા બાદ તેની કોઈ મહત્તમ મર્યાદા હોતી નથી. પ્રત્યેક એકમ અગાઉના એકમ કરતાં ૧૦ ગણો મોટો હોય છે. ગણિતશાસ્ત્રીઓ સ્કેલ ઉપર આંકડા ગોઠવવા લઘુગણક તરીકે આ પદ્ધતિનો ઉપયોગ કરે છે.

દૃષ્ટાંત તરીકે ૫.૩ની તીવ્રતાવાળો ભૂકંપ મધ્યમ ગણી શકાય, જ્યારે ૬.૩ની તીવ્રતાવાળો ભૂકંપ વિનાશક કહી શકાય.

'કુમાર'ના પરદેશના લવાજમનો દર

પરદેશમાં હવાઈમાર્ગે 'કુમાર' મોકલવાનું વાર્ષિક લવાજમ ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ અથવા ભારતના રૂ.૧૦૦૦/- છે. લવાજમનો ચેક/ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિ.' એ નામે લખવા વિનંતિ છે.



સંગીતશાસ્ત્ર – ૪૬



ડૉ. હસુ યાજ્ઞિક


ગિટાર-વાયોલિન અને સરોદ-સંતૂર

ગિટાર પશ્ચિમનું વાદ્ય છે. પરંતુ હવાઈન ગિટારને બારથી તાર દાબીને વગાડતાં મીંડ-ગમક નીકળે છે, અને એથી ભારતીય શાસ્ત્રીય સંગીતમાં પણ ઉપયોગી બન્યું છે અને વિશ્વમોહન ભટ્ટ જેવા કલાકારે એને શાસ્ત્રીય સંગીતના સ્વતન્ત્ર અને પૂર્ણવાદનમાં સિદ્ધ કર્યું છે. એકોસ્ટિક ગિટારમાં તારને ઘોડી મૂકીને ઊંચા કરવાથી, નીચેના દંડની ફ્રેટ એટલે કે પડદાનો સ્પર્શ થતો નથી. એના તાર પર જમણા હાથના અંગૂઠામાં અને આંગળીમાં થમ્બપિક અને ફિંગરપિક પહેરીને તાર પર આઘાત આપીને રણકતો કરી, તાર પર લોખંડની ઊભી પટ્ટી કે સળિયાનો ટુકડો એટલે કે બાર મૂકીને, તે બારને આગળ-પાછળ ચલાવીને વિવિધ શ્રુતિઓ અને સ્વરો લઈ શકાય છે. બીજાં વાદ્યોમાં જે કામ ડાબા હાથની આંગળીઓ કરે છે, તે કામ આ વાદ્યમાં લોખંડનો બાર કરે છે. બારનો નીચેનો ભાગ જ રણકતા તારને વજન વગર જ માત્ર સ્પર્શે છે અને આગળ-પાછળ જઈને રણકતા તારની લંબાઈમાં વધારો-ઘટાડો કરે છે. અને તેથી વિવિધ શ્રુતિઓ અને સ્વરો લઈ શકાય છે. આ રીતે બારથી સ્વર લેવાથી એક સ્વરથી બીજા સ્વર પર જતાં અવાજ તૂટતો નથી અને એક શ્રુતિમાં જ અનુગામી શ્રુતિઓ ભળતી જાય છે. એથી સ્વરોની ગમકયુક્ત મીંડપ્રધાન ગૂંથણી મધુર લાગે છે. એમાં છ જેટલા તાર હોય છે અને એક જ તાર ૧૯ + ૧ ખુલ્લો = ૨૦ સ્વર આપે તે રીતે ૨૦ x ૬ = ૮૦ સ્વરો સહેલાઈથી વગાડી શકાય છે. આમ, લગભગ પોણા સાત સપ્તક જેટલી એની સામાન્ય રેન્જ છે અને વિશેષ પ્રયત્ને એથી આગળના સ્વર પણ લઈ શકાય છે. સિતાર-સરોદ જેમ એમાં જોડના તારમાં ચિકારીનો લાભ લેવો હોય તો પણ લઈ શકાય અને ગતના જોડ-ઝાલા પણ વાગી શકે. આમ, ગાયકી અને ગત બન્ને પ્રકાર માટે આ વાદ્ય અનુકૂળ બને છે. છ તારને કારણે મંદ્રાતિમંદ્ર સપ્તકથી અનુતાર સુધીના સ્વરો લઈ શકાય છે. આથી મંદ્રમાં શોભતા રાગના આલાપ પણ સુંદર રીતે લઈ શકાય અને મધ્ય તથા તાર સપ્તકના ગતિશીલ ટુકડાઓ, તાન કે તેના તોડાઓ પણ લઈ શકાય છે. શ્રી વિશ્વમોહન ભટ્ટે પશ્ચિમના આ વાદ્યમાં કેટલાક સુધારા કર્યા અને એને મોહનવીણા એવું નામ આપ્યું. મૂળ તો આ વાદ્ય પશ્ચિમનું અને ચર્ચના સંગીતમાં બાળકથી માંડીને વૃદ્ધ સુધીનાં સ્ત્રી-પુરુષો ગાતાં હોય તેમનાં ગળાં સાથે મેળ લેવા માટે છ-તારનું વાદ્ય અસ્તિત્વમાં આવ્યું અને તેની રેન્જ-સ્વરસપ્તકનો વિસ્તાર વ્યાપક હોવાથી તથા ગમકમીંડ અને જોડ-ઝાલા બન્નેમાં તે અનુકૂળ હોવાથી આ વાદ્યને ભારતીય શાસ્ત્રીય રાગસંગીતમાં પણ વિશિષ્ટ સ્થાન મળ્યું.

આવું જ વાયોલિન જેવા વાદ્યમાં બન્યું છે. એ પણ પશ્ચિમનું જ ચાર તારવાળું અને ગજથી વાગતું વાદ્ય છે. હાથમાં પકડીને વગાડી શકાય એવું આ વાદ્ય પણ હસ્તાવલંબિત હોવાથી રામણહથ્થુ વાદ્ય છે, પરંતુ એને ઉત્ક્રાન્તિની દૃષ્ટિએ 'રાવણહથ્થા'માંથી ઊતરી આવેલું કહી શકાય નહીં. તુંબ અને દંડ વીણાકુળમાં મુખ્ય છે તે અહીં ભિન્ન રીતે છે. વાયોલિનનું પેટ - બેલી – જ મોટામાં મોટો ભાગ છે અને તેના ઉપર જ ફિંગરબોર્ડ છે. સોળમી સદીમાં ક્રેમોના નામના ઇટલીના શહેરમાં જન્મેલું આ પશ્ચિમી વાદ્ય છે. ક્રેમોનાનો અમાતી પરિવાર પણ આ વાદ્ય બનાવતો. એ પછી ગૅારનેરી અને સ્ટ્રાડીવારી નામના પરિવારે વાયોલિન બનાવ્યું. આ પછી ફ્રાન્સ, જર્મની અને બ્રિટનમાં તે બન્યાં. અંગ્રેજોના એશિયાપ્રવેશ પછી ચીન, જપાન, અને ભારતમાં પ્રચલિત બન્યાં અને બનવા લાગ્યાં. આજે કલકત્તામાં વાયોલિન બને છે.

વાયોલિનનું મુખ્ય અંગ બેલી પાઈનવૃક્ષના લાકડામાંથી બને છે. એના ઉપરના પાટિયામાં અંગ્રેજી મૂળાક્ષરના સામસામે મોઢા કરેલા 'S' હોય છે. ઉદરનો પાછળનો ભાગ સાયકામોર જેવા સખત લાકડાનો બનેલો હોય છે. એ બહારની બાજુ ઊપસતો હોય છે. વચ્ચે પહોળી પટ્ટીથી બે પાટિયાં જોડીને ખોખું થાય છે. તેમાં ધ્વનિ ગુંજારવ પામી પડઘાય છે. આથી વાયોલિન પણ એકોસ્ટિક ઇન્સ્ટ્રુમેન્ટ છે. ઉપરની ઘોડી પર ચાર તાર ટેકવાય છે. ઘોડીના પાયા નીચે જ ઊભી લાકડી એના પેટમાં હોય છે જેને 'સાઉન્ડપોસ્ટ' કહે છે. તારનાં આંદોલન ઘોડીમાં આવે છે અને સાઉન્ડપોસ્ટમાંથી તે બેલીમાં ગુંજારવ પામે છે. ઘોડીમાં ઉપર તાર ટેકવાય છે તે ભાગ જેમ પાતળો તેમ તાર માત્ર આધાર પૂરતા જ ટેકવાય અને અવાજ ખુલ્લો આવે. બ્રીજ/ઘોડી ઉપર ચાર છિદ્રોવાળું ટેઈલપીસ હોય છે. જેના ચાર તારનો છેડો બંધાય છે. એ ટેઈલપીસ પાછળના બટનથી બંધાયેલો રહે છે. બોડી પર ફિંગરબોર્ડ હોય છે તેના છેડે તારદાની અને બન્ને બાજુએ બે બે મળીને કુલ ચાર તારની ચાવીઓ હોય છે. આ ચાવીથી તારને ખેંચી શકાય છે. ટેઈલપીસમાં એજસ્ટરના સ્ક્રૂથી તારના ખેંચાણમાં થોડી વધઘટ કરીને, ચાવી ફેરવ્યા વગર, સ્વર મેળવી શકાય છે. તારદાનને સ્ક્રોલ કહે છે. તેની પાછળના ભાગમાં અંગૂઠા અને પહેલી આંગળીવાળો ડાબા હાથનો પંજો ગોઠવીને આગળની ત્રણ આંગળીઓ ફિંગરબોર્ડ પર દાબીને તાર પર જુદા જુદા સ્વર લઈ શકાય છે. ગજ ચલાવતાં તારમાં આંદોલન જન્મે છે અને તાર જે સ્વરમાં મેળવ્યો હોય તે સ્વર વાગે છે. એ પછી પહેલી આંગળી તાર પર મૂકતાં તારની લંબાઈ ઘટે છે અને પછીનો સ્વર વાગે છે. બીજી અને ત્રીજી મૂકતાં તે પછીના બે સ્વર વાગે છે.

આમ, એક જ તાર પર ખુલ્લા તારમાં મેળવેલો સ્વર અને તે પછીના ત્રણ આંગળીથી તે પછીના ત્રણ સ્વર એમ કુલ ચાર સ્વર આંગળીથી વાગે છે. એ પછીનો પાંચમો સ્વર પછીના તારમાં મેળવેલો હોય છે. આમ, દરેક તારવચ્ચે ચાર સ્વરનું અંતર હોય છે.



આમ મ સા પ રેં એમ સ્વર ગોઠવી શકાય છે, પરંતુ વગાડનાર પોતાની અનુકૂળતા અને હેતુ પ્રમાણે સ્વર મેળવે છે. પાશ્ચાત્ય સંગીત પ્રમાણે આ તાર G.D.A.E એટલે કે પ,રે,ધ,ગં એ ક્રમના છે. ચોથો નીચામાં નીચા સ્વર મંદ્ર પંચમનો છે. તેમાં ખુલ્લો તાર અને ત્રણ આંગળી મળીને પ ધ નિ સા એ સ્વર વાગે અને એ પછીના તાર. ક્રમાંક ૩માં રે,ગ,મ,પ, તાર ક્રમાંક ૨માં ધ,નિ,સાં,રેં, અને છેલ્લે ક્રમાંક ૧ના તારમાં ગં,મં,પં,ધં વાગે. આમ ગોઠવણ જ એવી છે કે ખુલ્લો તાર અને ત્રણ આંગળીથી ચાર સ્વર વાગે ને પાંચમો પછીના તારમાં મળે ને એ ક્રમ આગળ વધતાં ચાર તારનાં નીચેનાં આંગળીની સ્વાભાવિક અને સહેલી એવી પહોંચમાં જ મંદ્રસપ્તકના પંચમથી શરૂ કરીને તે છેક તાર સપ્તકના ધૈવત સુધીના કુલ ૧૬ સ્વર લઈ શકાય. જોકે દરેક તારમાં ત્રીજી આંગળી પછી હાથ ઊંચો લઈ જઈને તારની ઉપરની ત્રણ જગ્યાએ આંગળી દાબીએ તો પહેલા જ તારમાં પ થી તે ધ સુધી જઈ શકાય, બીજામાં સા-થી રેં (અતિતારના રે સુધી) અને ત્રીજામાં સાં (તાર પછીના ત્રીજા તારના ષડ્જ સુધી) અને ચોથામાં ગંથી પં સુધી જઈ શકાય. પાશ્ચાત્ય સ્ટ્રિંગ G.D.A.E એટલે કે પ,રે, ધ ગ છે, પરંતુ ભારતીય સંગીતને અનુસરીને તે Gનો તાર પને બદલે એક સ્વર નીચે મંદ્ર મધ્યમાં, Dનો તાર 'રે'ને બદલે એક સ્વર નીચે 'સા'માં, ત્રીજો Aનો તાર એક સ્વર નીચે 'ધ'ને બદલે 'પ'માં અને E એટલે ગ - નો તાર એક સ્વર નીચે રેમાં મેળવવામાં આવે છે. આથી મ,સાં,પ,રે એ ક્રમમાં તાર મેળવાય છે. તે ફિલ્મસંગીત, હળવા સંગીતમાં અનુકૂળ છે. પરંતુ શાસ્ત્રીય ગાન માટે તો સામાન્ય રીતે મ,સા,પ,સાં, અથવા પ,સા,પ,સાં અથવા પ,સા,પ,સાં એવી રીતે મેળવાય છે. છેલ્લો તાર ષડ્જ હોવાથી જોડ-ઝાલા લેવાં હોય તો અનુકૂળ રહે છે.

પરંતુ ગાયકીઅંગથી વગાડવું હોય ત્યારે તો ગમક-મીંડથી સ્વરો લેવા માટે એક જ તાર પર સ્વરનો સળંગ સિલસિલો રાખવો પડે છે. આથી તાર પર બહુ ખેંચ ન હોય તો આંગળી સરળતાથી દાબી શકે. આ માટે સા,પ,સા,પ એવી રીતે તાર મેળવાય છે. મંદ્ર સપ્તકના ષડ્જ સુધી અહીં નીચે ઊતરી શકાય છે અને તારના સ્વરસ્થાન સમાન રહે છે. અને સવાલ-જવાબની રીતે સમાન કે જવાબી એવા સ્વરો મંદ્ર અને મધ્ય એ બન્ને સપ્તકના સ્વરોમાં લેવા હોય તો લઈ શકાય છે. સ્વરની આ પ્રકારની મેળવણીથી સિતાર, ગિટાર અને સરોદની જેમ વાયોલિનવાદક પૂરા મંદ્રસપ્તકનો લાભ લઈ શકે છે. સ્વર પર અને વાદન પર પૂર્ણ પ્રભુત્વ મળ્યા પછી જ આ પદ્ધતિએ તાર મેળવવાનું અનુકૂળ રહે છે. આરંભમાં તો મ,સા,પ,રેં અથવા પ,સા,પ,સાં એવો જ ક્રમ અનુકૂળ રહે છે.

વાયોલિનનું ગજચાલન પણ ખૂબ મહત્ત્વનું છે. અંગુલિકાર્ય અને ગજચાલન પરસ્પર સંકળાય ત્યારે જ વાદ્ય પૂરો જવાબ આપે છે. અહીં સ્વરસ્થાનના પડદા નથી. સારંગી અને સરોદની જેમ ફિંગરબોર્ડ પર સ્વરનું અંતર પારખીને આંગળા ચલાવવાની હોય છે. તેથી સ્વરજ્ઞાન હોય તો જ બસૂરાપણાથી વાદક બચી શકે છે. પશ્ચિમના વાદકોનું ગજચાલન ઉત્તમ હોય છે. વિવિધ ટેકનિકનો એમાં ઉપયોગ થાય છે. એક જ ગજમાં વિવિધ સમયમૂલ્ય ધરાવતા સ્વરોને લેવામાં ગજચાલન જ સહાયક બને છે. અંગુલિકાર્ય અને ગજચાલનમાં વિશિષ્ટ ટેકનિક અજમાવીને જ ગાયકીઅંગ વાયોલિનમાં ઊતરી શકે. ડૉ. એન. રાજમે એમના ગુરુ પં. ઓંકારનાથની ગાયકીને હૂબહૂ રૂપમાં ઉતારી છે અને તે માટેની વિશિષ્ટ ટેકનિક વિકસાવી છે. પં.વી. જી. જોગ ઠુમરી જેવા ગાયકીઅંગમાં વગાડે છે તે સાથે જોડ-ઝાલા પણ કરે છે. એમણે ગતશૈલી સારી રીતે હસ્તગત કરી છે. દક્ષિણ ભારતીય કર્ણાટકી શૈલીમાં સ્વરને આંદોલિત રીતે લેવામાં આવે છે, આથી તે શૈલીમાં ઉત્તમ વાયોલિન-વાદકો છે.

માત્ર ચાર તાર પર જ કામ કરવાનું છે અને તે નાનો અવાજ ધરાવતું વાદ્ય છે. તેથી સ્વરલગાવ અને લય પર પૂર્ણ કાબૂ મળ્યા પછી જ શ્રવણમધુર વાદન સિદ્ધ થઈ શકે છે. આ વાદ્યમાં તરફ બેસાડી શકાતા નથી. પં.વી.જી. જોગે કેટલાક સુધારા કરીને તરફ તરબના તારવાળું વાયોલિન બનાવવાના પ્રયોગ કર્યા છે. આ સુધારેલી આવૃત્તિને બેલાબહાર એવું નવું જુદું વાદ્યનામ અપાયું છે. જોકે એના સાંકડા ફિંગરબોર્ડ નીચે તરબના તારની અનુકૂળ જગ્યા જ નથી એથી અપવાદરૂપ વાદકો જ આવા સુધારેલા બેલાબહારનો ઉપયોગ કરે છે.

સરોદ પણ વીણાના કુળનું વાદ્ય છે. વીણામાંથી સિતાર અને રબાબ જેવાં વાદ્યો વિકસ્યાં તેમ આ વાદ્ય પણ વિકસ્યું. રબાબમાં તાંત હોય છે, જ્યારે સરોદમાં સ્ટીલ અને પંચધાતુના તારનો ઉપયોગ થાય છે. આ વાદ્ય શંકુ આકારનું છે. એનો કોઠીનો ભાગ પહોળો હોય છે. એની સાથે વાદનક્ષેત્રનો ભાગ જોડાયેલો હોય છે. તેના પર પિત્તળની પ્લેટ હોય છે. આ વાદ્યમાં પણ મુખ્ય ચાર તાર અને ચિકારીની જોડ એમ છ તાર હોય છે અને તે મુખ્ય કોઠી પરની હાથીદાંતની ઘોડીમાંથી પસાર થાય છે. તરબના તાર તેના દાંતામાંથી પસાર થાય છે. પહેલો સ્ટીલનો તાર મ - માં, બીજો સ્ટીલનો તાર સા-માં, ત્રીજો પંચધાતુનો પ - માં અને ચોથો પણ પંચધાતુનો

(અનુસંધાન પૃ. ૧૧૩)



સંમુખ સાગરમઠ-૨૨

ભૂમિ-સ્તરની નાજુકાઈ

—— પ્રીતિ સેનગુપ્તા ——

હાંફતી હાંફતી જતી હોય તેમ બસ વળી પાછી ચાલવા માંડી. પંકચર પડ્યા પછી એના 'સ્વાસ્થ્ય' (!!) અંગેની અનિશ્ચિતતા વધી હતી. 'ચલતી કા નામ ગાડી' જેવી અવસ્થા હતી ! યુ જાલ ગાઈડ તો એવો જ ઊંઘરેટો રહ્યો, પણ લાન્ગ વાન્ગ વુઈ ડોઉ ડ્રાઈવર એકાગ્ર-ચિત્ત હતો. એના બસ ચલાવવામાં કોઈ ક્ષતિ નહોતી.

ઊંચા પર્વતોએ અમને ધારણ કર્યાં હતાં. એમના ઉચ્ચ વક્ષસ્થળ પરથી રસ્તો પસાર થઈ રહ્યો હતો. અત્યંત પહોળો એવો એ ઘાટ હતો. અત્યંત ઊંચે રહેલી એ અભૂતપૂર્વ ઉપત્યકા હતી. ઉન્નત-મુખ ગિરિવરોની અખંડ પંક્તિ ચોદિકે, શૃંગો હિમાચ્છાદિત, ને એમની ગોદમાં - લાંબા, પહોળા મેદાન જેવી લાગતી - આ ખીણ બીજા બે કે ત્રણ કિ.મી.માં તો અમે એ ઊંચા ઘાટના સર્વોચ્ચ સ્થાને આવી લાગ્યાં.

તિબેટી ભાષામાં એ ઉચ્ચતમ હિસ્સાનું નામ 'લ્હાપ્કા લા' હતું, તો ચીની ભાષામાં એ 'જિઆત્સુઓ લા' કહેવાતો હતો. ૫,૨૨૦ મીટર પર - એટલે ૧૫,૬૬૦ ફીટ તો ખરા જ - એ સ્થળ તિબેટની અમારી સફરમાં ઊંચામાં ઊંચું હતું. અમે બધાં એને માટે આતુર થયેલાં હતાં. રસ્તાની કોરે બસ ઊભી રહેતાં જ બધાં બહાર નીકળ્યાં.

લાંબી, કઠિન યાત્રા પછી પહોંચાતું એ સ્થળ હતું. પથ્થરો ચણીને એક વેદી બનાવી એના પર નામ ને ઊંચાઈ કોતરવામાં આવ્યાં હતાં. એ ઉપરાંત, પથ્થરો, પાતળી લાકડીઓ, ને દોરડું વાપરી એ સ્થળના અધિષ્ઠાતાની અદશ્ય ઉપસ્થિતિને પૂજવા એક સ્થાનક રચવામાં આવ્યું હતું. રંગરંગીન અનેક પ્રાર્થના-ધ્વજોને કારણે ત્યાંની સૂકી જમીન વિશિષ્ટતા પામતી હતી. વહેતી હવાથી પ્રાણ પામીને, પ્રાર્થના છાપેલા એ સુતરાઉ કાપડના ટુકડાઓ, તિબેટીઓની કૃપા-યાચનાઓને ઊર્ધ્વ ગતિ આપતા હતા.

અમને એ પવન ખાસ્સો લાગતો હતો. પણ સાથે જ, એ આહ્લાદક હતો, ઉલ્લાસકારી હતો. પૂરેપૂરો અકલુષિત એ પ્રાણવાયુ હતો. શ્વાસ લેતાં નાક ભલે ઠંડું થતું હતું. હૃદયમાં એ પરમ ચૈતન્ય પ્રસરાવતો હતો. અનન્ય સમય હતો એ ત્યાં પહોંચ્યાનો, ત્યાં હોવાનો.

હિન્દુઓ હિમાલયનાં પર્વત-શિખરો પર દેવોના નિવાસ કલ્પે છે તો આ હિમાલયનો જ ભાગ હતો. એની પાછલી બાજુનો ભાગ. આ શિખરો પર પણ દેવો વસતા જ હોવા જોઈએ, એ નિઃશંક છે. આપણને એમની સાથે ઓળખાણ ના હોય, એમ બને. એ ખામીને આપણે જ દૂર કરવાની હોય છે, એમની ઓળખાણ તથા કૃપાની યાચના આપણે કરવાની હોય છે.

મારે માટે ત્યાં ગયાનો, ત્યાં ગાળેલો સમય ખૂબ અર્થઘન હતો. એ સમય, એ સમયનું ભાન, એ તેજ, પ્રાણવંત એ તત્ત્વ — બધું સુંદર હતું. એ બધું જ કેટલું સુંદર હતું !


એ પ્રદેશનો નકશો જોઈએ તો અગણિત ભૂખરી કરચલીઓથી ચોળાયેલો હોય તેવો કાગળ લાગે. એ બધો ચિત્રાકાર પર્વતો દર્શાવે છે. 'દુનિયાનું છત્ર' તરીકે ઓળખાતો પ્રદેશ - જેવો ઊંચો તેવો વિસ્તૃત, જેવો વિરલ તેવો અસાધારણ. એ જોવા મળે તે જ ભાગ્ય. જો એની ચેતના-શક્તિનો સ્પર્શ પમાય તો તેને સર્વ દેવોના સામૂહિક આશીર્વાદ જ ગણવા પડે. આત્માનો મોક્ષ શું આમાં જ નહીં હોય ?

અમે આટલે ઊંચે હતાં ત્યારે આસપાસના ઘણા પર્વતો એથીયે ઊંચા હતા - ૫,૭૧૫ મીટર, ૫,૮૫૫ મી., ૬,૨૮૦ મી. વગેરે. સૌથી ઊંચું શિખર ૬,૪૦૦ મીટર પર લ્હાકોકાન્ગ્રી ગિરિનું હતું. પરિસર જ એવો કે મન-પ્રાણ પણ ઊર્ધ્વ જ ઊઠે.

એ પછી કઈ તરફ વળ્યાં હોઈશું કે સૌથી ઊંચી નગ-પંક્તિ દૃષ્ટિથી પર થઈ ગઈ. ગતિ હતી તો પશ્ચિમ દિશામાં, પણ માર્ગ હવે ઘણો દક્ષિણે થતો જતો હતો. નકશામાં સ્પષ્ટ દેખાય; નરી આંખે ખયાલ ના આવે. હિમમંડિત શોભાથી અમે વંચિત થયાં, પણ દશ્યાવલિ આકર્ષક તો રહી જ. એ બાજુનાં ઊંચા મેદાન જેવા અંચલમાં અમે ઘણાં ઘેટાં જોયાં. જીવનની, જીવંતતાની નિશાની. જેમ આનંદ પમાડે તેમ નવાઈ પણ લગાડે. એટલા ઉન્નતાંશ પર આવા દશ્યની આશા ક્યાં હોય !

આગંતુક અને અજાણ્યાં તરીકે આવા ઊંચા, સૂકા પરિસરમાં ઘેટાંનાં ટોળાં ચરતાં જોઈને આપણને આનંદ ને નવાઈ થાય, પણ જો હકીકત ક્યાંકથી જાણવા મળે તો ખબર પડે કે તિબેટના તથા દક્ષિણ-પૂર્વ ચીનના ઘણા વિસ્તાર માટે પરિસ્થિતિ કેટલી ચિંતાજનક છે. એ બધે, એક તો, વરસાદ નહીંવત્ અથવા નહીં જ. બીજું, એટલી ઊંચાઈએ જમીનનું પડ સાવ પાતળું, પથરાળું, ને ત્રીજું, લોકોની તેમજ પ્રાણીઓની વધતી જતી વસ્તી. ભૂમિ ધોવાઈ ધોવાઈને, વપરાઈ વપરાઈને, ચરાઈ ચરાઈને નિષ્પ્રાણ બનતી ગયેલી છે. ઘઉં, ભાજી કે બટાકા જેવું વાવેતર તો શું, પણ સાદું ઘાસ ઊગે તેટલું સત્ત્વ પણ ઘણે ઠેકાણે બચ્યું હોતું નથી. પાણીની તંગી તો એવી છે કે કેટલાંયે લોકો ખચ્ચર પર બેસી બે ડબ્બા પાણી ભરી લાવવામાં દિવસના ચાર કલાક વિતાવે છે.

જ્યાં નાની નદીઓ ને તળાવો સૂકાઈ ગયાં છે, જમીન સાવ ખવાઈ ગઈ છે, ને પવન વંટોળ બનીને ફૂંકાતો રહે છે, ત્યાં રીતસરનાં રણ સર્જાઈ રહ્યાં છે. માટી રેત બની છે, ને ખસતી ટેકરીઓ થઈને આગળ વધતી જાય છે. પથરા, માટી ને કાદવમાંથી બનાવેલા ઘર દબાતાં-ઢંકાતાં જાય છે. એવાં ઘર છોડીને લોકો તંબૂ બાંધીને રહેવા ગયાં હોય, તેમ પણ બન્યું



એક ઊંચા ઘાટ પર ગોઠવેલા પ્રાર્થના ધ્વજ સાથે અમારા ગાઈડ અને ડ્રાઈવર

રહ્યું છે. આવાં તો લાખો લોકો છે - ચીની તેમજ તિબેટી કૃષિ-પ્રજામાંનાં. એમને ખસેડવાના વિચાર રાજ્ય-સરકારો કરે છે જરૂર, પણ એમાં અનેક અવરોધ નડે છે. દા.ત. ખર્ચો, બીજી જગ્યાની પ્રાપ્તિ, લોકોની અનુમતિ ને ઇચ્છા, પોતીકાપણાને ગુમાવવાનો લોકોનો ભય વગેરે.

ચીનની કેન્દ્ર-સરકાર પણ આ સમસ્યા તરફ ધ્યાન આપી રહી છે. ચેરમેન માઓએ દાખલ કરેલી સમૂહ-જીવનની પ્રથા ૧૯૮૦નાં શરૂઆતનાં વર્ષો દરમ્યાન કાઢી નાખવામાં આવી, ને કુટુંબોને થોડી જમીન, તેમજ પશુધનની માલિકી આપી દેવામાં આવી. ત્યાર પછી છોકરાંની સંખ્યા પણ વધવા માંડી, અને પાળેલાં પશુઓની પણ. અભ્યાસીઓ કહે છે કે ઘાસના ઢોળાવો અમુક લાખ ઘેટાં-બકરાંને ચારો આપી શકે તેમ છે, પરન્તુ એ સંખ્યાથી લગભગ બમણાં પ્રાણી ત્યાં ચરતાં થયાં છે. પછી ભૂમિનું પહેલેથી જ નાજુક એવું સ્તર કઈ રીતે ખમે ? ક્યાં સુધી ખમે ?

કેટલાક ઉપાયો વિચારાઈ રહ્યા છે જેમ કે, વાડા બાંધી દેવા કે જેથી પ્રાણીઓ ત્યાં ચરે નહીં, ને ભૂમિને ફરી પોષણ પામવાનો સમય મળે; લોકોને જમીનની કાળજી લેવા, ધણને સીમિત રાખવા કહેવું; ઢોળાવો પર ઘાસ, ને ક્યાંક વળી ઝાડી, ઉગાડવા પ્રયત્ન કરવા. વહી જતાં પાણીને ભેગું કરવા જમીનની નીચે ટાંકીઓ મૂકવી; ખેતી મૂકી દેવા રાજી કુટુંબોને પાંચેક વર્ષ અમુક પૈસા ને ધાનનું ભથ્થું આપવું ઇત્યાદિ. કેટલો બધો લાંબો ગાળો જોઈએ આ બધું શક્ય બનાવવા માટે. ને કેટલે અંશે શક્ય લાગે છે એ થવું ?

ખેર. જે પ્રદેશની ધરતી પર હોઈએ તેને વિષે અગત્યની એવી આ માહિતી કહેવાય. આપણે કોઈ રીતે મદદરૂપ ના થઈ શકીએ. તોયે આવી વિગતો જાણીએ તો એ પ્રદેશને, ત્યાંના જીવનને વધારે સમજી તો શકીએ ને ! કેટકેટલી રીતે અનન્ય હતો એ પ્રદેશ ! કેટકેટલી રીતે અસાધારણ હતી એ યાત્રા !

પેલાં અનેક ઘેટાંને ચરતાં જોયાં એ પછી, કોઈ એક જગ્યાએ, એક નીચા-શા ઢોળાવ પર, જાણે છૂપી-છૂપી રીતે વહેતી જતી એક નાનકડી નદીની પાસે, ચારેક તંબુ દેખાયા હતા. ખાનાબદોશ તિબેટીઓનાં એ ઘર, એ જ એમની સમગ્ર સંપત્તિ - એ તંબુમાં માય તે બધું, જે પહેર્યું હોય તે બધું, ને ભૂમિસ્તરના સત્ત્વને ચરી જતાં પેલાં ઘેટાં.

થોડી વારે સુઘડ એક મકાન દેખાયું. રસ્તાની દેખભાળ રાખવા માટેના સરકારી વિભાગનું એ અંચલમાંનું એ કાર્યાલય હતું. તાજેતરમાં જ બન્યું હશે, નહીં તો એવું ચોખ્ખું ને સરસ રહ્યું જ ના હોત. ત્યાં જ, હાથમાં ખુલ્લી ચોપડી લઈને જતા એક નાના છોકરાને મેં જોયો. એ દૃશ્યથી હું પ્રભાવિત થઈ, ને ખુશ પણ. વાહ ! અહીં અક્ષરોમાં રસવાળું પણ કોઈ હતું !

પછી તરત, ચોપડીઓ પકડીને જતી બે છોકરીઓ જોઈ, ને બીજા બે છોકરાઓ પણ. હવે તો ખાતરી થઈ ગઈ કે નજીકમાં કોઈ વસવાટ હોવો જ જોઈએ. અને ખરેખર જ, એક વસાહત તરત આવી. સાથે શાળાનું સારું મોટું મ.''ન હતું, ને આગળ સરસ કોમ્પાઉન્ડ હતું. આવી સરસ સગવડ જેને મળે એ છોકરાં કેવાં નસીબદાર ! સાંજ થવા આવેલી, ને એમ લાગ્યું કે તિબેટમાંના રિવાજ પ્રમાણે અહીં પણ બાળકો માટેના વર્ગો સાંજે જ ચાલતા હતા. ઉનાળા દરમ્યાન તડકાવાળો આખો દિવસ એમને રમવા કે પછી ઘરના ને પશુ ચરાવવાના કામકાજ માટે મળે, એવો કદાચ અભિગમ હોય.

ઊંચા, ત્રાંસા ઢોળાવો પર નજર ગઈ તો બીજાં વધારે ઘેટાં ત્યાં ચરતાં હતાં - જાણે હાલતાં-ચાલતાં ટપકાં. દૃશ્ય બહુ કમનીય હતું. (ક્રમશઃ)

પ્રસંગકથા

વિનોદ ભટ્ટ

હાસ્યવૃત્તિ અને રાજકારણ

રાજકારણમાં પડેલ વ્યક્તિ માટે હાસ્યવૃત્તિ ખપમાં આવતી હોય છે. જો કે હાસ્યવૃત્તિ સતેજ હોવા છતાં પૉલિટિક્સમાં બધા જ સફળ જતા નથી એનું ઉજ્જ્વળ દૃષ્ટાંત અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ કાલ્વિન કુલીજ છે. કુલીજને બોલવાનો ઘણો કંટાળો આવતો તેથી તે જવલ્લે જ બોલતા. પોતાના બચાવમાં તે કહેતા ય ખરા કે જો આપણે કશું જ ન બોલીએ, કોઈને જવાબ ન આપીએ તો, 'તમે હમણાં શું બોલ્યા ? ફરી બોલશો ?' એવું આપણને કોઈ કહેતું નથી.

કુલીજ પત્રકારો આગળ બોલવાનું લગભગ ટાળતા. ૧૯૨૪ના ગાળામાં તે પોતાના પ્રચાર માટે જતા હતા ત્યારે એક પત્રકારે તેમને પૂછ્યું : તમારા આ ચૂંટણીપ્રચાર અંગે કશું કહેશો ?

'ના...' તેમણે જવાબ આપ્યો.

'વિશ્વની પરિસ્થિતિ અંગે કશું કહેશો ?' પત્રકારનો બીજો સવાલ.

'શરાબબંધી અંગે કોઈ માહિતી આપશો ?' પત્રકારે ત્રીજો સવાલ પૂછ્યો.

'ના...' કુલીજે ત્રીજી વખત પણ કશું કહેવાની ના પાડી એટલે નિરાશ થયેલ પત્રકાર ચાલવા માંડતો હતો ત્યાં તેને રોકતાં કુલીજ બોલ્યા, 'ડૉન્ટ ક્વોટ મી. મને ટાંકશો નહીં.'

*

કાલ્વિન કુલીજ અમેરિકન પ્રમુખ તરીકે નિવૃત્ત થયા બાદ તેમની પાસે જઈ એક પત્રકારે તેમનાં વખાણ કરતાં જણાવ્યું કે, તમને એ વાતે ગર્વ થતો હશે કે તમે પ્રમુખ મટી ગયા તો પણ તમને પરસાળમાં બેઠેલા જોવા કેટલાં બધાં લોકો હજીય આવે છે ! તમે ભૂતપૂર્વ પ્રમુખ હોવા છતાં લોકો તમને ભૂલ્યા નથી. જુઓ તો ખરા, સામે કેટલી બધી મોટરકારો પડી છે !

'તો પણ ગઈ કાલ જેટલી નહીં....' કુલીજે ઉત્તર આપ્યો. 'લગભગ ૬૩ જેટલી મોટરકારો હતી, ગઈ કાલે...'

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૨૭

પ્રા. પ્રવીણ ન. શેઠ

સમીક્ષા અને અનુશીલન

૨૦મી સદીના છેલ્લા દશકાપર્યન્ત ભારતીય અમેરિકનો અને તેમના મીડિઆના રડાર સ્ક્રીન પર દેખાતા નહોતા. જો તેમને કે ભારત વિશે જે ઉલ્લેખો થતા, તે બહુધા નકારાત્મક રૂપના હતા. પરન્તુ છેલ્લાં થોડાં વર્ષોમાં તેમની નેગેટિવ છબિ પોઝિટિવ તો થઈ ગઈ છે. પણ તે આકર્ષક અને મલ્ટિકલર પણ બનવા માંડી છે.

૧૯૬૦ના દસકા સુધી અમેરિકનોની ભારતીયો વિશેની છબિ નકારાત્મક હતી. તેમને અમેરિકામાં વસતા ભારતીયો 'મૂરખ જેવા, નબળા, ગભરૂ બનીને વાત કરતાં,વાસ મારતાં, સેક્સી અને ગ્રામણાં' લાગતા. ભારતીય નારી તેમને 'અણઘડ' અને મૂરખ જેવી લાગતી. છેલ્લાં થોડા સમયથી અમેરિકનોના આવા દર્શન કે ખ્યાલમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે.૧૯૯૯-૨૦૦૦ દરમિયાન તો અમેરિકન પ્રેસમાં ભારતીય અમેરિકનોને વ્યાપક 'કવરેજ' મળ્યું. તેઓની 'રાજકીય રીતે ક્ષમતા પ્રાપ્ત કરતો સકૌશલ સમુદાય' તરીકે ગણના થવા માંડી. એક મીડિઆ પરિષદમાં બોલતાં પ્રમુખ બિલ ક્લીન્ટને નોંધ્યું : 'હું માનું છું કે આપણા રાષ્ટ્રમાં જે બસોએક વંશીય જાતિસમૂહો છે, તેમાં શિક્ષણ અને આવકના ધોરણે ભારતીય અમેરિકનો એક સૌથી વધુ સફળ સમુદાય તરીકે આગળ આવ્યા છે. આપણને મુગ્ધ કરી દે એટલા પ્રમાણમાં તેઓ અમેરિકામાં સિદ્ધિ મેળવી ચૂક્યા છે.'

અલબત્ત, હવે નવા સંદર્ભમાં ૧૫મી સદીના મસલીનને બદલે મોટેલ-મૉડલ અમેરિકનોની કદર મેળવી જાય છે. ભારતના સિલ્ક અને તેજાના નહીં, પણ સૉફ્ટવેરમાં તેઓ દિલચસ્પી ધરાવતા થયા છે. અમેરિકનોને એમની બિન્દી (લલાટચિહ્ન) અને મેંદીમાં વ્યાપક રસ જાગ્યો છે. ૧૯૮૦ના મધ્યભાગમાં બિન્દી એ લુચ્ચા કે જાતિવાદી ગોરાઓ માટે ભારતીયો સામે તિરસ્કાર અને પજવણી કરવાનું પ્રતીક બની ગયું હતું. તે સંદર્ભમાં આ બીના સૂચક બને છે. પહેલાં યોગા (યોગ) અને તે પછી આયુર્વેદ અને શાકાહાર અને વનસ્પતિજન્ય ઉપભોગસામગ્રી જેવા તત્ત્વતઃ ભારતના સાંસ્કૃતિક 'ટ્રેડમાર્ક' હવે અમેરિકન સમાજના મધ્યપ્રવાહમાં વર્તાવા માંડ્યા છે.

લેવિના મેલવાની બતાવે છે તેમ, અમેરિકન પૉપ સંસ્કૃતિના દેવી એવા મડોના 'યાન્કી યોગિની' બની ગઈ છે. મેટિસા ટોમેઈ, વિલિયમ ડેફો, હૉલિવુડ સ્ટાર્સ અને મોટાં કૉર્પોરેશનોના સી.ઈ.ઓ. 'ઓમ'નો મંત્રોચ્ચાર કરે છે. સૌથી જૂના શિવાનંદ સેન્ટરથી માંડીને યોગા ઝોન અને જીવમુક્તિ જેવાં યોગકેન્દ્રો પર જાય છે. કોલંબસ એની યુગપ્રવર્તક શોધ સમયે જે ભારતીય ચીજવસ્તુઓ ખોળતો હતો, તે પછી, છેલ્લાં ૩૫ વર્ષમાં (ભારતીય નવવસાહતીઓનાં બે મોજાં દરમિયાન) ભારતીય અમેરિકનોની છબી અને સ્ટેટસમાં સૂચક સુધારો થયો છે.

૨૦મી સદીના પૂર્વાર્ધની પટેલસંચાલિત ૨૦ રૂમની મોમ-એન્ડ-પૉપમાંથી હવે તેઓ ૨૦૦ થી ૬૦૦ રૂમોની લક્ઝરી હોટલ ધરાવતા થયા છે. અને અમેરિકાના પર્યટન અને અર્થકારણમાં તેઓ જે નોંધપાત્ર ભૂમિકા ભજવે છે, તેની પ્રતિષ્ઠિત સામયિકો નોંધ લઈ ચૂક્યાં છે.

સિલીકોન વેલિના અગ્રણી ઉદ્યોગસાહસિક સુહાસ પાટિલ કહે છે, 'માત્ર એક દશકા પહેલાં ભારતીયો ઉદ્યોગ-સાહસિક માટે માત્ર ક્ષમતા ધરાવતા નથી, એવો પોતાનો અભિપ્રાય અમેરિકનોએ બદલવો પડ્યો છે.' શ્રીધર મુકુંદ કહે છે કે, પહેલાં મોટા કૉર્પોરેશનોમાં એમ મનાતું કે કોઈ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે તેની ટીમનો નેતા ગોરો હોય એ જરૂરી છે. હવે સફળ થવા માટે ટીમને દોરવા સારુ ભારતીય તંત્રજ્ઞની હાજરી હોવી, તેને આવશ્યક માને છે, ઇન્ડિયન એક્સપ્રેસના વૉશિંગ્ટન ખાતેના સંવાદદાતા ચિદાનંદ રાજઘટ્ટા કહે છે : 'પેલો અવજ્ઞા પામેલો ભારતીય હવે ઘેલો-ગામઠી લાગતો નથી. તે સાઇબર-જ્ઞાની ગણાય છે. આઈસી (IC) 'ઇન્ટિગ્રેટેડ ચિપ' એટલે ઇન્ડિયન (I), ચાઇનીઝ (C). અરે, ભારતીય મહિલા પર 'ટેક્નોનિક માટે ટેસ્ટ ધરાવતી' હોય તેવી છે. ટાઈમ્સ ઓવ્ ઇન્ડિયા ''ભારતીય અમેરિકનો 'ગ્લોબોકૉર્પ્સ' (વૈશ્વિક કૉર્પોરેશન ધરાવનારા) બનવા માંડ્યા છે'' એમ જણાવે છે. ૧૯૯૭થી અમેરિકાના હાઇટેક ભારતીયોના વિકાસને આવરતું 'સિલીકોનીન્ડિયા'ના ઉત્તરોત્તર અંકોનાં પાનાં અમેરિકામાં ઈન્ફો-ટેક કૉર્પોરેટ અમેરિકામાં મહત્ત્વનું વિકાસપ્રદાન કરનાર ભારતીય અમેરિકન ઉદ્યોગસાહસિકોના 'પ્રોડક્ટસ' અને કંપનીઓની સફળતાની વાર્તાઓથી ભર્યાંભર્યાં રહે છે. અમેરિકી મેગેઝીનો ફૉર્ચ્યુન, ફોર્બ્સ, ટાઈમ, બિઝનેસ વીક, વગેરે એમાંનાં કેટલાંક એમને 'મિલ્યોનર્સ' નહીં, પણ 'ઈ-બિલ્યોનર્સ' (ઇન્ફોટેક દ્વારા અબજોપતિ બનેલ) ભારતીયો તરીકે નવાજે છે.

થોડી અંકલેખીય હકીકતો ભારતીયોના વિકાસનો અને અમેરિકામાં તેમણે જે સ્થાન મેળવ્યું છે તેનો ખ્યાલ આપશે.

* અમેરિકામાં બધા જ (રાષ્ટ્રિય) કુટુંબદીઠ જે વાર્ષિક આવક છે, તેની સરખામણીમાં સરેરાશ ભારતીય કુટુંબની આવક ૨૫ ટકા જેટલી વધુ છે. ૧૯૯૦ના યુ.એસ. સેન્સસ પ્રમાણે સરેરાશ રાષ્ટ્રિય કુટુંબદીઠ આવક ૩૮,૮૮૫ ડૉલર છે, જ્યારે ભારતીય અમેરિકન કુટુંબની સરેરાશ આવક ૬૦,૯૦૩ ડૉલર છે.
* અહીં ભારતીય નવવાસહતીઓના ૬૫ ટકા પુરુષો મેનેજરીઅલ વ્યવસાયી ટેક્નિકલ 'જૉબ' ધરાવે છે. કેટલાક તો 'ફૉર્ચ્યુન

૫૦૦' (બિઝનેસ જર્નલે ચોક્કસ નિર્દેશાંકોને આધારે અમેરિકાની પહેલી ૫૦૦ વ્યાપારી પેઢીઓ)નું સંચાલન કરે છે.

* ઇન્ફર્મેશન ટેક્નોલૉજી ઉદ્યોગોનો ૨૫ ટકા ભાગ ભારતીયોના હાથમાં છે. બર્કલે (યુનિવર્સિટી ઑવ્ કેલિફોર્નીઆ)ના પ્રોફેસર એનાલી સક્સેનીઅનના અભ્યાસાનુસાર ૧૯૮૦ પછી સિલીકોન વેલિમાંની ૧૧,૪૪૩ હાઈ-ટેક કંપનીઓમાંથી ૭૭૪ કંપનીઓના વડા ભારતીયો છે. તેઓએ ૩.૫ અબજ ડૉલરની આવક ઊભી કરી છે અને તેમાં ૧૬,૦૦૦ ઉચ્ચ કુશળ લોકો નોકરી કરે છે.
* અમેરિકાની હૉટલો અને મોટેલોના ત્રીજા ભાગની સ્થાવર સંપત્તિની માલિકી ભારતીયો ધરાવે છે (મુખ્યત્વે ગુજરાતીઓ).
* ભારતીય મહિલાઓની ૪૫ ટકા મહિલાઓ ઘરની બહાર 'જૉબ' કરે છે. બાકીનાંમાંની મોટાભાગની કુટુંબમાલિકીના સ્ટોર્સ, મોટેલ અને રેસ્તુરાંમાં સેવાઓ આપે છે.
* ઇન્ડિયા અબ્રોડ સંચાલિત મોજણી (૨૦૦૦નું વર્ષ) પ્રમાણે અહીં મધ્યમ સ્તરની પહેલી ૧૦૦ ભારતીય કંપનીઓએ (હાઇટેક સિવાયની) ૨.૨ અબજ ડૉલરની આવક કરી છે, અને ૧૯,૩૧૩ લોકોને પૂરા સમયની નોકરી આપી છે. કામદારો દીઠ તેમણે સરેરાશ ૧,૧૩,૯૧૩ ડૉલરની ઉત્પાદકીયતા અંકે કરી છે.
* મોટા ભાગની અમેરિકન યુનિવર્સિટીઓમાં ૧૦માંથી એક મેડિકલ ફ્રેશમૅન (પહેલાં વર્ષમાં ભણતા) ભારતીય મૂળનો હોય છે. કુલ ૧૭,૦૦૦ ગ્રેજ્યુએટ થનાર ડૉક્ટરોમાં ૨,૦૦૦ તો માત્ર ભારતીયો જ હોય છે. અમેરિકામાં પથરાયેલા કુલ ૬,૦૦,૦૦૦ ડૉક્ટરોમાં ૩૨,૦૦૦ થી વધુ ડૉક્ટરો ભારતીયો છે. તેમાંના ઘણા પ્રતિષ્ઠિત અને મોટી હૉસ્પિટલોમાં મહત્ત્વનાં સ્થાન ધરાવે છે.
* સિલીકોન વેલિમાં કામ કરતા હાઈ-ટેક ગોરા કર્મચારીઓમાં માત્ર ૧૮ ટકા માસ્ટર્સ કે ડૉક્ટરેટની ડિગ્રી ધરાવે છે (૧૯૯૮માં), જ્યારે એમના જેવા ભારતીય હાઈ-ટેકીઓના ૫૫ ટકા જેટલા આવી ડિગ્રી ધરાવે છે.
* અમેરિકામાં નાના સ્ટોર્સ અને વ્યાપારી એકમો ધરાવતી લઘુમતી ગણાતી જાતિઓમાં ક્યુબનો સહિત કોરીઅન-જાપાનીઝ-ચીના અને ભારતીયો નોંધપાત્ર પ્રમાણ ધરાવે છે. એમનામાં સરેરાશ વિકાસની રસીદો અને નોકરી કરનારાના માપદંડથી ક્યુબનો અને ભારતીયો સૌથી વધારે સ્ટોર-માલિકોની સંખ્યા ધરાવે છે. 'કોરીઅનો પછી એશિયન ઇન્ડિયનોના હાથમાં સૌથી વધુ કંપનીઓ છે. પણ આ બાબત એક પરિપ્રેક્ષ્યમાં મૂલવવાની છે. કારણ, અમેરિકન રાષ્ટ્રિય ધોરણોના સંદર્ભમાં આવી જાતિગત માલિકીની કંપનીઓનું સરેરાશ કદ સામાન્ય પ્રકારનું ગણાય.
* ૯૦ ટકા ભારતીયો શહેરી વિસ્તારોમાં રહે છે.
* ભારતીયોના ૩૫ ટકા ઈશાન અમેરિકામાં, ૨૪ ટકા દક્ષિણ ભાગમાં, ૨૩.૧ ટકા પશ્ચિમ ભાગમાં અને ૧૭-૯ ટકા મિડ-વેસ્ટ અમેરિકામાં વસ્યા છે.
* તેમનામાંના ૫૦ ટકાથી વધુ ભારતીયો ત્યાંનાં ઉપનગરો (શાંત, સંપન્ન વર્ગના સારા વિસ્તારો)માં રહે છે. તેમાંનાં કેટલાંય ઘરો (હાઉસ) ધરાવે છે અને તેઓ આલિશાન બંગલા કે મિની-મહેલોમાં ભૂતકાળના રાજા-મહારાજાઓને આંબી જાય એવી સુવિધા અને સુશોભનોથી મંડિત એવા 'હાઉસ'માં રહેતા જોવા મળ્યાં છે.
* તેમનામાંના ૮૯ ટકા પુખ્તવયના ભારતીયોએ હાઇ સ્કૂલનું શિક્ષણ મેળવ્યું છે. ભારતીય પુરુષોના ૮૦ ટકા પાસે કૉલેજ ડિગ્રી છે. ૪૦ ટકા પાસે ગ્રેજ્યુએટ (માસ્ટર્સ) ડિગ્રી કે ડૉક્ટરેટ છે. આ ટકાવારી અમેરિકન રાષ્ટ્રિય ટકાવારીથી ક્યાંય ઊંચી છે. તેઓ યુરોપ, એશિયા અને આફ્રિકાથી આવેલ મોટા ભાગની વંશીય પ્રજાઓના નવાગંતુકો કરતાં અંગ્રેજી ભાષાનો સરળતાથી ઉપયોગ કરે છે અને તેને કારણે શરૂઆતના નવવસાહતીના લાભો ભોગવી શકે છે.
* તેમનામાંનાં ૭૫ ટકા અમેરિકાની બહાર (ભારતમાં, આફ્રિકામાં, કરેબિયન દેશોમાં) જન્મ્યાં છે.
* તેમનામાંનાં ૪૦ ટકા ભારતીયોએ અમેરિકાનું નાગરિકત્વ મેળવી લીધું છે. (આ ટકાવારી છેલ્લાં થોડાં વર્ષોના પ્રવાહને કારણે સારી એવી વધી છે, એવું અનુમાન કરી શકાય.)
* એક મોજણી પ્રમાણે લગભગ બધા જ ઉત્તરદાતા ભારતીયો પોતાના ભારતીય વારસા વિશે ગૌરવ ધરાવે છે.

છેલ્લાં બેએક વર્ષમાં ભારતનો અને ભારતીય અમેરિકનોનો 'પ્રોફાઇલ' (છાપ અને છબી) ઊંચે આવ્યો છે. અહીં ૫,૦૦,૦૦૦ કરતાં વધુ સૉફ્ટવેર એન્જિનીઅરો અને એવી ઉચ્ચ વ્યવસાયી તાલીમ પામીને આવેલા ભારતીઓ 'ખૂબ દૃશ્યમાન બનેલા અને હાઇ ટેક્નોલૉજિ ઇકૉનોમી માટે અનિવાર્ય' કાર્યદળ તરીકે આવકારાયાં છે. દર વર્ષે ૪૦,૦૦૦થી વધુ સૉફ્ટવેર એન્જિનીઅરો અહીં ભારતીયોના ત્રીજા મોજાને મોટું ને મોટું બનાવતા જાય છે, ચાલુ વર્ષે વિશ્વભરમાંથી જેમને ઊંચા ટેકનિકલ કૌશલ માગી લે તેવી જૉબ માટે એચ-૧ બી વીસા મેળવીને અહીં આવનારા નવાગંતુકોનાં ૪૨ ટકા જેટલાં તો ભારતીય યુવક-યુવતીઓ છે.

ભારતીયોની આવક ગોરાઓ-જાપાનીઝ-ચીનાઓ અને યહૂદી સહિત બધી ય વંશીય પ્રજાઓમાં સૌથી વધુ છે. કેટલાક તો અહીંની 'ઈ. કંપનીઓ' (ઇન્ટરનેટ / જ્ઞાન આધારિત કંપનીઓ)માં નવી ટેક્નોલૉજિની શોધ, પહેલ કે વ્યાપારી ધોરણે સફળ પ્રસાર-વિતરણ કરીને માનપાન કે માન્યતા મેળવી ચૂકેલાં છે. સામ પિત્રાડા, વિનોદ ખોસલા, વિનોદ ધામ, સબીર ભાટિયા વગેરે આવી પ્રતિભાઓ છે. લંડનના એક જાણીતા દૈનિકે તો સંજય સિંધુ નામના યુવાન હાઇટેક ઉદ્યોગ સાહસિક (૩.૬ અબજ ડૉલરના આસામી)ને

(અનુસંધાન પૃ. ૯૬)

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

|વિમલ મિત્ર : (૧૯૧૨-૧૯૯૭) કલકત્તામાં કાલિઘાટ પાસે ચેતલામાં જન્મ. કલકત્તા વિશ્વવિદ્યાલયમાંથી બંગાળી વિષય લઈ એમ.એ.ની ઉપાધિ મેળવી. થોડો સમય રેલવેમાં નોકરી કરી. પછી સાહિત્યસર્જન માટે જ બધો સમય ફાળવવા રાજીનામું આપ્યું. એમણે ૮૨ નવલકથાઓ લખી છે. એમની ૧૯૯૦થી ૧૯૭૦ સુધીના સમયને આવરી લેતી નવલકથા ત્રિપુટી 'સાહેબ બીબી ગુલામ', 'કડી દિયે કિનલમ' અને 'એકક દરશક શતક' અત્યંત લોકપ્રિય થઈ અને એક જ વર્ષમાં એની પાંચ પાંચ આવૃત્તિઓ થઈ. એ ત્રણ નવલકથાઓ દૂરદર્શન પરથી હપ્તાવાર દશ્યાંકિત થઈ છે. એ કારણે એમણે સાહિત્યકાર તરીકે ભારતભરમાં લોકપ્રિયતા પ્રાપ્ત કરી. એમની ઐતિહાસિક નવલકથા 'બેગમ મેરી વિશ્વાસ' પણ દૂરદર્શન પરથી દશ્યાંકિત થઈ અને છેલ્લે એમની 'આસામી હાજિર' – 'મુઝલીમ હાજિર' – એ શીર્ષક હેઠળ દૂરદર્શન પરથી હપ્તાવાર દશ્યાંકિત થઈ. એમને ૧૯૮૩માં પશ્ચિમ બંગાળ સાહિત્ય અકાદમી તરફથી શરદ પુરસ્કાર મળ્યો હતો. એમની નવલકથાઓના ભારતની બધી ભાષાઓમાં અનુવાદ થયા છે.|

દુઃખની પીડાની વાત તો સૌકોઈ જાણતાં હોય છે. દુઃખના અભિશાપની વાત ન જાણતી હોય એવી કોઈ વ્યક્તિ નહિ હોય. પણ સુખની પીડા, સુખનો અભિશાપ, સુખનું અસુખ !

*

મારા એક ડૉક્ટર મિત્રે મને આ નવલકથાનું વસ્તુ પૂરું પાડ્યું હતું.

કથાને માટે લોકો સ્થળે સ્થળે ભટકતા હોય છે, તે હું જાણું છું. મહાન કથાલેખકોનાં જીવનચરિત્રો મેં વાંચ્યાં છે. એમનું જીવન બહુ કષ્ટમાં વીત્યું હતું. કથાના વસ્તુ માટે તેમને મોડી રાત્રે ફૂટપાથ પર ભટકવું પડ્યું છે. ક્યારેક વસ્તુ મેળવવા પોતાને ખર્ચે દારૂડિયાને દારૂ પિવડાવવો પડ્યો છે.

નાનપણથી મારું સ્વાસ્થ્ય સારું રહેતું નહોતું. જરા દોડધામ કરું તો માથું ભમવા માંડે, પેટમાં દારૂનું એક ટીપું ગયું તો માથાથી પેટ સુધી બળતરા થવા માંડે.

તો પણ મારે વાર્તા તો લખવી જ પડતી હોય છે. વાર્તા લખ્યા સિવાય મારાથી રહેવાય જ નહિ. મારી વાર્તા વાંચવા માટે કોઈને તલપ નથી લાગતી. પણ પોતાની ગરજે જ હું વાર્તા લખું છું. એમાં હું મારો માલિક ને હું જ મારો નોકર. તેથી જ જ્યારે મારો ડૉક્ટર મિત્ર મારે ઘેર આવ્યો ત્યારે એણે પૂછ્યું, 'કેમ આમ તોબડો ચઢાવીને બેસી રહ્યો છે. શું થયું છે તને ?' મેં કહ્યું' 'મારો માલિક મને વઢવઢ કરે છે ?'

ડૉક્ટર મિત્ર તો અવાક્ થઈ ગયો. એણે કહ્યું, 'તમારો વળી માલિક કોણ ?'

મેં કહ્યું, 'હું જ વળી. હું જ મારો માલિક. બીજું કોણ હોય ? હું જ મને વઢ્યા કરું છું. આખું જીવન કંઈ કામધંધો કર્યો નહિ. બેઠાં બેઠાં ખાધા જ કર્યું છે. તને શરમ નથી આવતી ?'

ડૉક્ટર મિત્ર આડો પડીને હસવા લાગ્યો. એણે પુછ્યું, 'પછી માલિક વઢ્યા ત્યારે તાબેદારે શું કહ્યું ?' મેં કહ્યું, 'હું શું કહેવાનો હતો ? કયે મોઢે બોલું ? ત્યારથી જ મન ઠીંગરાઈ ગયું છે, ને વિચારું છું.'

ડૉક્ટર મિત્રે કહ્યું, 'તો હું એક વાર્તા કહું તો તમને ઠીક લાગશે ?'

મેં કહ્યું, 'તમે વાંચેલી વાર્તા કે તમે જાતે લખેલી વાર્તા ?'

ડૉક્ટરે કહ્યું, 'મેં નજરે જોયેલી વાર્તા. એમાં જરાય ઉમેરણ કર્યું નથી. મેં જે કંઈ જોયું છે અને સાંભળ્યું છે, તે તમને કહી જાઉં છું, તમે લખી નાખો. તમારે કશું વિચારવાનું જ નથી.'

હું તો રાજીરાજી થઈ ગયો, ને ખુરશીમાં પગ લાંબા કરીને અઢેલીને બેઠો. ને કહ્યું, 'કહેવા માંડો.'

ડૉક્ટર મિત્રે કહેવા માંડ્યું : 'તમને ખબર છે કે મારું નર્સિંગહોમ છે. મારું નર્સિંગહોમ ઘણા પૈસાદાર હોય તેમને જ પરવડે એવું છે. તેથી અઢળક પૈસાવાળા જ દર્દી ત્યાં આવે. અત્યારે ત્યાં એક દર્દી આવ્યો છે તેનું નામ તમે કદાચ જાણતા જ હશો - એ છે ગ્રીઅરસન બીઝનેસ કૉમ્પ્લેક્ષનો માલિક પી.સેન. એની બહુ જૂની વેપારી પેઢી છે. એની દિલ્હી, મુંબઈ, મદ્રાસમાં શાખાઓ છે. એની કેન્દ્રીય શાખા કલકત્તામાં જ છે. એ સેન અત્યારે મારા નર્સિંગહોમમાં દાખલ થયો છે. એ ત્યાં એક કેબિનમાં છે.'

મેં પૂછ્યું.' તેને શું થયું છે ?'

ડૉક્ટર મિત્રે કહ્યું, 'સળગી ગયો છે.'

મેં પૂછ્યું, 'સાજો થશે, કે મરી જશે ?'

ડૉક્ટરે કહ્યું, 'ગ્રીઅરસન બીઝનેસ કૉમ્પ્લેક્ષ શી રીતે આવી વિશાળ કંપની બની તેની મને પહેલાં ખબર નહોતી. એની પાસેથી જ મેં પહેલી વાર બધું જાણ્યું. બહુ કરુણ દશા છે. એ કંપનીનો માલિક આટલો બધો દુઃખી જીવ હોય એવું તો આપણી કલ્પનામાં પણ ન આવે. એની વાત સાંભળ્યા પછી મને થયું. કે શા માટે આપણે ધન મેળવવા હવાતિયાં મારતા હોઈશું ?

એ સેનનું નામ આમ તો કોઈ જાણતું નથી. એનું નામ છે પલટુ સેન. જોકે બધા એને પી.એન. સેન નામથી જ ઓળખે છે. તમે માનશો, પલટુ સેને મને એના જીવનની રજેરજ વાત કહી. હું તો એની આગળ કશી વિસાતમાં નથી. મેં એક વાર એને પૂછ્યું, 'તમે બહુ ગંભીર વિચારમાં રહો છો ? ચિન્તા ન કરો. તમે સાજા થઈ જશો. તમારું શરીર તો ધીમેધીમે સુધરતું જાય છે.'

પણ પલટુ સેન સાંભળે તો ને ? એણે રડતાં રડતાં મને કહ્યું : 'ડૉક્ટર, મારે હવે જીવવું જ નથી. મરણની રાહ આતુરતાથી જોયાં કરું છું.' ડૉક્ટરની વાત સાંભળતાં સાંભળતાં મને પણ વાત આગળ

સાંભળવાની તીવ્ર ઇચ્છા થઈ. જ્યાં જાઉં, જેને મળું, ત્યાં તેની વાત સાંભળું. એટલે મારો બધો થાક ઊતરી જાય, ને મારી મહેનત ફળતી લાગે. મેં કહ્યું, તમે નિરાંતે આરામથી બેસો. ને એની વાત સંભળાવો.'

ડૉક્ટરે કહ્યું, 'નિરાંતે વાત કરવા તો આવ્યો છું, બધું કામકાજ પડતું મૂકીને. મને લખવાનું આવડે પણ નહિ અને ફાવે પણ નહિ. વાર્તાની ચોપડી વાંચવાની ફુરસદ પણ નથી. એટલે જ તો તમારી પાસે આવ્યો. તમે લખો એ જ ઉત્તમ. એને સારું લાગશે.'

*

પલટુ સેનને બધા મહાન ઉદ્યોગપતિ તરીકે જાણે છે. ગ્રીઅરસન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે જાણે છે. એની સામે વાત કરતાં લોકોને ડર લાગે છે. એક વખતે એ એક સામાન્ય ૧૩૦ રૂપિયાના માસિક પગારે ટ્રૉલી-કારકુન હતો. કલકત્તાના બંદરમાં ગ્રીઅરસન કંપનીનું જે ગોદામ હતું ત્યાં ટ્રૉલી-કારકુન તરીકે એ કામ કરતો.

પલટુ સેને જ ડૉક્ટરને આ વાત કરી હતી. એણે ડૉક્ટરને કહેલું, 'બધાને એમ છે કે હું મારી બુદ્ધિને લીધે જ આવી મોટી કંપનીનો માલિક બન્યો છું. પણ એ માન્યતા ખોટી છે. તદ્દન ખોટી. બુદ્ધિને લીધે ક્યાંય સફળ થવાતું નથી.'

ડૉક્ટરે એને પૂછેલું, 'બુદ્ધિથી નહિ તો શાનાથી આગળ વધાય છે?'

પલટુ સેને કહેલું, 'બધું ઉપરવાળાની મરજી પ્રમાણે થાય છે. હું તો સામાન્ય માનવી છું. તદ્દન માનવી. પણ એ તદ્દન અદના માનવીમાંથી આજે આટલો ઊંચે ચઢ્યો છું તેમાં મારી કશી જ બહાદુરીનથી અને આજે તમારા નર્સિંગહોમમાં માંદગીના બિછાનામાં પડ્યો પડ્યો પીડાથી રહેંસાઉં છું, તે પણ ઉપરવાળાની મરજીને કારણે છે.'

ડૉક્ટર તો પલટુ સેનની વાત સાંભળીને અવાક્ થઈ ગયો. એણે પૂછ્યું. 'તમે એકસો ત્રીસ રૂપિયાના પગારના ટ્રૉલી - કારકુન હતા?'

'હા, ડૉક્ટર! તે વખતે મારી એવી દશા હતી કે એક કફની હું સાત દિવસ પહેરતો. હું એટલો ગરીબ હતો કે બેથી વધારે ખમીસ ખરીદવાના મારી પાસે પૈસા નહોતા. એમ કહીને એમણે પોતાની કરમકથા કહેવાનું શરૂ કર્યું, એ સાચું છે કે પલટુ સેનના જેવા હતભાગી લોકો બહુ થોડા હશે. એવો સમય હતો, કે એક ટંક પૂરું પેટ ભરીને ખાવાનું મળતું નહોતું; જેની નીચે સૂઈ શકાય એવું છાપરું નહોતું. કેટલીય વાર કોઈક મોટા ઘરના ગાડીના ગેરેજ પાસે સૂવા જતાં દરવાને તગેડી મૂક્યો હતો..જૂનાં છાપાંનું બિછાનું કરીને તે પર સૂઈ રહેતો. છેવટે ગ્રીઅરસનની કંપનીની ઑફિસમાં નોકરી મળી. ટ્રૉલી-કારકુનની નોકરી. મહિને એકસો ત્રીસ રૂપિયાનો પગાર.

એ જમાનામાં એકસો ત્રીસ રૂપિયા થોડા ન કહેવાય. મોટે ભાગે જીવનની મોટા ભાગની જરૂરિયાતો પૂરી પડે. ખિદિરપુર પોર્ટ કમિશનરની ડૉકની ઉપર ગ્રીઅરસન કંપનીનું શેડ હતું. આખો દિવસ તો કામકાજની ધમાલમાં પસાર થઈ જતો. પણ રાતના મુશ્કેલી હતી. રાત્રે શહેરના ગુંડાઓનો તથા ચોરલૂંટારાઓનો ત્યાં અડ્ડો જામતો. કેટલીય વાર પલટુ સેન ખૂની હુમલાઓમાંથી બચવા પામ્યો હતો. હેડ ઑફિસના માણસોને પલટુ સેનના કામથી સંતોષ હતો અને એને માટે મમતા હતી. તેઓ કહેતા હતા, 'પલટુ સેન છે એટલે અમારે કાળજે ટાઢક છે.'

આમ તો પલટુ એટલી નિષ્ઠાથી મને ધ્યાનથી કામ કરતો કે ઉપરી-અધિકારીઓ નિરાંતવે જીવે સૂતા; પણ ઑફિસના કર્મચારીઓની કંપનીની સંપત્તિ પલટુ સેન છે એટલે સુરક્ષિત છે, એ વાત કંપનીના સર્વોચ્ચ અંગ્રેજ અધિકારીઓ જાણતા નહોતા. એ લોકો તો સાત સમુદ્ર અને તેર નદી પાર કરીને ભારતમાંથી ધન ઉશેટવા આવ્યા હતા. તે વખતે અંગ્રેજોનું રાજ હતું. ઉશેટી શકાય એટલું ધન ઉશેટતા. ભારત એમની કામધેનુ હતી. એ લોકો અહીં લૂંટ ચલાવવા જ આવ્યા હતા. પણ જે દિવસથી ચોરી અને લૂંટફાટની શરૂઆત થઈ તે દિવસથી સાહેબોની ઊંઘ ઊડી ગઈ.

એક દિવસ ગ્રીઅરસન સાહેબ રાતને વખતે ગોદામ આગળ આવી પહોંચ્યા. એમણે એ ત્યાં જવાના છે તે વિષે કોઈને વાત કરી નહોતી. ખબર હોત તો પલટુ પણ સાવધાન રહેત.

ગોદામની બહાર એક ચારપાઈ પર પલટુ ઘોરતો હતો. એ મધરાતનો સમય હતો. સખત ગરમી હતી. એકાએક ધાંટાઘાંટ ને બરાડાનો અવાજ સાંભળી એની ઊંઘ ઊડી ગઈ. એણે ચોંકીને જોયું તો કેટલાક ગુંડાઓ કોઈની જોડે બાથંબાથી કરતા હતા... તરત જ પલટુ લુંગી પહેરેલી અવસ્થામાં ગુંડાઓ પર ત્રાટક્યો. તે પછી કોણ જાણે શું થયું તે ગુંડાઓ જીવ લઈને ભાગ્યા.

પલટુએ આંખો મસળીને જોયું. માથામાં ઘા વાગ્યો હતો અને તેમાંથી લોહી ઝરતું હતું. એવી અવસ્થામાં ગ્રીઅરસન સાહેબ ત્યાં ઊભા હતા.

સાહેબને જોઈને પલટુના હૃદયના ધબકારા વધી ગયા. એણે સલામ કરીને કહ્યું, 'ગુડ મૉર્નિંગ, સર!'

સાહેબે સ્મિત કર્યું. ને કહ્યું, 'અત્યારે તો મૉર્નિંગ નથી. અત્યારે તો 'નાઈટ' છે. તમે મને અત્યારથી જ 'ગુડ મૉર્નિંગ કહ્યું?' પછી સાહેબે પૂછ્યું, 'તમારું નામ શું?'

પલટુએ કહ્યું, 'પલટુ સેન, સર!'

ગ્રીઅરસન સાહેબ બહુ કડક મિજાજના હતા. ઘણા દિવસથી કંપનીના ગોદામમાંથી ચોરી થાય છે એ સાંભળી તે જાતે તપાસ કરવા આવ્યા હતા. એમણે એ પણ સાંભળ્યું હતું કે ગોદામ પર કોઈ ચોકી કરતું નથી. રાતે ગોદામ પર દારૂડિયાઓનો અડ્ડો જામે છે, અને જુગાર રમાય છે.

સાહેબ પૂછ્યું, 'તમને કેટલો પગાર મળે છે?'

પલટુએ કહ્યું, 'એકસો ત્રીસ રૂપિયા, સાહેબ!'

એકસો ત્રીસ રૂપિયાની વાત સાંભળીને સાહેબ તો અવાક્ થઈ ગયા. એકસો ત્રીસ રૂપિયાનો પગારદાર આટલો મહેનતુ! એમણે પૂછ્યું, 'તમારા કામનો સમય ક્યાંથી ક્યાં સુધી હોય છે?'

'સવારે દસ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી.' સાહેબે પૂછ્યું,

'તમે રહો છો ક્યાં ?'

'સાહેબ ! હું અહીં જ રહું છું. મારે ઘર નથી. હું આ ગોદામમાં જ રહું છું. અહીં જ ખાઉંપીઉં છું. અને અહીં ચારપાઈ પર સૂઈ રહું છું. ઘર ભાડે રાખવાના પૈસા મારી પાસે નથી.'

એ યુદ્ધના સમયની વાત છે. ગ્રીઅરસને સાંભળ્યું હતું કે ગોદામમાંથી માલ ચોરાય છે. એમને લાગેલું કે ઑફિસના માણસોનો જ એમાં હાથ હોવો જોઈએ. પણ એ અહીં જાતે તપાસ કરવા આવ્યા. અને પલટુ સેન ગુંડાઓ વચ્ચે કૂદી પડ્યો તે જોઈને પલટુ માટે એમના હૃદયમાં લાગણીની સરવાણી ફૂટી. પલટુ ન હોત તો કદાચ એમનું ખૂન થઈ જાત એમ એમને લાગ્યું.

એમણે થોડી વાર પલટુ સામે જોયાં કર્યું, પછી કહ્યું, 'કાલે સવારે તમે હેડ ઑફિસમાં આવીને મને મળજો.

પલટુએ કહ્યું, 'સાહેબ ! હું જરૂર આવીશ.'

સાહેબ તો એટલું કહીને ગાડીમાં બેઠા. પલટુ સેન જે કંઈ બન્યું તેનો તાગ મેળવવા થોડો સમય ત્યાં જ ખોડાઈ ગયો. થોડી વારે કંઈક સમજાતાં, અંધારામાં એણે આકાશ તરફ જોયું. ને બે હાથ જોડીને ભગવાનને નમસ્કાર કર્યા. મનોમન એણે કહ્યું, 'હે ભગવાન ! આટલા વખત પછી તેં મારી સામે જોયું ખરું.'

ભગવાન જ્યારે કોઈની પર કૃપા કરે ત્યારે આવી જ રીતે કરતો હોય છે. આ રીતે પલટુ પર ભગવાનની કૃપા વર્ષી. બીજે દિવસે પલટુ જ્યારે સાહેબને મળવા ગયો ત્યારે સાહેબે ગોદામમાં રહો છો તો નહાવા-ધોવાનું અને જમવાનું શું કરો છો ?' પલટુએ કહ્યું, 'ત્યાં બાથરૂમ છે, ત્યાં નહાઉં છું.' સાહેબે પૂછ્યું, 'ખાઓ છો ક્યાં ? હોટેલમાં ખાવ છો ?' પલટુએ કહ્યું, 'હોટેલમાં ખાવાનો ઘણો ખર્ચ થાય. મારી પાસે એટલા પૈસા ક્યાંથી હોય ? એટલે મેં બીજી વ્યવસ્થા કરી છે. ગોદામની પાસે એક ગરીબ માદીકરી રહે છે. તે મને બપોરે ને રાતે થાળી મોકલાવે છે. ને હું એમને મહિને સો રૂપિયા આપું છું.'

સાહેબે એની વાત સાંભળી થોડી વાર વિચાર કર્યો. પછી પૂછ્યું, 'તમે કેટલું ભણ્યા છો ?'

પલટુએ કહ્યું, 'ગરીબીને કારણે હું વધારે ભણી શક્યો નથી. ટ્યુશનો કરી કરીને કલકત્તા યુનિવર્સિટીની બી. એ.ની પરીક્ષા પાસ કરી છે.'

'કયા વિષયમાં ?' 'અર્થશાસ્ત્રમાં.'

સાંભળીને સાહેબ બહુ રાજી થયા. તરત જ ગ્રીઅરસન સાહેબના અંગત મંત્રી તરીકે એમની નિમણૂંકનો પત્ર પલટુને મળી ગયો. પગાર પાંચસો રૂપિયા !


પલટુ સેનની આંખમાંથી હરખનાં આંસું વહેવા લાગ્યાં. પછી જરા મોટેથી રડવા લાગ્યો. અને માથું નીચું કરીને ટેબલની નીચે નમીને સાહેબનાં ચરણનો સ્પર્શ કર્યો.

સાહેબે કહ્યું, 'રડો નહિ. તમારી લાયકાત અને કામગીરી જોઈને જ મેં આ જગ્યાએ તમને નીમ્યા છે.' (ક્રમશ:)

ચેસ-કૉર્નર : કોયડો-૩

અર્પી શાહ

કાળું



સફેદ

પ્રથમ કાળા મહોરાએ ચાલવાનું છે અને ચેસના નિયમ પ્રમાણે બે ચાલમાં સફેદ રાજાને મહાત કરવાનો છે. (white to play and mate in two).

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૧૦, મંગલમ્ એપાર્ટમેન્ટ્સ, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (email arpishah@jindalonline.net) મોકલી આપવા વાચકોને આમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ માર્ચના 'કુમાર'ના તે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે. -તંત્રી

*

'કુમાર'ના ડિસેમ્બર ૨૦૦૦ના અંકમાં આવેલા કોયડા નં - ૧નો ઉકેલ.

સફેદ	કાળું	
૧. Q g4 +	Kf 6	(+ = શેહ)
૨. P f8-Q#		(# = (મહાત) - check mate)-
		(Q = વજીર બને છે)

સફેદ વજીર e6 ઉપરથી g4 ઉપર જઈને કાળા રાજાને શેહ આપે છે. કાળા રાજાને g5 ઉપરથી f6 ઉપર ગયા સિવાય છૂટકો નથી. હવે સફેદ પોતાનું પ્યાદુ f7 ઉપરથી ખસેડી f8 ઉપર મૂકશે. આમ થતા પ્યાદુ વજીર બની જશે અને કાળા રાજાને શેહ આપતા કાળો રાજા મહાત થશે.

આ કોયડાનો સાચો ઉકેલ બે વાચકો તરફથી મળેલ છે : (૧)ધીરુભાઈ પટેલ (અમદાવાદ); (૨) રૂણાલ પરીખ (અમદાવાદ). વાચકો તરફથી નબળો પ્રતિસાદ મળ્યો ગણાય. તેનાં બે કારણો હોઈ શકે : (૧) ટપાલ ખાતાની હડતાલને કારણે 'કુમાર'નો સદરહુ અંક મોડો મળતાં વાચકો તેનો ઉકેલ સમયસર ન મોકલી શક્યા હોય અને (૨) આકૃતિમાં e6 ઉપર રહેલો વજીર કાળા જેવો છપાયેલો છે, તેને કારણે થોડો ગૂંચવાડો પણ થયો હોય.

એક અદ્ભુત નવી ટેક્નોલૉજિ

પ્રા. સુરેશ ર. શાહ

હૉલોગ્રાફી

હૉલોગ્રાફીને એક વિશિષ્ટ પ્રકારની ફોટોગ્રાફી કહી શકાય. તેને લેન્સ રહિતની ફોટોગ્રાફી કે લેસર ફોટોગ્રાફી તરીકે પણ ઓળખવામાં આવે છે. તેનો સિદ્ધાંત રજૂ કરનાર ડૅનિસ વિજ્ઞાની ગૅબર (Gabor) લંડનની ઇમ્પિરિયલ કૉલેજ ઑવ્ સાયન્સ અને ટેક્નોલૉજિમાં તેમના સંશોધનકાર્યમાં રત હતા. તેમણે ૧૯૪૭માં રજૂ કરેલા સિદ્ધાંત મુજબ ત્રિપરિમાણવાળી વસ્તુનું સામાન્ય ફોટોગ્રાફીથી બે પારિમાણિક છબી મળે છે પણ આ નવી હોલોગ્રાફીથી ત્રિપારિમાણિક છબી મળે છે તે વેળા તેમણે રજૂ કરેલા આ નવા સિદ્ધાંતને તરંગઅગ્રની પુનઃરચના (Wave front Reconstruction) તરીકે ઓળખાવાયો હતો. આ માટે સુસંબદ્ધ પ્રકાશની જરૂર હોય છે. તે વેળા લેસરની શોધ થઈ નહોતી. લેસરની શોધ પછી આ પદ્ધતિ ઉપર રચાયેલી આ ત્રિપારિમાણિક ફોટોગ્રાફીએ ઝડપથી હરણફાળ ભરી છે. ગૅબરે જ્યારે આ પદ્ધતિ વિકસાવી ત્યારે લેસર જેવાં સુસંબદ્ધ પ્રકાશની ગેરહાજરીમાં બહુ ટૂંકી તરંગલંબાઈ ધરાવતા સામાન્ય પ્રકાશને સુસંબદ્ધ કરીને વાપર્યો હતો.

હવે તો લેસર બીમ વાપરીને આવી ફોટોગ્રાફી કરવામાં આવે છે. આથી જ કેટલાંક આવી ફોટોગ્રાફીને લેસર ફોટોગ્રાફી કહે છે. વળી, સામાન્ય ફોટોગ્રાફીમાં વપરાતા કેમરામાં લેન્સ હોય છે તેવા લેન્સની અહીં જરૂર નથી. આમ, અહીં લેન્સ વપરાતો નથી તેથી તેને લેન્સ રહિતની ફોટોગ્રાફી પણ કહેવામાં આવે છે. હૉલોગ્રામમાં ત્રિપારિમાણિક છબી લેવાય છે, જે આબેહૂબ સાચાં પદાર્થ જેવું જ પરિણામ દાખવે છે. હૉલોગ્રામની તસવીરમાં તમે જેમ તમારી દૃષ્ટિને ફેરવો તેમ ચિત્ર બદલાતું દેખાશે. આમ, હૉલોગ્રામમાં તમને જુદા જુદા દૃષ્ટિકોણથી જોતાં તેનાં જુદાં જુદાં સ્વરૂપો દેખાય છે.

લેસર વડે શુભ શરૂઆત

લેસર બીમ વાપરીને હૉલોગ્રાફી સૌપ્રથમવાર ૧૯૬૩માં લીથ અને અપટનિકે (Emmett Leith and Juris Upatnicks) કરી હતી. જૂની રીત કરતાં લેસર બીમ વડે લેવાયેલા આ હોલાગ્રામ મોટા અને ઓછી મુશ્કેલીઓવાળા હતા. તેમની ગુણવત્તા સારી હતી. ત્યાર પછી તો આવા હૉલોગ્રામ બનાવવાનું વધુ સરળ અને સારી ગુણવત્તાનું બની રહ્યું.

વસ્તુના હૉલોગ્રામ બનાવવા માટે તેને સુસંબદ્ધ પ્રકાશથી પ્રકાશિત કરવામાં આવે છે. હવે તો આ માટે લેસર કિરણો વાપરવામાં આવે છે. વસ્તુને સુસંબદ્ધ પ્રકાશથી પ્રકાશિત કર્યા પછી તેને કાચની પ્લેટ ઉપર કે ફોટો ફિલ્મ પર રેકૉર્ડ કરવામાં આવે છે. હૉલોગ્રામને જોવા માટે પણ શરૂઆતમાં લેસર જેવો સુસંબદ્ધ પ્રકાશ જરૂરી હતો. પણ પછીથી તો નવી નવી પદ્ધતિઓની શોધ થતાં હવે તો સામાન્ય પ્રકાશમાં પણ હૉલોગ્રામને જોઈ શકાય છે.


હવે હૉલોગ્રાફીનો ઉ· ·ોગ પણ વધતો જાય છે. ખાસ કરીને તેને હવે સામાન્ય પ્રકાશમાં પણ જોવાનું શક્ય બન્યું છે તેથી તે હવે અધિક ઉપયોગી સાબિત થયા છે. ભારતીય ચૂંટણીપંચે મતદાતાઓને ઓળખપત્રો આપવાનું ચાલુ કર્યું છે. આવાં ઓળખપત્રો ઉપર ચૂંટણીપંચનો હૉલોગ્રામ દર્શાવતું સ્ટીકર ચોંટાડેલું હોય છે જેને ખસેડી ના શકાય. વિદેશ જવા માટે આપણે જે દેશમાં જવું હોય તેનો વિસા મેળવવો પડે છે. જેમ કે આપણે અમેરિકા કે કેનેડા જવું હોય તો તે દેશનો વિસા મેળવવો પડે છે. આવી વેળાએ આપણા પાસપૉર્ટ ઉપર તે તે દેશો વિસા અંગેનું કાર્ડ ચોંટાડે છે. તેના ઉપર પણ તે દેશનાં ચિહ્નો-લોગો દર્શાવતાં હૉલોગ્રામ હોય છે. હવે તો કેટલીક કંપનીના શેર સર્ટિફિકેટો ઉપર પણ તે તે કંપનીનાં નામ અને ચિહ્ન દર્શાવતા હૉલોગ્રામ જોવા મળે છે.

હૉલોગ્રાફીની વિશિષ્ટતા


હૉલોગ્રાફીમાં સામાન્ય ફોટોગ્રાફીની માફક વસ્તુના પ્રતિબિંબનો સંગ્રહ કરવામાં આવતો નથી. પણ વસ્તુ ઉપરથી પરાવર્ત થતા પ્રકાશના તરંગોનો સંગ્રહ કરવામાં આવે છે. આવી પ્લેટ હૉલોગ્રામ કહેવામાં આવે છે. સામાન્ય ફોટોગ્રાફીમાં નેગેટિવ પ્લેટને જોઈને મૂળ વસ્તુનો ખ્યાલ મેળવી શકાય છે. પણ હૉલોગ્રામમાં આવું નથી. તેને જોતાં તેમાં સંકેન્દ્રિત વલયો અને અવ્યવસ્થિત જોવા મળે છે. હૉલોગ્રામ ઉપરની આવી રચના સૂક્ષ્મ હોય છે અને તેને જોવા માટે માઇક્રોસ્કોપનો ઉપયોગ કરવો પડે છે.

આકૃતિના (A) ભાગમાં બતાવ્યાં પ્રમાણે જે વસ્તુનાં હૉલોગ્રામ બનાવવો હોય તે વસ્તુને સુસંબદ્ધ સમતલ તરંગો વડે પ્રકાશિત કરવામાં આવે છે. સામાન્ય રીતે હવે આ કામ માટે લેસર કિરણો વપરાય છે. વસ્તુ પરના પ્રત્યેક બિંદુ ઉપરથી પરાવર્ત થયેલા આમાંના કેટલાક બતાવ્યા પ્રમાણે સીધા જ ફોટો પ્લેટ કે ફિલ્મ પર પડે છે. દરમિયાન આ જ સુસંબદ્ધ સમતલ તરંગો માર્ગમાં બીજા કોઈ પદાર્થને અટક્યા વિના અરીસા ઉપરથી પરાવર્ત થઈને ફોટોફિલ્મ ઉપર બતાવ્યા પ્રમાણે આવે છે — આ પ્રકાશકિરણને નિર્દેશ કિરણ કે સંદર્ભકિરણ — સમતલ સુસંબદ્ધ કિરણ તરીકે આકૃતિમાં દર્શાવ્યું છે. ફિલ્મ આ આપાત થતા તરંગોના આ બે જૂથ વચ્ચે વ્યતિકરણની રચના થશે. જો કે આ પ્રક્રિયા થોડી જટિલ અવશ્ય છે. તેમાં વસ્તુના પ્રત્યેક બિંદુના સ્થાન અંગેની માહિતી નોંધાઈ હોય છે.

હૉલાગ્રામ માટે વાપરવાની ફિલ્મ એકદમ દાણાદાર હોવી જરૂરી છે, કારણ કે તેના ઉપર નોંધાતી વ્યતિકરણ રચનાનું બંધારણ પ્રકાશની તરંગલંબાઈ જેટલું નાનું હોય છે. આવી પ્લેટને કે ફિલ્મને જ્યારે પારદર્શક ફિલ્મ કે પ્લેટ તરીકે વિકસાવાય છે ત્યારે તે હૉલોગ્રાફ બીજી કોઈ વિગતો દર્શાવતો નથી, સિવાય કે બહુ નાના પ્રમાણમાં તેમાં જટિલ



આકૃતિ A : હૉલોગ્રામ બનાવવાનું (ફોટોગ્રાફી)



આકૃતિ B : હૉલોગ્રામ જોવાનું (પુનઃરચના)

વ્યતિકરણ રચનાઓ હોય છે. જો તેનાં ઉપર ધૂળનાં રજકણો જેવું હોય તો ફ્રેનલ રિંગ કે એવી કોઈ ચિત્રવિચિત્ર રચનાઓ દેખાશે, જેને મૂળ વસ્તુ સાથે કોઈ સંબંધ નથી હોતો.

આકૃતિના (B) ભાગમાં દર્શાવ્યા પ્રમાણે જ્યારે આ પારદર્શક પ્લેટને એટલે કે હૉલોગ્રામને કોઈ પણ રંગના સુસંબદ્ધ પ્રકાશથી જોવામાં આવે ત્યારે આંખ વડે જોવા મળતું વસ્તુનું ત્રિપારિમાણિક આભાસી પ્રતિબિંબ ચિત્ર જોવા મળે છે. હૉલોગ્રાફિક પ્રતિબિંબ મેળવવાની રીતને પુનઃરચના (Reconstruction) કહેવામાં આવે છે.

હૉલાગ્રાફીની ખૂબી એ છે કે સામાન્ય ફોટોગ્રાફિક કેમરાની માફક અહીં લેન્સની જરૂર નથી. વળી, હૉલાગ્રાફીમાં પ્રતિબિંબ તમે જેવા પ્રકાશ વડે જોતા હશો તે રંગનું દેખાશે. વળી, તે ત્રિપારિમાણિક અસર દર્શાવે છે એટલું જ નહિ, પણ મૂળ પદાર્થને જોતી વેળા તમે જેમ જેમ તમારી દષ્ટિને ફેરવશો તેમ તેમ પદાર્થનાં ભિન્ન ભિન્ન સ્વરૂપ તમને દેખાશે. જો કે પદાર્થને તેના મૂળ સ્વરૂપમાં જોવાનું પણ હવે શક્ય બનાવાયું છે. માટે હૉલોગ્રામની રચના-વેળાએ લાલ, વાદળી અને લીલો એમ ત્રણ રંગનાં લેસર કિરણો વપરાય છે તેમજ ફિલ્મ થોડીક જાડી વપરાય છે. તેને જોતી વેળાએ એટલે કે પુનઃરચના વેળાએ સફેદ પ્રકાશ કિરણ વપરાય છે.

હૉલોગ્રાફી — એકમાં અનેક

એક જ હૉલોગ્રાફી પ્લેટ ઉપર એક કરતાં અધિક પ્રતિબિંબો સંગ્રહી શકાય છે. નવી ટેકનિકથી તો એક પ્લેટ ઉપર એકસોથી પણ અધિક પ્રતિબિંબો સંગ્રહી શકાય છે. હવે તો એક જ હૉલોગ્રામ પ્લેટ ઉપર એક પછી એક ક્રમિક એક્સપોઝર આપીને તે જ પ્લેટ ઉપર અનેક ચિત્રો અને જાણકારીઓનો સંગ્રહ કરવામાં આવે છે. આ દરમિયાન એક છબીની અસર બીજી છબી ઉપર થતી નથી. આ માટે દરેક ચિત્ર મેળવવા જુદી જુદી કેરિયર આવૃત્તિનો ઉપયોગ કરવામાં આવે છે. એક ચાઈનીસ વિજ્ઞાની તો સમગ્ર વિશ્વકોશને એક ફિલ્મ શીટમાં સંગ્રહ કરી શક્યો છે. આથી જ કોઈ મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં વેચવા રખાયેલી તમામ વસ્તુઓ, તેમની વિવિધ સાઈઝ અને તે પ્રમાણે તે દરેકની વેચાણકિંમતો જેવી સઘળી જાણકારી હૉલોગ્રામમાં સંગૃહીત કરીને સ્ટોર્સના ચેક-આઉટ કાઉન્ટર ઉપરના ઉપકરણમાં રાખવામાં આવે છે. જ્યારે ગ્રાહક તે વસ્તુ પસંદ કરી ટ્રૉલિમાં મૂકીને આવા કાઉન્ટર ઉપર પૈસા ચૂકવવા આવે છે ત્યારે ત્યાં કાઉન્ટર ઉપરનો કલાર્ક પ્રત્યેક વસ્તુ ઉપરના બાર કોડ એટલે કે રેખીય સંકેતોને કાઉન્ટર ઉપરના ઉપકરણની બારી નીચે ધરે છે. તે વસ્તુની કિંમત સહિતની જરૂરી સઘળી જાણકારી કમ્પ્યૂટરને મળી જાય છે. અને તરત જ બિલમાં તેની કિંમત છપાઈ જાય છે. આ હૉલોગ્રાફીની કમાલ છે.

હૉલોગ્રાફીના વિશિષ્ટ ઉપયોગો

જીવવિજ્ઞાનમાં માઈક્રોસ્કોપ સૂક્ષ્મદર્શક એક અગત્યનું ઉપકરણ ગણી શકાય પણ તેની મર્યાદા આ વિજ્ઞાનના અભ્યાસની મર્યાદા બને છે. ઘણા નમૂનાઓને પ્રવાહીમાં રાખીને અભ્યાસ કરવાનો હોય છે. આ માટે તેમને પ્રવાહીમાં એક જ સમતલમાં રાખીને અભ્યાસ કરવામાં આવે છે. જુદી જુદી ઊંડાઈએ રહેલા નમૂનાઓ માટે આવા માઈક્રોસ્કોપને તે પ્રત્યેક ઊંડાઈ માટે ફોકસ-કેન્દ્રિત કરવા પડે, જે એક મુશ્કેલ કાર્ય છે. આ ઉપરાંત આવા બધા નમૂનાઓનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય નહિ. હૉલોગ્રાફીએ આ મુશ્કેલી દૂર કરી છે. જે નમૂનાઓનો અભ્યાસ કરવો હોય તેમના હૉલોગ્રામ તૈયાર કરી પછી અનુકૂળતાએ તેમનું ત્રિપારિમાણિક ચિત્ર તૈયાર કરવામાં આવે છે. પછી માઈક્રોસ્કોપની મદદથી જુદી જુદી ઊંચાઈએ તેને ફોકસ કરી વિસ્તૃત અને તુલનાત્મક અભ્યાસ કરી શકાય છે. આમ, હૉલોગ્રાફીના ઉપયોગથી જીવવિજ્ઞાનમાં કેટલાક અભ્યાસો હવે વધુ સરળ અને સુંદર બન્યા છે. આવી જ રીતે વનસ્પતિશાસ્ત્રમાં છોડના વિકાસનો અભ્યાસ કરવામાં પણ હૉલોગ્રાફી મદદે આવી છે. કોઈ પુષ્પ કે જીવંત વનસ્પતિનો એક વાર હૉલોગ્રામ લઈને પછી તેની સાથે જીવંત વનસ્પતિનો વિકાસ સરખાવીને તેનો પ્રતિ સેકન્ડે થતો વિકાસદર પણ જાણી શકાય છે. આ પદ્ધતિથી હાલમાં મશરૂમની ખેતીને પ્રોત્સાહન મળે તેવાં પગલાં લઈ શકાય છે.

સામાન્ય ફૉટોગ્રાફીથી વસ્તુ અંગેની જાણકારી જાળવી શકાય છે તેના કરતાં અધિક જાણકારી માઈક્રોફિલ્મથી જાળવી શકાય છે. પણ હૉલોગ્રાફી તે બધી પ્રચલિત પદ્ધતિઓ કરતાં અનેકગણી અધિક જાણકારીનો સંગ્રહ કરી શકે છે. વળી, હૉલાગ્રાફીનો ઉપયોગ ધાતુ કે પ્લાસ્ટિક કે બીજી બનેલી વસ્તુઓમાં તિરાડો શોધી કાઢવામાં થાય છે. હૉલોગ્રાફીથી લગભગ દશ લાખ ગણું વિશાલન મેળવી શકાય છે. આ ઉપરાંત ત્રિપારિમાણિક સિનેમા કે ટી.વી. ચિત્રો પણ તૈયાર કરી શકાય છે.

અમુક વખતે વસ્તુને નુકસાન ના થાય તેવી રીતે તેની ચકાસણી જરૂરી છે. જેમ કે એરોપ્લેનનાં ટાયરોની બનાવટમાં કોઈ સૂક્ષ્મ ખામી છે કે કેમ તે કેવી રીતે જાણવું ? આવી ખામી ક્યારેક મોટો અકસ્માત સર્જી શકે છે. નવી ટેકનિક પ્રમાણે આવા ટાયરનો હૉલોગ્રામ બનાવવામાં આવે છે. ત્યાર પછી તેમાં હવા ભરીને ટાયરને ફુલાવવામાં આવે છે. જો ટાયરમાં કોઈ જગ્યાએ કશી ખામી હશે તો તે સ્થળે તેનો ફૂલવાનો દર બીજા ભાગો કરતાં અધિક હશે. તેનાં હૉલાગ્રામ સાથે આ ભાગને સરખાવતાં ખામીવાળા ભાગ તુરત જ જણાઈ આવશે.

અને અંતે

મોટા મોટા ઉદ્યોગગૃહો અને કૉર્પોરેશનો તેમની જાહેરાતો ધ્યાનાકર્ષક બને તે માટે પણ હૉલોગ્રામનો ઉપયોગ કરે છે. થોડા સમય પૂર્વે રમાયેલી ઑલિમ્પિકની અમુક રમતોમાં તેમના પ્રયોજક મૅકડોનાલ્ડ હતા. તેમણે પ્રયોજેલા રમતવીર મેરી લઉ રેટોનની રમતવેળાની છબીનો તેમણે હૉલોગ્રામ બનાવીને પછી જાહેરાતમાં તે વાપરવા માગતા હતા. આનો હૉલોગ્રામ બનાવવા તેમણે તેમના નિષ્ણાત જ્યોંગને રોક્યા હતા. રમતવીર રોટનની છબી માટે તેમણે અતિ અલ્પ સમયનો, સેકન્ડના દસ લાખમા ભાગથી પણ ઓછો, એક્સપોઝર સમય આપ્યો હતો.

સોવિયેટ વિજ્ઞાનીઓ તેમના પૌરાણિક સાંસ્કૃતિક ખજાનાને હૉલોગ્રામની મદદથી જાણી શક્યા. તેના તેમણે લેસરકિરણોથી આવી રીતે ફોટોગ્રાફ લીધા અને તેના ઉપરથી બનાવેલા હૉલોગ્રામને પૌરાણિક નમૂનાઓ તરીકે ઉપસાવીને વેચ્યા હતા. જેને સામાન્ય સફેદપ્રકાશમાં પણ સ્પષ્ટ જોઈ શકાય છે. □

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર ૨૦મી નવેંબર ૧૯૪૨

પ્રિય કિટી,

સાચું તો અમને કોઈને સમજણ નથી પડતી કે આ બધું કેમ કરીને સ્વીકારવું. અત્યાર સુધી સાંભળેલા યહૂદી પરના અત્યાચારના સમાચાર ખરેખર અમને સ્પર્શ્યા જ નહોતા. બને એટલા આનંદિત રહેવું એ જ અમને યોગ્ય લાગ્યું. આ પહેલાં જ્યારે જ્યારે મીપે કોઈ યહૂદી પરના અત્યાચારનો પ્રસંગ કહ્યો ત્યારે ત્યારે મમ્મી અને શ્રીમતી વેનડાન ઢીલાં પડી ગયાં એટલે મીપ અમને હવે આવી વાતો કહેતી નથી. પણ આગમન પછી તરત ડસેલ પર બધી દિશાએથી પ્રશ્નોની ઝડી વરસી અને એમણે આપેલા સમાચાર એટલા તો કરુણ છે કે વાત મગજમાંથી કાઢવી મુશ્કેલ છે.

અને છતાંય વખત સાથે ભયાનક ચિત્રો માનસપટ પરથી ઝાંખાં થશે અને ફરી એક વાર અમે એકબીજાંની ચેષ્ટા-મશ્કરી કરવા માંડશું. કાયમ હતાશ રહેવાથી નથી અમને ફાયદો કે નથી બહારનાં લોકોને મદદ થવાની અને અમારા આ 'ગુપ્ત નિવાસ'ને 'હતાશ ગુપ્ત નિવાસ'માં ફેરવીનેય શું ફાયદો ? કાંઈ પણ પ્રવૃત્તિ કરતાં મારે શું કાયમ એ યાતનાઓનો જ વિચાર કરવો ? આવે સમયે યોગ્ય કારણસર હસવું લજ્જાસ્પદ ગણાય ? કાયમ આંસુ જ સાર્યા કરવાં ? ના, એ શક્ય નથી. જેમ વખત જશે તેમ આ હતાશા પણ ઓછી થઈ જશે.

પાછું આ દુઃખોમાં મારાં અંગત દુઃખનો ઉમેરો થયો છે. અલબત્ત, આ દુઃખોની સરખામણીમાં મારું દુઃખ તો ક્ષુલ્લક ગણાય. પણ દુઃખ તો છે જ. ગયા કેટલાક દિવસથી મને ખૂબ એકલું લાગે છે. જાણે કે હું મારી આસપાસ મોટા ખાલીપાથી ઘેરાઈ ગઈ છું. આવું મને પહેલાં ક્યારેય લાગ્યું નહોતું. મારું મન મારી બહેનપણીઓના વિચારે આનંદિત અને ભર્યુંભર્યું રહેતું. અને હવે મને યાતનાઓના વિચારો આવે છે અને નહિતર મારા પોતાના વિચારો કર્યા કરું છું. આટલા વખતે મને જાણ થઈ છે કે મારા વિતેલા દિવસોનું સ્થાન પપ્પા લઈ શકે એમ નથી. ખેર, પણ આવા મારા ગાંડપણથી મારે તને શા માટે હેરાન કરવી ? હું જાણું છું કે હું તારો લાભ જ લઉં છું અને તે પણ તારો આભાર ન માનતાં. પણ શું કરું. બધાંનાં ટપલાં ખાઈખાઈને ઉપરથી આ યાતનાઓના વિચાર કરી કરીને ઘણી વાર મારું તો મગજ ભમી જાય છે

લિ. એન.

શનિવાર ૨૮મી નવેંબર ૧૯૪૨

પ્રિય કિટી,

અમે વીજળી ઘણી વાપરી નાખી છે. પરિણામે વીજળીની કરકસર અને કાપ પડવાની શક્યતા. પખવાડિયું લાઇટ વિના કાઢવું નથી. આશા રાખીએ કે એ વારો ન આવે. સાંજના ચાર-સાડા ચાર પછી વાંચવા માટે પ્રકાશ પૂરતો નથી હોતો એટલે વખત પસાર કરવાના જાતજાતના રસ્તાઓ શોધી કાઢ્યા છે. એકબીજાંને ઉખાણાં પૂછવાં, અંધારામાં અંગ-કસરત કરવી, અંગ્રેજી કે ફ્રેન્ચમાં વાતો કરવી અથવા તો વાંચેલાં પુસ્તકો પર ટીકા-ટિપ્પણ કરવી. છેવટે આ બધાંનો કંટાળો આવવા માંડે. ગઈ કાલ સાંજે મેં નવો નુસખો શોધી કાઢ્યો છે : મકાનના પછવાડે આવેલા ઘરમાંના પ્રકાશિત ઓરડામાં દૂરબિનથી ડોકિયું કરવાનું. દિવસે તો પડદા વચ્ચે જરા જેટલી ફાટ પડે એ ચાલે નહિ, પણ રાત્રે એનો વાંધો નહિ. પડોશીઓ પણ આટલાં રસપ્રદ હોઈ શકે એની મને તો ખબર જ નહોતી. બીજાંની ખબર નથી પણ અમારાં તો છે જ. એક દંપતીને સાથે બેસી જમતાં જોયું, તો એક કુટુંબ એક ફિલ્મ બનાવવાની તૈયારીમાં હતું અને સામેનો દાંતનો ડૉક્ટર એક બેનના દાંત તપાસતો હતો અને બહેન ખૂબ જ ગભરાઈ ગયાં હતાં.

બધાંનો મત હતો કે ડસેલને બાળકો વિશેષ વહાલાં અને બાળકો સાથે એમને સારું બને. પણ હવે એમણે એમના ખરા રંગ પરખાવ્યા. એ તો સાવજ જૂનવાણી, અતિ શિસ્તપ્રિય છે અને ઉપદેશ દેવો તે તો એમનું જ કામ.

પાછું સાહેબ સાથે આ નાનકડા ઓરડામાં રહેવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે. મારી ગણના ઘરનાં ત્રણ છોકરાંમાંની રીતભાત વગરની વ્યક્તિમાં થાય. એટલે મારે નસીબે આવ્યાં છે એમનાં જૂનાં અને જાણીતાં ભાષણો. એ તો હવે હું બહેરી હોવાના ડોળ સાથે સહન કરી લઉં છું.વાત અહીં જ પૂરી થતી હોય તોય ઠીક છે, પણ આ તો પાછા રહ્યા ખાંખતિયા અને એટલું ઓછું હોય એમ પાછી પોતે કરેલી ખાંખતની મમ્મી પાસે જઈને ચાડી ખાય. એટલે એમના ભાષણથી પરવારું ત્યાં તો એ જ વિષય પર મમ્મીનું ભાષણ શરૂ થાય. આમ, ફરીફરીને મારી પર ભાષણનો વરસાદ પડે. અને પછી - મારું નસીબ પાવરધું હોય તો શ્રીમતી વેનડાન મેં કરેલા ગુનાઓના ખુલાસા માગે એટલે થયું. પછી તો મારી પર વાવાઝોડું જ ત્રાટકે !

એકાદ ચોખલિયા કુટુંબની કશા પ્રકારની રીતભાત વગરની કન્યા બનવું એટલે શું એ તને નહિ સમજાય. રાત્રે પથારીમાં પડ્યાં પડ્યાં મારા નામે લેખાયેલાં અવગુણો અને ભૂલો વિશે વિચારું છું

ત્યારે હું એટલી તો ગૂંચવાઈ જાઉં છું કે તે વખતની મારી માનસિક અવસ્થા પ્રમાણે ક્યાં તો મને રડવું આવે, ક્યાં તો પછી હસવું.

અને પછી હું જેવી છું કે જેવી બનવા માગું છું અથવા તો જે બનવું મને ગમે એનાથી કાંક જુદા જ બનવાની અપેક્ષા કરતાં કરતાં મને નિંદર આવી જાય. અરે રામ, હવે તો મેં તનેય ગૂંચવાડામાં મૂકી દીધી. એ બદલ માફી માગું છું. મને લખેલું ચેકવું નથી ગમતું અને કાગળની તંગીના જમાનામાં ફાડીને ફેંકી દેવો પણ શક્ય નથી એટલે મહેરબાની કરીને આ છેલ્લું વાક્ય તું વાંચતી નહિ, અને વાંચે તો એને સમજવાની માયામાં ન પડીશ, કારણ કે એ તને સમજાશે નહિ.

લિ. ઍન.

સોમવાર ૭મી ડિસેમ્બર ૧૯૪૨

પ્રિય કિટી,

હાનુકા અને સેન્ટ નિકોલસ ડે આ વર્ષે નજીક નજીક આવ્યાં - એક જ દિવસના અંતરે. હાનુકા અમે સાદી રીતે જ ઊજવી. પહેલાં એકબીજાંને ભેટની આપલે કરીને પછી રિવાજ પ્રમાણે મીણબત્તીઓ સળગાવી. એની પણ તંગી હોવાને લઈને ફક્ત દસ જ મિનિટ સળગાવી. પણ મનભરીને ગીતો ગાયાં. શ્રી વેનડાને મીણબત્તી માટે સુંદર લાકડાનું સ્ટેન્ડ બનાવ્યું હતું એટલે એ રીતે બધું વ્યવસ્થિત પાર પડ્યું.

સેન્ટ નિકોલસ ડેની પૂર્વસંધ્યાએ અમે ખૂબ મજા કરી. મીપ, બેપ અને પપ્પાની વચ્ચે ચાલી રહેલી ગુસપુસે અમારી ઉત્કંઠા વધારી મૂકી હતી. અને કાંક પ્લાન ચાલી રહ્યો છે એવી અમને ખબર પડી ગઈ હતી.

અમારી ધારણા સાચી નીકળી. રાત્રે આઠ વાગે અમને દાદરો ઊતરીને, એક અંધારી પરસાળમાં થઈને નાનકડા અંધારિયા ઓરડામાં લઈ જવામાં આવ્યાં. (મનમાં તો હું એવી ફફડી રહી હતી કે બસ, થતું હતું ક્યારે ફરી સહીસલામત ઉપર પહોંચી જઈશ.), એ ઓરડાને એકેય બારી ન હોવાથી લાઈટ કરી અને પપ્પાએ ત્યાંનો મોટો કબાટ ખોલ્યો ને અમે બધાં જ બોલી ઊઠ્યાં, 'હેઈ, કેવું સરસ !' કબાટમાં ખૂણામાં એક મોટી ટોપલી સેન્ટ નિકોલસના કાગળમાં શણગારેલી પડી હતી. ને એની ઉપર હતું બ્લેક પીટરનું મ્હોરું.

તરત એ ટોપલી લઈ અમે ઉપર ગયાં. એમાં બધાંને માટે ઝીણી ઝીણી સુંદર ભેટ હતી. અને દરેક ભેટ સાથે એક કવિતા ચોંટાડેલી હતી. એમાં મને એક ઢીંગલી મળી. એના સ્કર્ટમાં જાત જાતની વસ્તુઓ ભરી શકાય એવાં ખીસ્સાં છે. પપ્પાને બુક-એન્ડ મળ્યા. અમને એ કલ્પના ગમી. અત્યાર સુધી અમે સેન્ટ નિકોલસ ડે ઊજવ્યો નહોતો. એટલે આમ એની સુંદર શરૂઆત પણ થઈ.

લિ. ઍન

(ક્રમશઃ)

લઘુકથા

ઝરખ

હરિત પંડ્યા

ઉજ્વલની મહેમાનગીરી ત્રણેક દિવસ માણ્યા પછી તે દિવસે એ એને ગામ જવા નીકળી જવાનો હતો, પણ એનાથી નીકળી શકાએલું નહીં.

'દોસ્ત, એક સરસ જગા તારે હજુ જોવાની બાકી રહી જાય છે. આજે સાંજે એ તરફ નીકળીશું. એ જોવાઈ જાય એટલે તું છુટ્ટો. ઉજ્વલે એને રોકાવાનો આગ્રહ કરતાં કહેલું ને તે સાંજે ઉજ્વલ એને ગામથી સહેજ દૂર આવેલી ટેકરી પર લઈ ગયેલો. બન્ને જણ ટેકરીની ટોચ પર પહોંચ્યા ત્યારે સૂરજ આથમવાની તૈયારી કરી રહ્યો હતો.

એને આ સ્થળ ગમી ગયું. અહીંથી ઉજ્વલનું ગામ, ગામનાં બેઠા ઘાટનાં મકાનોની ઉપર ઊઠતી ત્રણ-ચાર હવેલીઓ, ગામને આલિંગીને પથરાએલાં ખેતરો ને ટેકરીને અડીને વિસ્તરેલું જંગલ એ હરખભેર જોઈ રહ્યો.

એણે ગળે લટકાવેલું બાઈનોક્યૂલર આંખે લગાડ્યું, ને જંગલ તરફ ફેરવ્યું.

એક ઝાડ નીચેનું દૃશ્ય નજરે પડતાં એનું બાઈનોક્યૂલર ફરતું અટકી ગયું.

એક ચિત્તો હરણના બચ્ચાને ગરદનથી એના જડબામાં ગ્રસીને પડ્યો હતો. શિકારને ઝડપવામાં એને સારી એવી જહેમત ઉઠાવવી પડી હશે, તેથી એ હાંફતો હતો. હરણના બચ્ચાનો તરફડાટ ધીમે ધીમે શાંત પડતો જતો હતો.

ત્યાં, એક ઝરખ ક્યાંકથી આવી ચડ્યું. એ મક્કમ પગલે ચિત્તાભણી ડગલાં ભરતું રહ્યું.

હવે શું થશે ? એ અધ્ધર શ્વાસે જોતો રહ્યો. ઝરખ સાથે બાખડવામાં રહેલા જોખમનો ચિત્તાને ખ્યાલ હશે, તે એ તો પોતાના શિકારને પડતો મેલીને ત્યાંથી ચાલ્યો ગયો ને નજીકની ઝાડીમાં અલોપ થઈ ગયો.

ઝરખ તૈયાર ભક્ષને એનાં મજબૂત જડબાંમાં જકડીને ચાલતું થયું.

એનાથી લગીર ખિન્ન થઈ જવાયું. એણે બાઈનોક્યૂલરની દિશા બદલી નાખી. એક ખેતર પર એનું બાઈનોક્યૂલર મંડાયું.

એક ખેડૂત પરિવાર ખેતરના મોલને લણીને એને ગાડાભેગો કરવાની પેરવીમાં હતો. ત્યાં એક ટ્રેક્ટર ખેતરના શેઢે આવીને ઊભું રહી ગયું. એમાંથી થોડાક માણસો ઊતર્યા, ને તૈયાર લણેલો માલ ટ્રેક્ટરમાં ભરવા માંડ્યા. ખેડૂત પરિવારનો વલોપાત લક્ષમાં લીધા વિના તેઓ એમનું કામ કરતા રહ્યા. ટ્રેક્ટરમાં બેઠેલો એક આદમી એમને સૂચનાઓ આપતો રહ્યો. એનું મન ફરી ખિન્ન થઈ ગયું.

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

બંગલાદેશ – ૧૯૭૫ના છેલ્લા પાંચ માસ

તા. ૨૫-૧૨-૮૦. બંગલાદેશમાં મુજીબુર્રહેમાનનું ખૂન થયા પછી ત્યાં શું શું થઈ ગયું તેની સામાન્ય લોકોને બહુ ખબર પડી નથી. પણ હમણાં લોરેન્સ લિફ્યુલિત્સ નામના અખબારનવેશે એક પુસ્તક લખ્યું છે. આ છાપાંવાળો તે દિવસોમાં ઢાકામાં હતો. તે પુસ્તકમાં તેણે ઘણી બધી માની શકાય તેવી વિગતો આપી છે.

૧૫મી ઑગસ્ટ ૧૯૭૫ની વહેલી સવારે લશ્કરના જૂનિઅર ઑફિસરોએ બળવો કરી મુજિબની કત્લ કરી સત્તા હાથ કરી અને ખોંડાકર પ્રમુખ થયો. ખોંડાકર અમેરિકા તરફી હતો. અત્યારનો પ્રમુખ ઝિયા ઉર રહેમાન (ત્યારે લશ્કરનો મેજર જનરલ) તટસ્થ રહ્યો.

આ વાતને ત્રણ માસ પણ ન થયા ત્યાં નવેમ્બરની ૩જીએ બીજો બળવો થયો. ખોંડાકરને ઉઠાડીને જેલમાં પૂર્યા અને ખાલેદ મુશર્રત પ્રમુખ થયો. તેણે મેજર ઝિયાને જેલમાં પૂર્યો. જેલમાંથી ઝિયાએ તેના મિત્ર કર્નલ તાહેરનો સંપર્ક સાધ્યો. આ કર્નલ તાહેરનો બંગલાદેશને પાકિસ્તાનની ધુરામાંથી મુક્ત કરનાર મુક્તિ-વાહિનીનો સંગઠક હતો અને તેથી બંગલાદેશના સૈન્યના અદના સૈનિકોમાં ઘણો માનીતો હતો.

અને નવેમ્બરની ૭મી એ લોકોએ બિરદાવેલો એવો ખરેખર બળવો થયો. અદના સૈનિકોની નેતાગીરી લઈ કર્નલ તાહેરે, મેજર જનરલ ઝિયાને જેલમુક્ત કર્યો, ખાલેદ મુશર્રતને ઉઠાડી મૂક્યો અને ૧૨ મુદ્દાનો દેશની આઝાદીના સંરક્ષણ માટેનો કાર્યક્રમ મૂક્યો.

પણ આ બળવાઓની હારમાળાનો છેલ્લો અંક હવે શરૂ થાય છે. કર્નલ તાહેર અને તેના મિત્રો મૂળભૂત રીતે લોકતંત્રવાદી હતા અને તેમની યોજના બ્રિટિશ તાલીમ પામેલ ઑફિસરોની સત્તા નીચેથી બંગલાદેશના લશ્કરને સ્વતંત્ર કરી તેને આઝાદ દેશના લશ્કર જેવું સંગઠિત કરવું હતું. પણ અમેરિકાને તો પોષાય નહિ. અમેરિકન CIA કામે લાગી ગયું અને ૨૩મી નવેમ્બરે CIAની સલાહ પ્રમાણે જનરલ ઝિયાએ કર્નલ તાહેરને કેદ પકડ્યો. જેલમાં તેની ઉપર કામ ચલાવ્યું. શું આરોપ મુકાયો, કોણે કેસ ચલાવ્યો એ કોઈને ખબર નથી અને ચાર દિવસમાં તો તેને ફાંસી આપી દીધી અને ઝિયાએ, જે મિત્રની મદદથી તે સત્તા પર આવ્યો હતો તેને જ ફાંસીએ ચઢાવી અમેરિકન ટેકાથી સત્તા કબજે કરી ! આમ, દગોફટકો અને છેતરપિંડીને અન્તે અત્યારે ઝિયા ઉર રહેમાન બંગલા-દેશનો પ્રમુખ થયો છે. ઔરંગઝેબે તેના બાપ અને ત્રણ ભાઈઓને મારીને ગાદી પડાવી તે જમાનો હજી ગયો નથી તેપિ લાગે !

નવા આઝાદ થતા દેશમાં આવું બધું થતું જાણીએ ત્યારે આપણને લાગે કે મહાત્મા ગાંધીના આપણે સહુ કેટલા બધા ઋણી છીએ.

'ટાઈમ્સ' ગુજરાતમાં

તા. ૨૫-૧-૮૯. મુંબઈથી અંગ્રેજીમાં નીકળતું છાપું 'ટાઈમ્સ ઑવ્ ઈન્ડિયા' અંગ્રેજી રાજ્યના જમાનામાં ગાંધી-વિરોધી, સરકાર તરફી છાપાં તરીકે જાણીતું હતું અને બ્રિટિશ કંપનીની માલિકીનું એ છાપું હતું તેથી આ નીતિ તો સમજાય તેવી હતી. આઝાદી પછી છાપાની બ્રિટિશ કંપની મારવાડી ડાલમિયા-જૈનની કંપનીએ ખરીદી લીધી. હવે તેની સામાન્ય નીતિ એવી થઈ કે અંગ્રેજી ભાષાનો પ્રચાર કરવો અને ગમે તે સરકાર હોય તેની ટીકા જરૂર પડે કરવી પણ કડવી ટીકા ન કરવી.

ગુજરાતનું જુદું રાજ્ય થયા પછી ટાઈમ્સની એક આવૃત્તિ અમદાવાદથી પ્રકટ થાય છે. પણ છાપાના તંત્રને આઠદસ વર્ષમાં જ દેખાઈ ગયું કે ગુજરાતમાં ગમે તેટલી ઇંગ્લિશ મીડિઅમમાં સ્કૂલો હોય છતાં ટાઈમ્સની નકલો સરકારી ઑફિસો, લાઈબ્રેરીઓ અને બિનગુજરાતી કુટુમ્બો સિવાય પ્રમાણમાં બહુ ઓછી વેચાય છે. એટલે પછી બસ-સ્ટેન્ડ ઉપર મોટી જાહેરાતો મૂકી; પણ તંત્ર સમજદાર ખરું-જાહેરખબર ગુજરાતીમાં મૂકી - દેશ અને દુનિયાના તાજા સમચાર માટે ટાઈમ્સ વાંચો.' એક બીજી જાહેરખબર વધારે રસપ્રદ હતી : 'કરો કંકુનાં - ટાઈમ્સના મેટ્રિમોનિયલ કોલમની મદદથી.'

તોયે બહુ ફેર પડ્યો નહિ. અમદાવાદથી નીકળતાં ત્રણ મોટાં ગુજરાતી છાપાં. એ દરેકની નકલોનું વેચાણ લાખોમાં ગણાય ત્યારે ટાઈમ્સ ઑવ્ ઇન્ડિયાનું હજારોમાં જ રહ્યું. એટલે હવે તેમણે નક્કી કર્યું લાગે છે કે ગુજરાતની જાહેરખબરોની આવક મેળવવી હોય તો ગુજરાતી ભાષા સિવાય છૂટકો નથી. આમ, ૧૭મી જાન્યુઆરીથી તેમણે ગુજરાતી ભાષામાં છાપું કાઢવાનું શરૂ કર્યું છે. નામ રાખ્યું છે, ટાઈમ્સ ઑવ્ ઈન્ડિયા (ગુજરાતી), એ જ પ્રમાણે તેનું એક સ્ત્રી-સાપ્તાહિક નીકળે છે, નામ છે Famina. હવે તેની પણ ગુજરાતી આવૃત્તિ ફેમિના નામે શરૂ કરી છે. ડાલમિયા - જૈન કંપનીના મારવાડી શેઠિયાઓ સમજી ગયા છે કે ગુજરાતમાં નિરાંતે છાપાં વાંચવાવાળા બે મોટા વર્ગો છે : શહેરોમાં ગૃહિણીઓ અને નાનાં ગામડાંમાં ભણેલો ખેડૂત કે જુવાનિયો.

જોઈએ, તેમનું 'ટાઈમ્સ ઑવ્ ઇન્ડિયા (ગુજરાતી)' કેવુંક ચાલે છે.

રૂઢિચુસ્તતામાંથી ધર્માંધતા

તા. ૧૯-૨-૮૯. સલમાન રશ્દીની નવલકથા 'શેતાની શ્લોક' (Satanic Verses) ઇસ્લામી ધર્મઝનૂન જગવી રહી છે, અને રૂઢિચુસ્ત અને ધર્માન્ધ ઈરાની નેતા ખોમિનીએ તો રશ્દીનું માથું લાવનારને વીસ લાખ ડૉલરનું ઈનામ જાહેર કર્યું છે. રૂઢિચુસ્તતા, ધર્માન્ધતા, ધર્મઝનૂન આ સમાજની પડતીનાં પગથિયાં છે. કોઈ ધર્મ કે કોઈ સમાજ આ અવપતનની સીડી પરથી સરક્યા વગરનો નથી રહ્યો. આજકાલ ઇસ્લામી અને શીખ સમાજમાં ધર્મઝનૂનનાં ચિહ્નો દેખાવા લાગ્યાં છે. પણ રૂઢિચુસ્તતામાંથી નીપજતી ધર્માન્ધતા તો વધતેઓછે અંશે બધા જ ધર્મોમાં દેખાય છે. સાથેસાથે અવપતનના

આ માર્ગને રોકનારાં પરિબળો પણ દેખાતાં રહે છે.

આજકાલ ગુજરાતમાં જૈન સમાજમાં આવો ખળભળાટ શરૂ થયો છે. ૧૯૪૬થી ૧૯૪૮ના ગાળામાં મુંબઈના એક શ્રીમન્ત જૈન કુટુમ્બની સાત વ્યક્તિઓએ દીક્ષા લીધી – પિતા, માતા, કાકા, ત્રણ ભાઈઓ અને એક બહેન. આમાંનાં ભાઈઓ અને બહેન તો સગીર વયનાં (બાળકો) હતાં. આ ત્રણ ભાઈઓ આજે તો પચાસ વર્ષથી મોટી ઉમરના છે અને ત્રણે સાધુઓ સાથે જ રહે છે. તેઓ સમાજમાં 'બન્ધુ ત્રિપુટી' તરીકે ઓળખાય છે. આ બન્ધુત્રિપુટીએ રૂઢિચુસ્તતાને તિલાંજલિ આપી ખળભળાટ મચાવ્યો. વલસાડ પાસે દરિયાકિનારે આવેલા તીથલમાં ૧૮ લાખને ખર્ચે બંધાયેલા અપાસરામાં તેઓ રહે છે. ફ્લશનાં જાજરૂ વાપરે છે. (ફ્લશમાં જીવાતની હત્યા થાય છે એટલે ફ્લશ જાજરૂ સાધુઓ માટે વર્જ્ય છે). પલંગમાં સૂએ છે અને સૂર્યાસ્ત પછી દરિયાકાંઠે ફરવા જાય છે ! અને આ બધું ઓછું હોય તેમ હવે તેમણે હવાઈ મુસાફરી કરી ધર્મપ્રચારાર્થે વિદેશ જવાનું નક્કી કર્યું છે. જૈન સાધુ અને હવાઈ પ્રવાસ ! કેટલાં બધાં જીવજંતુઓનો નાશ થાય ! વળી, વિદેશમાં સ્ત્રીસંસર્ગના સંયોગો કેટલા બધા ? ! शान्तम् पापम्, शान्तम् पापम्. આખો રૂઢિચુસ્ત જૈન સમાજ ખળભળી ન ઊઠે તો બીજું શું થાય ! પણ ધર્માન્ધતા ઉપરથી આ વેપારી જૈન સમાજ ધર્મઝનૂન ઉપર તો નહિ જ જાય એવું તો લાગે છે !

નારાયણ-બલિ

તા. ૨-૯-૯૦. અમારા એક મિત્ર સહકુટુમ્બ - પતિ, પત્ની અને પુત્ર – સૌરાષ્ટ્રમાં આવેલા પોતાને ગામ ગયાં છે અને પોતાની પુત્રીને સાથે ન લઈ જતાં અમારી પાસે મૂકી ગયાં છે. ચાર દિવસ પછી પાછાં આવશે. વતનમાં 'નારાયણ-બલિ'નો કાર્યક્રમ છે. મિત્રનાં માતા થોડાં વર્ષો પહેલાં ગુજરી ગયાં. બળીને ગુજરી ગયાં હતાં તેથી સમાજમાં પ્રચલિત માન્યતા હતી કે તેમનો 'જીવ ગતે નહિ ગયો હોય.' તેમાં છેલ્લા વર્ષથી મિત્રના નાના ભાઈને હાથેપગે ઝણઝણાટી થવા લાગી અને એવી બીજી નિશાનીઓ ઉપરથી નક્કી થયું કે અવગતે ગયેલી માતા તેમને નડે છે ! આ નડતર દૂર કરવા માટે નારાયણ-બલિનો કાર્યક્રમ ગોઠવાયો છે. કુટુમ્બના બધા નરજાતિના સભ્યો પૂજામાં બેસશે, એમાંના પરણેલા સભ્યો સપત્નીક બેસશે.

આમ તો આ બલિનો કાર્યક્રમ છે એટલે એક નિષ્ણાત ભૂવી કાર્યક્રમનું સંચાલન કરશે. (ભૂવી એ ભૂવાનું સ્ત્રીલિંગ રૂપ છે) કાર્યક્રમમાં છોકરીઓનું કાંઈ કામ નથી અને તેથી મિત્ર તેમની પુત્રીને અમારે ત્યાં મૂકી ગયા છે ! લાગે છે ને કે દેશ ૨૧મી સદી તરફ ઝપાટાબંધ પ્રગતિ કરી રહ્યો છે !

એક હકીકત તો જાણીતી છે કે દુનિયાભરમાં જે સમાજ જમીન સાથે સંકળાયેલો છે તે સૌથી વધુ રૂઢિચુસ્ત હોય છે અને આપણા દેશમાં ૭૦ ટકા લોકો જમીન સાથે (ખેતી સાથે) સંકળાયેલા છે એટલે નારાયણ બલિ જેવા કાર્યક્રમો આપણે ત્યાં અપવાદરૂપ નથી પણ સામાન્ય છે. અહીં સિવિલ હૉસ્પિટલોમાં મેલડીમાતાનાં મંદિર હોય છે અને ભૂવા પણ ધૂણે છે.

હવે આ જમીન સાથે સંકળાયેલ વસ્તીની રૂઢિચુસ્તતા દેશના રાજકારણમાં પણ દેખાય છે. નવી સરકારને નાનામોટા ખેડૂતો અને ગ્રામકારીગરોનો ટેકો છે. બિહાર, ઉત્તર પ્રદેશ અને હરિયાણાના મુખ્ય મંત્રીઓ મોટા ખેડૂતો છે. એમની રૂઢિચુસ્તતાનું એક હળવું ઉદાહરણ હમણાં જ દેખાયું. બિહારના મુખ્ય પ્રધાન લલ્લુસિંહ યાદવ છે. બે મહિના પહેલાં તેમની પત્નીએ નવમા બાળકને જન્મ આપ્યો ! પાંચ વર્ષ સુધી મુખ્ય પ્રધાન તરીકે ચાલુ રહે તો ત્યાં સુધીમાં સંતાનોની સંખ્યા અગિયાર થશે !

સરકારી તંત્રમાં પણ રૂઢિચુસ્તતા હવે દેખાવા લાગશે, કારણ કે હમણાં જ ભારત સરકારે સરકારી નોકરીઓમાં જમીન સાથે સંકળાયેલ જ્ઞાતિઓ માટે ૨૭ ટકા જગ્યા અનામત જાહેર કરી ! 'જય નારાયણ-બલિ !' (ક્રમશઃ)

અનુસંધાન] **ડૉ. ધનંજય રામચંદ્ર ગાડગીળ** [પૃ. ૭૦ થી

લેબર ઈન ઇન્ડિયા' (૧૯૪૦), આ ગ્રંથમાં ડૉ. ગાડગીળે અગાઉ પટના યુનિવર્સિટીમાં આપેલ વ્યાખ્યાનોનો સંગ્રહ છે અને તેમાં તેમણે ભારતના કામદારોની સમસ્યાઓ પર પ્રકાશ પાડ્યો છે. (૨) 'વૉર ઍન્ડ ઇન્ડિયન ઈકોનૉમિક પૉલિસી' (પ્રો. સૌવની સાથે સહલેખન), જેમાં સરકારની વિત્તવિષયક સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી છે. સરકાર દ્વારા ચલણના પુરવઠામાં થઈ રહેલ અમાપ વધારા પ્રત્યે ડૉ. ગાડગીળે આ ગ્રંથમાં ચિંતા વ્યક્ત કરી છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે, ચલણમાં થઈ રહેલ વધારો સરકારની જરૂરિયાતોને અનુલક્ષીને કરવામાં આવી રહ્યો છે, અર્થતંત્રની જરૂરિયાતોને અનુલક્ષીને નહિ. આવાં અવિવેકી પગલાંઓને લીધે આમજનતાને જે હાડમારી સહન કરવી પડતી હોય છે તે ટાળવા માટે સરકારે તંદુરસ્ત નાણાનીતિ અને આર્થિક નીતિ ઘડવી જોઈએ.

વ્યક્તિગત જીવનમાં ડૉ. ગાડગીળ સાદાઈ અને કરકસરને વરેલા હતા. તેમની જીવનશૈલી અને વિચારસરણી પર લોકમાન્ય ટિળક અને ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા મહાન નેતાઓનો પ્રભાવ હતો. માર્ક્સવાદ હોય કે પશ્ચિમની અન્ય કોઈ વિચારસરણી હોય, ભારતે તેનો સ્વીકાર કરવો જોઈએ નહિ, પરંતુ પોતાની સ્વતંત્ર અને આગવી વિચારસરણીને અંગીકાર કરવી જોઈએ એવું તેમનું મંતવ્ય હતું. ગોખલે ઇન્સ્ટિટ્યૂટમાં સંશોધન કરનારા દરેક વિદ્યાર્થીએ દેશના ગામડામાં જઈને, ત્યાં લોકો વચ્ચે રહીને, ગ્રામ અર્થતંત્રનો અભ્યાસ કરવો જોઈએ. આવી સંશોધન કાર્યપદ્ધતિના તેઓ આગ્રહી હતા. વાસ્તવિક જીવનવ્યવહાર દ્વારા જે સિદ્ધાંતોની ચકાસણી થયેલી નથી તે સિદ્ધાંતો તદ્દન નકામા છે એવો સ્પષ્ટ મત તે ધરાવતા હતા.

આવા વાસ્તવદર્શી અને સાચા અર્થમાં ભારતીય ગણાય તેવા આ અર્થશાસ્ત્રીની હાલ દેશભરમાં ઉજવાતી જન્મશતાબ્દી નિમિત્તે તેમને યાદ કરી તેમની વિચારસરણીનું ચિંતન અને મનન કરીએ એ આપણા સૌનું પરમ કર્તવ્ય ગણાશે. ❐

યોગેન્દ્ર માકડ

[પ્રધાનતયા પશ્ચિમી વિશ્વમાં મધ્યકાલીન અંધકારયુગ પછી જે નવા સમયનો ઉદય થયો તેના મૂળમાં માનવબુદ્ધિની સતર્કતા અને સજગતા મુખ્ય કારણભૂત હતી. કેવળ નિયતિવાદની શરણાગતિમાંથી માનવની વિકાસશીલ બુદ્ધિએ જ્ઞાનવિજ્ઞાનનો અને તે મિષે પુરુષાર્થનો પથ ગ્રહણ કર્યો. તેને પગલે પગલે રાજ્ય અને સમાજવ્યવસ્થામાં નવી પરિસ્થિતિઓ આવી, નવાં મૂલ્યો ઉદ્ભવ્યાં. આથી વિવિધ ક્ષેત્રીય ક્રાંતિઓ અસ્તિત્વમાં આવી - રાજકીય ક્રાંતિ, સામાજિક ક્રાંતિ, સાંસ્કૃતિક ક્રાંતિ, આર્થિક ક્રાંતિ, ઔદ્યોગિક ક્રાંતિ. આ બધાંને પરિણામે સંકુલ એવી 'આધુનિકતા' અસ્તિત્વમાં આવી. આમાં જ્ઞાનપ્રકાશયુગનો ફાળો અતિ મહત્ત્વનો રહ્યો. અહીં રાજ્યશાસ્ત્રના અધ્યાપક યોગેન્દ્ર માકડ આ વિષે વિશદતાથી અને સચોટતાથી આ લઘુલેખમાળામાં વિવરણ કરે છે તે સુજ્ઞ જિજ્ઞાસુ વાચકોને ઉપકારક થઈ પડશે. -તંત્રી]

જેને 'બિનસાંપ્રદાયિક વિચાર' કહેવામાં આવે છે તેનાં મૂળ પ્રાચીન ગ્રીસમાં નખાયેલાં હતાં, પણ તે તેની વૈવિધ્યસભર અનેક શાખાપ્રશાખાઓમાં એક જુદા જ સમયમાં પાંગર્યાં. આ સમયને 'નવજાગૃતિ' અથવા 'જ્ઞાનપ્રકાશયુગ' તરીકે ઓળખવામાં આવે છે. એટલે કે માનવ ઉત્ક્રાંતિનો એક ઝળહળતો તબક્કો જેનું પ્રધાન લક્ષણ પૃથ્વી પર 'વિચાર અને વિવેકની આગેકૂચ' હતું. અલબત્ત, આ બિનસાંપ્રદાયિક વિચારની ઉત્ક્રાંતિ એ કોઈ સતત ચાલતી પ્રક્રિયા નહોતી. ખ્રિસ્તી ધર્મના ઉદય અને તેને આનુષંગિક ખ્યાલો અને વ્યવહારની મનુષ્ય, સમાજ અને કુદરત વિશેના પ્રવર્તમાન ખ્યાલો ઉપર અત્યંત પ્રભાવક અસર હતી અને તેને કારણે બિનસાંપ્રદાયિક વિચારતત્ત્વની પ્રગતિશીલ આગેકૂચની પ્રક્રિયા ઘણા લાંબા સમય સુધી ખોરંભે પડી અથવા તો કેવળ તૂટકતૂટક ચાલી.

બસોથી વધુ વર્ષો પહેલાં જર્મન ફિલૉસૉફર ઇમેન્યુઅલ કાન્ટે એક નિબંધ લખ્યો હતો, જેનું શીર્ષક હતું : 'વૉટ ઇઝ એન્લાઇટનમેન્ટ ?' કાન્ટના મતે પ્રબુદ્ધતા એ માનવીનું નવા યુગનું આગમન હતું, એટલે કે અજ્ઞાન અને અપરિપક્વ સ્થિતિમાંથી માનવ ચેતનાની મુક્તિ. જ્ઞાનમાં વૃદ્ધિરૂપી - માનવીએ જાતે મેળવેલી/ કેળવેલી કુદરત વિષેની સમજણ વધુ મોટી હરણફાળ ભરવામાં મદદ કરશે એવી તેની દૃઢ માન્યતા હતી. 'Sapere aude' (જાણવાની હિંમત કરવી) એ કાન્ટનું મુખ્ય સૂત્ર હતું.

અલબત્ત, 'પ્રગતિશીલ' અને 'ઉદારમતવાદી' એવા આ વિચારો એ વિચારોત્ક્રાંતિનો કોઈ નિર્ણાયક તબક્કો હતો કે કેમ એ અંગે ઇતિહાસવિદોમાં મતભેદ પ્રવર્તે છે. સાથે સાથે એ પણ યાદ રાખવું જરૂરી છે કે જ્ઞાનપ્રકાશયુગનો માનવવિકાસનો પોતાનો કોઈ આગવો કાર્યક્રમ નહોતો.

જ્ઞાનપ્રકાશયુગીન વિચારોને અનેક રીતે વખોડવામાં આવ્યા. 'ધી એજ ઑવ્ રીઝન' એ જાણે કે છીછરાપણા અને યાંત્રિકતાનો પર્યાય છે અને અમૂર્ત તર્કમાં તે વધુ પડતો વિશ્વાસ ધરાવે છે એમ પણ ટીકા કરવામાં આવી. કેવળ તર્ક દ્વારા જ માનવી, સમાજ, કુદરત અને બ્રહ્માંડનાં રહસ્યો વિષે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, 'જૈસે થે'ની સ્થિતિને પડકારી શકાય છે અને, તેથી પણ મહત્વનું, યૂટોપિઅન (આદર્શમય) ભાવિના નિર્માણનો પાયો નાખી શકાય છે એવી દલીલને પણ પડકાર ફેંકવામાં આવ્યો. ખાસ કરીને 'રોમેન્ટિક્સ' અને 'વિક્ટોરિઅન' આલોચકો દ્વારા એવી ટીકા કરવામાં આવી કે જીવન એ રેશનાલિટી-વિવેકબુદ્ધિ-નો પર્યાય નથી, બલકે તેનાથી વિશેષ ઘણું બધું છે. લાગણી, કલ્પના, ઇતિહાસ અને પરંપરાની આગવી શક્તિ અને પ્રભાવ કે આત્માનાં રહસ્યો વગેરે પણ તેનો અંતર્ગત ભાગ છે. પ્રબુદ્ધતાના પાઠ માત્ર મૂર્ખામીભર્યા અને છીછરા જ નથી, પરંતુ સમગ્રતયા ખતરનાક પણ છે. વિવેકબુદ્ધિ સાથે સંલગ્ન માનવવાદ વિશેનાં યશોગાનનું પરિણામ ફ્રેંચ ક્રાન્તિ દરમ્યાન અને ત્યાર પછી આચરવામાં આવેલા માનવતા-વિરોધી ગુનાઓ અને આતંકમાં જ આવ્યું એવો આક્ષેપ પણ ૧૯મી સદીના ઘણા ટીકાકારો દ્વારા કરવામાં આવ્યો.

એ દૃષ્ટિએ જોતાં 'Age of Reason' (બૌદ્ધિકતાનો યુગ)ના ૧૯મી સદીમાં બહુ પુરસ્કર્તાઓ નહોતા. 'રોમેન્ટિકો'એ આ યુગને આત્માહિત કહ્યો. રૂઢિચુસ્તોને તેમાં અતિરેકી ઉદ્દામવાદ દેખાયો અને ઉદારમતવાદીઓના મતે વૉલ્તેર જેવા પ્રબુદ્ધ ચિંતકો ક્રાંતિકારી હોવાને બદલે અગ્રવર્ગીય માનસ ધરાવતા અને કેવળ વાતોમાં જ રાચતા નેતાઓ લાગ્યા. આ સંદર્ભમાં આ પ્રબુદ્ધ ચિંતકો વિશે કેટલુંક નોંધવા જેવું છે.

આ ચિંતકો પોતાને 'ફિલૉસૉફર' તરીકે ઓળખાવતા (મૂળ ફ્રેંચ શબ્દ 'Philosophes' છે). પરંતુ તેઓ કોઈ દિવાસ્વપ્નમાં રાચતા કે 'આઈવરી ટાવર'માં જીવતા આધુનિક દાર્શનિકો જ માત્ર નહોતા. તેમનાં વિચારબીજ વાસ્તવિક જગતમાં પડેલાં હતાં. તેઓ પત્રકારો હતા, પ્રચારકો હતા અને કર્મશીલો હતા. તેઓ વાસ્તવિક જગતને માત્ર સમજવા જ નહોતા માગતા, પણ તેમાં પરિવર્તન પણ ઝંખતા હતા. આ ફિલૉસૉફરોનાં સંચિત લખાણોને 'એનસાઇક્લોપેડી' (Encyclopedie) કહેવામાં આવે છે. તેમાં આપેલી વ્યાખ્યા મુજબ પૂર્વગ્રહ, પરંપરા, વૈશ્વિક સંમતિ કે સત્તા – એટલે કે માનવીની બુદ્ધિને બેડીમાં જકડી રાખી ગુલામ બનાવતાં બધાં જ પરિબળો, વિચારો અને વ્યવહારોને પગતળે છૂંદનાર અને સ્વાયત્ત રીતે વિચારવાની હિંમત દર્શાવનાર એટલે 'ફિલૉસૉફર'. ઉદાહરણ તરીકે, કાનૂની અન્યાય સામેની લડતમાં વૉલ્તેરનું સ્થાન મોખરે છે. તુર્ગોને ક્રાંતિ પહેલાં ૧૬મા લુઈના અર્થતંત્રને પુનર્જિવિત કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. અમેરિકન વિજ્ઞાની અને બુદ્ધિજીવી બેન ફ્રેંકલીને વીજળીવિજ્ઞાનને નકશા પર મૂક્યું; bifocal (ઉભયદૃષ્ટિમિશ્ર) ચશ્માં બનાવ્યાં અને નવા અમેરિકન ગણતંત્રની રચનામાં પણ એટલો જ મહત્ત્વનો ભાગ ભજવ્યો. લા મેત્રી, કોંદિલા અને હેલ્વેતીઅસ પ્રથમ પંક્તિના મનોવિજ્ઞાનીઓ હતા. ઉપયોગિતાવાદનો પ્રણેતા અને પુરસ્કર્તા જેરેમી બેન્થમ, મૃત્યુદંડની સજાનો મોટો વિરોધી અને ઈટલીનો ગુનાશાસ્ત્રી

બેકરીઆ, રાજકીય અર્થકારણનો પ્રથાકાર એડમ સ્મિથ, અમેરિકી બંધારણના ઘડવૈયાઓ અને બંધારણીય સ્વાતંત્ર્યોના ઉદ્‌ગાતાઓ જેફરસન, એડમ્સ અને હેમિલ્ટન – આ અને આવા અનેક લોકો આ પરિવર્તનાભિમુખ પ્રક્રિયાના વાહકો હતા. આ બધા પ્રબુદ્ધ ચિંતકોનું પ્રધાન લક્ષણ એ હતું કે તેઓ જૂની, અન્યાયી અને બિનકાર્યક્ષમ વ્યવસ્થાના નિતાંત આલોચકો હતા. તેમનું ધ્યેય માનવીને જ્ઞાન, વિજ્ઞાન અને શિક્ષણ દ્વારા અજ્ઞાન, અંધશ્રદ્ધા, ધાર્મિક સિદ્ધાંતજડતા અને પાદરીઓની ચુંગાલમાંથી મુક્ત કરવાનું અને નવી આશા અને ઉષાનાં દ્વાર ઉઘાડવાનું હતું. ધ્યેયલક્ષી કાર્યપ્રવૃત્તિ, વધુ સમૃદ્ધિ, વાજબી કાયદાઓ, મર્યાદિત સરકાર, બૌદ્ધિક સ્વાતંત્ર્ય, ધાર્મિક સહિષ્ણુતા, કુશળ વહીવટ અને ઉદ્યુક્ત વ્યક્તિસભાનતા એ તેમનાં સામૂહિક ધ્યેયો હતાં.

મુદ્દો એ છે કે આ પ્રબુદ્ધ ફિલૉસૉફરો કોઈ પ્રથાકીય જડતાના નિર્માતા નહોતા, કે નહોતા તેઓ કોઈ અવ્યવહારુ આર્થિક ઇલાજમાં માનનાર રૂઢિચુસ્તો કે નહોતા તેઓ કોઈ યૂટોપિયાને વ્યવહારમાં ચરિતાર્થ કરવા માટે કલ્પનાને છુટ્ટો દોર આપનાર સ્વપ્નિલો. એ સાચું છે કે લોકો સુધી પહોંચવા માટે તેમણે પ્રચારનો આશરો લીધો અને સૂત્રોનો ઉપયોગ પણ તેમનો અવાજ સંભળાય એટલા માટે કર્યો. એ સમયમાં પ્રવર્તમાન સંજોગોની દૃષ્ટિએ એ કદાચ અનિવાર્ય પણ હતું. પણ આ બધા પાછળ એક નિશ્ચિત દૃષ્ટિકોણ અને વ્યૂહ હતા.

સાથે સાથે વાંછિત પરિવર્તનની દૃષ્ટિએ જ્ઞાનપ્રકાશયુગની શું અસરો હતી એ પ્રશ્ન પણ અગત્યનો છે. એ હકીકત સ્પષ્ટ છે કે 'ફિલૉસૉફી'ને પરિવર્તનનું કેવળ પ્રેક્ષાધ્યાન ધરનારાઓ માટે સખત ઘૃણા હતી અને જેને માર્ક્સવાદીઓ 'praxis' કહે (સિદ્ધાંત અને કાર્ય/ક્રિયા/વ્યવહારનું ઐક્ય) તેના તેઓ પ્રખર હિમાયતી હતા. એ દૃષ્ટિએ ધ્યેય ઉપરાંત પ્રબુદ્ધતાવાદી આદર્શપ્રેરિત કાર્યનો મુદ્દો પણ અગત્યનો છે. ફિલૉસૉફીનો એવો પણ દાવો હતો કે 'વિવેકબુદ્ધિ' અને વિજ્ઞાન લોકોને માનવીય અને સુખી બનાવશે. અલબત્ત, વાસ્તવમાં 'રીઝન'ની આ ભૂમિકાનું ઊલટું પરિણામ આવ્યું છે એવી દલીલ પણ કરવામાં આવી અને એમ કહેવામાં આવ્યું કે શાસકો અને વહીવટદારોએ 'રીઝન'નો 'અવાજ' સાંભળ્યો ત્યાર પછી તેમની સત્તામાં વધારો થયો અને તેનાં માઠાં પરિણામો ભોગવવાનો વારો ગરીબો અને બોલી ન શકનાર વર્ગ માટે આવ્યો. દા.ત. ક્વીઝને અને મીરાબો (જેમને 'ફિઝીઓક્રેટ્સ' તરીકે ઓળખવામાં આવતા) જેવા અર્થશાસ્ત્રીઓએ મુક્ત વ્યાપારની હિમાયત કરી, જેથી આર્થિક સમૃદ્ધિમાં વધારો થઈ શકે. પરંતુ ફ્રેંચ અનાજના વેપારીઓ પરથી નિયંત્રણ ઉઠાવી લેવામાં આવ્યું ત્યારે વેપારીઓને નફો થયો અને ગરીબોને સહન કરવાનું આવ્યું તે જ રીતે કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે ધર્મના ધોવાણને પગલે પગલે ફ્રેંચ ક્રાંતિકારી આતંકનું પરિણામ નૈતિક શૂન્યવાદમાં આવ્યું.

વાસ્તવમાં પશ્ચિમી માર્ક્સવાદની એક અત્યંત મહત્ત્વની એવી ફ્રેન્કફુર્ટ વિચારશાખાના બે પ્રમુખ પ્રતિનિધિઓ માક્સ હૉર્કહાઇમર અને થીઓડોર એડોર્નોએ લખેલા પુસ્તક 'ડાયલેક્ટિક ઑવ્ એન્લાઇટનમેન્ટ'માં વ્યક્ત કરેલા વિચાર પ્રમાણે રીઝનના આપખુદશાહી સાથે હાથ મિલાવવા એ કંઈ આકસ્મિત નહોતું. હકીકતમાં રીઝન અને વિજ્ઞાને સાચાં મૂલ્યોવાળી બહુલતાનું સંવર્ધન કરી સ્વતંત્રતાને પોષવાને બદલે સત્ય અને અસત્ય વચ્ચે નિરપેક્ષ ભેદ પાડીને આપખુદી માનસ ઊભું કર્યું. તે જ પ્રમાણે અનુઆધુનિક ચિંતક મીશેલ ફુકોના વિચાર પ્રમાણે જ્ઞાનપ્રકાશયુગીન સિદ્ધાંતો અને આપખુદ નીતિએ રૅશનલ વહીવટને નામે ઘાતકી સામાજિક નીતિઓને જ પ્રોત્સાહન આપ્યું. ઉદાહરણ તરીકે અલગ અલગ પ્રકારના સામાજિક 'મિસફિટ્સ' - વૃદ્ધ, માંદા, ભિખારી, સામાન્ય ગુનેગારો અને ગાંડાઓ વગેરે–ને 'રીઝન'ની દૃષ્ટિએ 'અનિચ્છનીય' સામાજિક શેષ ગણી તેમને 'સામાન્ય' માનવી બનાવવાનો દાવો કરતી સંસ્થાઓ, એટલે કે ઇસ્પિતાલો, જેલખાનાંઓ વગેરેમાં ગોંધી દેવામાં આવ્યા. ફુકોના મત પ્રમાણે આ કહેવાતું 'પ્રબુદ્ધ' પગલું વાસ્તવમાં કેટલું દમનકારી હતું તેનું જીવતુંજાગતું ઉદાહરણ છે.

આમ છતાં જ્ઞાનપ્રકાશ યુગ સાથે એક બીજી મહત્ત્વની બાબત પણ સંકળાયેલી છે. રાજકીય પક્ષ ધાર્મિક ફિરકાઓ જેવા ઐતિહાસિક વાહકોની માફક જ્ઞાનપ્રકાશયુગનું એક આંદોલન તરીકે કોઈ ઔપચારિક બંધારણ, કાર્યક્રમ, સંગઠન કે સંપ્રદાય નહોતાં કે નહોતી તેની કોઈ વાદ કે વિચારસરણી પ્રત્યેની નિશ્ચિત પ્રતિબદ્ધતા. ચર્ચ ઑવ્ ઇંગ્લંડના પોતાના વિરોધીઓ હતા અને 'ચાર્ટિસ્ટ ચળવળ'નો પોતાનો એક ચાર્ટર હતો. પરંતુ જ્ઞાનપ્રકાશ યુગનો પોતાનો કોઈ ચાર્ટર નહોતો. આ 'માનવતાવાદી પક્ષ' માટે પોતાનો કોઈ ઢંઢેરો પણ નહોતો. એ દૃષ્ટિએ આ સમગ્ર પ્રક્રિયા આકારવિહીન અને પૃથક્ હતી. એ પણ યાદ રાખવું જરૂરી છે કે જ્ઞાનપ્રકાશયુગની પૃષ્ઠભૂમિમાં કોઈ એક 'માસ્ટર પ્રોસેસ' નહોતો. રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પ્રક્રિયાઓ પોતપોતાની રીતે અને ગતિ પ્રમાણે આગળ વધતી ગઈ અને તેથી એક વિશાળ 'કૉસ્મોપોલિટાનિઝમ'નો ખ્યાલ તેના પાયામાં પડેલો હોવા છતાં શ્રુતિ, અભિમુખતા અને અગ્રિમતાની દૃષ્ટિએ તેમાં પ્રાદેશિક વૈવિધ્યનું તત્ત્વ અને પ્રમાણ ઘણા મોટા વર્ગને લાગુ પડે છે. પ્રબુદ્ધતાનું કામ લોકોની આંખ ઉઘાડવાનું, માનસિક અવસ્થા બદલવાનું અને સ્વાયત્ત રીતે વિચાર કરવા પ્રોત્સાહિત કરવાનું હતું. એ જોતાં તેનું અંતિમ પરિણામ વૈવિધ્યસભર હોય તે સ્વાભાવિક છે.

જ્ઞાનપ્રકાશયુગ યૂરોપિઅન ઇતિહાસનું એક એવું સમયબિન્દુ હતો કે જે દરમ્યાન શિક્ષણમાં વૃદ્ધિ, વધતી જતી સમૃદ્ધિ અને પ્રકાશન ક્ષેત્રના વિસ્તારને કારણે બિનસાંપ્રદાયિક બૌદ્ધિકોના એક વિશાળ વર્ગનો સામાજિક શક્તિ તરીકે ઉદય થયો. શિક્ષિત લોકો તાજ કે ચર્ચના ઔપચારિક પ્રવક્તા નહોતા અને કલમ તલવાર કરતાં કદાચ વધુ તાકાત તે સમયે ધરાવતી નહોતી, છતાં જ્ઞાનપ્રકાશયુગીન ખ્યાલો અત્યંત શક્તિશાળી વિચારાયુદ્ધો હતાં અને જેમણે પોતાની કલમ વીંઝી તે આપખુદ શાસકો પર નભનારા ભાટચારણો નહોતા પણ બૌદ્ધિક કે સંસ્કૃત વિચારવાહકો હતા, જેમણે 'મુક્ત સમાજો'ની

'બૌદ્ધિક અરાજકતા'નો સિલસિલો શરૂ કર્યો.

લક્ષ્ય : પ્રબુદ્ધાતાનું અંતિમ લક્ષ્ય 'માનવીના સાચા વિજ્ઞાન'ની ખોજનું હતું. અલબત્ત, જુદા જુદા ચિંતકો વચ્ચે આ અંગે કોઈ વૈચારિક સમાનતા નહોતી. લા મેત્રી જેવા 'ભૌતિકવાદીઓ માનવીને નાજુક યંત્ર માનતા હતા અને તેને આધારે માનવીલક્ષી 'મેડિકો-સાયન્ટિફિક' શરીરવિજ્ઞાનને વિકસાવવાની આશા સેવી, જ્યારે હેલ્વેતિઅસ જેવા એમ માનતા હતા કે માનવીની વિચારપ્રક્રિયાઓનાં તંત્રોનો અભ્યાસ સૌપ્રથમ થવો જોઈએ. અન્ય કેટલાક એમ માનતા હતા કે માનવીનું વિજ્ઞાન સમજવાની સાચી ચાવી વ્યક્તિ અને સમાજ વચ્ચેની આંતરક્રિયાઓને પ્રભાવિત કરતા રાજકીય અને આર્થિક નિયમોના પૃથક્કરણમાં છે.

આ ચિંતકો વચ્ચેના વૈચારિક મતભેદોને બાજુએ રાખવામાં આવે તો પણ એક બાબત અંગે એક સ્પષ્ટ સમજૂતી હતી અને તે એ કે એલેક્ઝાંડર પોપના શબ્દોમાં 'માનવજાતનો સાચો અભ્યાસ એટલે માનવીનો અભ્યાસ'. આ સંદર્ભમાં બીજી એક બાબત નોંધવા જેવી છે. 'રેનેસાં'એ દ્વંદ્વાત્મક પરંતુ પરસ્પર સંવાદિતા ધરાવતા માનવી વિશે ખ્યાલ આપ્યો. એટલે કે પ્રશિષ્ટ ચિંતનમાંથી પ્રેરણા લઈને તેણે સાંપ્રત સામાજિક અને રાજકીય માનવીના ખ્યાલને ખ્રિસ્તીધર્મમાં નિરૂપિત ધર્મપુસ્તક અને ચર્ચ દ્વારા પ્રમાણિત એવા સારા માનવી અને સારા ખ્રિસ્તીજનના ખ્યાલનું સંયોજન કર્યું. માનવી વિશેનો આ ખ્યાલ લગભગ એક સદી સુધી સર્વસ્વીકૃત ખ્યાલ હતો.

પરંતુ સત્તરમી સદીમાં ધીરેધીરે આ ખ્યાલ સામે પણ પડકાર ઊભો થયો. ધર્મયુદ્ધો, વંશીય સંઘર્ષો વગેરે પરિબળોએ સોળમી સદીમાં ઊભા થયેલા રેનેસાં-પ્રેરિત માનવીના સામાજિક અને ધાર્મિક ઉમદાપણા વિશેનો ભ્રમ ભાંગી નાખ્યો અને મેકિયાવેલીની કલ્પનાના નિરાશાવાદી અને અસારવાદી માનવીએ તેનું સ્થાન લેવા માંડ્યું. તે ઉપરાંત ઇતિહાસ વિશેનાં જ્ઞાન અને સમજમાં પણ સમય જતાં પરિવર્તન આવવાને કારણે ભૂતકાળ વિશેના ખ્યાલોમાં પરિવર્તનની એક નવી શરૂઆત થઈ અને તેને પરિણામે ગ્રીક-રોમન ચિંતન-આધારિત 'પ્રશિષ્ટ વિશ્વ' વિશેનાં ખ્યાલનું સ્થાન રાજ્યકલા, રાજકીય કૂટનીતિ, શસ્ત્રો અને પ્રિન્ટિંગ પ્રેસવાળા 'નવા વિશ્વે' લીધું. (ક્રમશઃ)

લઘુકથા

સૌંદર્યશાસ્ત્રી

બહાદુરભાઈ જ. વાંક

શહેરમાં યોજાયેલ એક સૌંદર્યશાસ્ત્રીનું વ્યાખ્યાન સાંભળવા ગુરુ બજુવા તેમના શિષ્યો સાથે ગયા. લગભગ એકાદ કલાક ચાલેલું સૌંદર્યશાસ્ત્રીનું વ્યાખ્યાન સાંભળીને શ્રોતાઓ સાથે બજુવા પણ મુગ્ધ થઈ ગયા. તેમણે સૌંદર્યશાસ્ત્રીને પોતાના આશ્રમનું નૈસર્ગિક સૌંદર્ય જોવા માટે ખાસ નિમંત્રણ પાઠવ્યું.

બજુવાના નિમંત્રણને માન આપીને બીજા દિવસે સવારના સૌંદર્યશાસ્ત્રી બજુવાના આશ્રમમાં આવી પહોંચ્યા. તેમણે સૌંદર્ય-શાસ્ત્ર ઉપર પીએચ.ડી. કરેલ હોઈ, બજુવાએ તેમની સાથે વાર્તાલાપ-ચર્ચાનું પણ આયોજન કરેલ.

સૌંદર્યશાસ્ત્રીની સૌંદર્ય વિશેની વિદ્વત્તાપર્ણ ચર્ચા પૂરી થયા બાદ બજુવા તેમને આશ્રમના બગીચાનું નૈસર્ગિક સૌંદર્ય જોવા માટે દોરી ગયા.

બગીચાનું અનન્ય સૌંદર્ય જોઈને સૌંદર્યશાસ્ત્રી મુગ્ધ થઈ ગયા. પછી એક છોડ પાસે ઊભા રહીને તેના ઉપર ખીલેલું ફૂલ સૌંદર્યશાસ્ત્રીને બતાવતાં બજુવા બોલ્યા : 'જુઓ, આ ફૂલ તમને કેવું લાગ્યું ?'

'અદ્‌ભુત...' કહેતાંને તેમણે ડાળી ઉપરથી ફૂલ ચૂંટીને તેમણે હાથમાં લીધું. પછી ફૂલને સૂંઘતા સૂંઘતા ફૂલનાં રૂપરંગ વિશે ફૂલની નજાકત વિશે ચર્ચા કરવા લાગ્યા.

તેમની ચર્ચા સાંભળ્યા બાદ બજુવા બોલ્યા : 'મિત્ર, એક વાત કહું. માઠું લગાડશો નહિને...'

'ના...ના.. પણ કહો... એમાં માઠું શું લાગે ?'

બજુવા બોલ્યા : 'તમે ફૂલના અધૂરા સૌંદર્યને જ જોઈ શક્યા છો !'

'અધૂરું ? અધૂરું સૌંદર્ય કેવી રીતે ?' બજુવા બોલ્યાઃ 'સાચું કહું તો તમે ફૂલને નહિ, પણ ફૂલના, આંખમાં પડેલા પ્રતિબિંબને જ જોઈ શક્યા છો.'

'પણ ફૂલનું આંખમાં પ્રતિબિંબ પડે ત્યારે જ ફૂલને જોઈ શકાયને, આ તો સાવ સીધીસાદી વાત છે.'

'હા, એ સાચું... પણ અધૂરા જોયેલા સૌંદર્યનું પ્રતિબિંબ જ આંખોને જકડી રાખતું હોય છે, ને ફૂલને ડાળી ઉપરથી ચૂંટી લેવાની તમારી લોલુપતા પાછળ પણ આ જ મુખ્ય કારણ છે.' બજુવાએ થોડી સ્પષ્ટતા કરી.

'આપની વાત હું સમજી શક્યો નથી. ખેર, આપની સૌંદર્ય- દર્શનની વિભાવના વિશે કંઈ કહી શકશો ?' સૌંદર્યશાસ્ત્રીએ પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરી.

'પૂરા — સમગ્ર રીતે જોયેલા સૌંદર્યને — સૌંદર્યદર્શનને ક્યારેય પણ બોલીને શબ્દોમાં અભિવ્યક્ત કરી શકાતું નથી. પછી સૌંદર્યદર્શનની મોટી વિભાવના વિશે પણ હું શું કહી શકું ?' બજુવાએ લાચારી દર્શાવી.

'તો અનુભવેલા સૌંદર્યને શબ્દોમાં કઈ રીતે વ્યક્ત કરી શકાય ?' સૌંદર્યશાસ્ત્રીએ પાછું પૂછ્યું.

'સૌંદર્યદર્શનને વ્યક્ત કરવા માટે બંધ આંખ અને બંધ હોઠનો એક ઈશારો માત્ર શું પૂરતો નથી ?' બજુવાએ સામું પૂછ્યું.

સૌંદર્યશાસ્ત્રી કંઈ જ જવાબ આપી શક્યા નહીં.

ને બજુવાનો શબ્દપ્રહાર : 'વહાલા મિત્ર, તમે સૌંદર્યશાસ્ત્ર ઉપર પીએચ.ડી. કરીને એકાદ ફૂલને પણ જોઈ શક્યા નહીં, જ્યારે તમે ડાળી ઉપરથી તોડેલા ફૂલની ચીસ પડી તે હું સાંભળી શક્યો છું !' ❑

વિશ્વકલાની ગૌરવગાથા-૩



કાન્તિ કાપડિયા

માલવિના હોફમૅન

'આપણે ત્યાં અજંતા-ઈલોરા, ફ્રાન્સમાં પૅરિસમાં આવેલું લુવ્ર મ્યૂઝીઅમ, અમેરિકામાં ન્યૂ યૉર્કમાં આવેલું મેટ્રૉપૉલિટન મ્યૂઝીઅમ, વૉશિંગટન અને શિકાગોમાં આવેલાં મ્યૂઝીઅમમો અદ્ભુત છે, પરંતુ અજંતા-ઈલોરાના ઘડતરમાં લગભગ એક હજારથી પણ વધારે વર્ષો લાગેલાં અને લુવ્ર, લંડનનું બ્રિટિશ મ્યૂઝીઅમ તથા અમેરિકાના મેટ્રૉપૉલિટન મ્યૂઝીઅમમાં જુદા જુદા કલાકાર અને જુદા જુદા દેશની કલા સંઘરાયેલી છે.

શિકાગોના ફીલ્ડ મ્યૂઝીઅમમાં તથા નૉર્વેના પાટનગર ઑસ્લોમાં એક જ શિલ્પકારની કૃતિઓનો વિપુલ સંગ્રહ જોવા મળે છે અને તે પણ વીસમી સદીના પૂર્વાર્ધમાં બનેલી કૃતિઓનો. શિકાગોના ફીલ્ડ મ્યૂઝીઅમમાં સંઘરાયેલી જગતની માનવજાતનાં અનુપમ શિલ્પો એક વ્યક્તિ અને તે પણ સ્ત્રી કલાકાર માલવિના હોફમૅને મ્યૂઝીઅમ ઑથોરિટીના સૂચનથી જગતને ખૂણે ખૂણે જઈ આગવી ભાત પાડતા મનુષ્યોનાં આબેહૂબ શિલ્પ બનાવ્યાં છે. અત્યાર સુધી એક જ વ્યક્તિએ લગભગ સો આબેહૂબ શિલ્પો દરેક જાતીની ખાસિયત સાથે પૂરા માનવ કદનાં બનાવ્યાં છે, અને તે પણ પાછાં કાંસામાં. એ ખરેખર આશ્ચર્યચકિત કરે તેવું છે.

માલવિના હોફમૅને એ પહેલાં શિલ્પ શીખવામાં ખૂબ તપશ્ચર્યા કરી હતી. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ઈ.સ. ૧૮૮૭માં ફાઈડેલિઆ અને લૅમસન હોફમૅનને ત્યાં તેમનો જન્મ થયો હતો. પ્રાથમિક શિક્ષણ ન્યૂ યૉર્કમાં જ લીધું અને ૬ વર્ષ ચિત્રકલાનો અભ્યાસ કર્યો; એ વખતે શિલ્પમાં ઑગસ્ટ રૉબિનનું નામ ખૂબ જ જાણીતું હતું એટલે એમની પાસે શિલ્પના શિક્ષણ માટે પૅરિસ ગયાં અને ત્યાં રાતદિવસ તનતોડ મહેનત કરી શિલ્પનું સચોટ શિક્ષણ પ્રાપ્ત કર્યું. ન્યૂ યૉર્ક પાછાં ફરતાં એમને ન્યૂ યૉર્કની 'નૅશનલ સ્કલ્પચર સોસાયટી'ના ફેલો બનાવવામાં આવ્યાં

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીના પૂર્વાર્ધમાં યુરોપમાં સંસ્થાનવાદને લીધે અઢળક સંપત્તિ આવી અને દરેક વિષયના નિષ્ણાત તેમજ રાજકીય વ્યક્તિના નિજી શિલ્પ બનાવવાનું અથવા સ્મારક બનાવવાનું કામ મોટે ભાગે શિલ્પકારોને મળતું જ રહ્યું. તે વખતે અમેરિકામાં વિલર વિલિઅમ્સ, પૉલ મૅનશિપ, અન્ના હયાત હન્ટિંગ્ટન, ડૅનિઅલ ચૅસ્ટર ફ્રેનેક, સિડની વા, હરબર્ટ હેઝલટીન, ઑગસ્ટસ સૅંટ ગૉડિન્સ, ગ્રે બર્નાર્ડનાં નામો શિલ્પકાર તરીકે જાણીતાં હતાં અને એની હારોળમાં બેસવાની માલવિનાની તમન્ના હતી.



માંન્ગૉલિયન માનવી



ગોરો



નિગ્રો



સામાલી માનવી
(ઉત્તર-પૂર્વ આફ્રિકા)

પોતાની અનન્ય યશને લઈ શરૂઆતમાં, વ્યક્તિગત શિલ્પો બનાવવાનું શરૂ કર્યું, જેમાં (૧) ફ્રેડરિક પીઅર્સ, એન મૉર્ગન, બોદિની, રિટા દ કોસ્ટા, આર્કિ ગિબ્સ, એડવર્ડ હાર્કનેસ ઇત્યાદિ જાણીતી-અજાણી વ્યક્તિઓનાં શિલ્પ બનાવ્યાં. ઉપરાંત કેટલાક મેમૉરિયલ પણ બનાવ્યાં તેમજ ૧૯૩૯ના ન્યૂ યૉર્ક વર્લ્ડ ફેર માટે એક આંતરરાષ્ટ્રિય નૃત્યનો ફુવારો પણ બનાવ્યો. જેની ઊંચાઈ ૨૦ ફુટ હતી.

ઉપરોક્ત સુન્દર કામોથી પ્રેરાઈ શિકાગોના ફીલ્ડ મ્યૂઝીઅમની ઑથોરિટીએ ૧૯૨૫માં જ એમને સમગ્ર વિશ્વમાં પથરાયલી માનવ જાતનાં શિલ્પો અને તે પણ કાંસામાં બનાવવાની જવાબદારી સોંપી. એ કાર્ય લગભગ સાત વર્ષ સુધી ચાલ્યું અને આદમ કદની લગભગ ૧૦૦ પ્રતિમાઓ બની તે શિકાગો ફીલ્ડ મ્યૂઝીઅમમાં આજે પણ જોવા મળે છે.

આ બહુમૂલ્ય કામગીરી સફળતાપૂર્વક પાર પાડવા માટે દરેક દેશ અનેક દરેક ખંડના ઉચ્ચ અધિકારીઓની સમ્મતિ લેવામાં આવી અને શાહી સન્માન સાથે તે દેશના અધિકારીઓએ સંપૂર્ણ સગવડ આપી. એ રીતે જ્યારે તેઓ ભારતમાં આવ્યાં ત્યારે વાઈસરોય અને દરેક રાજ્યના રાજા-મહારાજા તથા ઈલાકાના ગવર્નરોના શાહી મહેમાન તરીકે સન્માન પામ્યાં.

પોતાનું કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા માટે એમની મદદમાં એમના પતિએ ફોટોગ્રાફર તરીકે ફરજ બજાવી. બીજા ઇતર લગભગ ૨૦ માણસો હતા, જેમણે માટી-આર્મેચર અને પ્લાસ્ટર કાસ્ટની કામગીરી બજાવી.

વ્યવસ્થા એવી હતી કે જેવું પ્લાસ્ટર કાસ્ટ તૈયાર થાય કે તરત પૅરિસની 'બ્રોન્ઝ કાસ્ટિંગ ફાઉન્ડ્રી'માં મોકલવામાં આવતું અને બ્રોન્ઝકાસ્ટ તૈયાર થઈ જાય કે તરત શિકાગો રવાના કરવામાં આવતું. ૧૯૨૫-૧૯૩૨નો જમાનો એવો હતો કે જ્યારે એરપાર્સલની સગવડ નહોતી. બધો વેપાર જહાજ દ્વારા થતો એટલે શિકાગો પહોંચતાં લગભગ એક મહિનો થતો. પરંતુ એ કાર્ય એવી રીતે સફળ થયું કે જગત દંગ થઈ ગયું; કારણ કે આવું સુન્દર, આબેહૂબ, દરેક માનવીની લાક્ષણિકતાવાળું, હાવભાવથી મંડિત થયેલું શિલ્પકામ કશે જોવા મળતું નહોતું.

માલવિના હોફમેનની આવી સુન્દર કામગીરીથી પ્રેરાઈ ન્યૂ યૉર્કની 'નેશનલ એકેડેમી ઑવ્ ડિઝાઈન', 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ આર્ટ્સ ઍન્ડ લેટર્સ,' 'નેશનલ ઍસોશિયેશન ઑવ્ આર્ટસ ઍન્ડ લેટર્સ', 'નેશનલ ઍસોશિયેશન ઑવ્ વિમેન પેન્ટર્સ ઍન્ડ સ્કલ્પટર્સ', 'આર્કિટેક્ચર લીગ ઑવ્ ન્યૂ યૉર્ક', 'સોસાયટી ઑવ્ વિમેન જ્યોગ્રાફી' વગેરે સંસ્થાઓએ એમને ઑનરરી મેમ્બર તરીકે નવાજ્યાં હતાં.

પૅરિસની પામ્સ ઍકેડેમીએ તથા યુગોસ્લાવિયાની રૉયલ ઑર્ડર ઑવ્ સેન્ટ સાવા ત્રાજાએ પણ ફેલો બનાવ્યાં. ઉપરાંત



ઇથિયોપિઅન માનવી
(ઉત્તર-પૂર્વ આફ્રિકા)



મન્ગબટુજાતિની સ્ત્રી (ઉત્તરપૂર્વ)

માઉન્ટ હોલિઓક કૉલેજ તથા યુનિવર્સિટી ઑવ્ રોચેસ્ટરે એમનું ડૉક્ટર ઑવ્ લીટરેચર, ડૉક્ટર ઑવ્ ફાઈન આર્ટ્સની માનદ્ ઉપાધિથી બહુમાન કર્યું.

એમનાં શિલ્પો ન્યૂ યૉર્ક, પૅરિસ, લંડન, બ્રુકલીન, રોમ, સ્ટોકહોમ, યુગોસ્લાવિયા, શિકાગો, લક્ષેમબર્ગ ઇત્યાદિનાં મ્યૂઝીઅમોમાં જોવા મળે છે.

એમની કારકિર્દીની યશગાથા રૂપે એમણે એક પુસ્તક લખ્યું છે : 'Sculpture Inside and Out.' શિલ્પના વિદ્યાર્થી-શિક્ષક અને રસ ધરાવનાર સૌને માટે એ એક સંદર્ભગ્રંથ જ નહીં, પણ શિલ્પની-ગીતા જેવું છે. ઉપરાંત શિકાગો ફીલ્ડ મ્યૂઝીઅમના કામ માટે એમણે 'Heads and Tales' નામનું પુસ્તક પણ લખ્યું છે. આવી વિભૂતિઓ જવલ્લે જ જોવા મળે છે. (ક્રમશઃ)

અનુસંધાન| **અમેરિકામાં ભારતીયો**| પૃ. ૮૨થી

હવે પછીના 'બિલ ગેટ્સ' તરીકે પણ ઓળખાવ્યો છે. તેની પોતાની સૉફ્ટવેર કંપનીના 'પેરોલ' (પગારપત્રક) પર એક કરતાં વધુ લાખોપતિઓ કામ કરે છે! સંજયનું આ વિધાન છે : 'હું માનું છું કે આપણે (ભારતીય અમેરિકનો) અહીં જે કરી રહ્યા છીએ તે ઑટોમોબાઈલ અને વીજળીની શોધ જેટલું અગત્યનું છે.' આ ટૂંકું પણ સ્વીકાર્ય વિધાન આધુનિક માનવ સભ્યતાના વિકાસમાં ભારતીયોની નોંધપાત્ર ભૂમિકાને સુરેખ રીતે સ્પષ્ટ કરી આપે છે. તે જ પ્રમાણે ભારતીયો, સાડા ત્રણ દશકાની રાજકીય ઉદાસીનતા પછી, હવે અહીંની રાજકીય પ્રક્રિયામાં પણ સક્રિય થયા છે અને તેમની હાજરીની તથા ભૂમિકાની નોંધ લેવાવા માંડી છે. હાઈટેકી વિનોદ ધામ અને મોટેલહોટેલ ક્ષેત્રના ગતિશીલ નેતા માઈક પટેલને પ્રમુખ ક્લીન્ટને દેશની પ્રતિષ્ઠિત કાઉન્સિલ ફૉર એશિયન્સ ઍન્ડ પૅસિફિક આઇલૅન્ડર્સના ૧૫ સભ્યોમાં નીમ્યા છે, તે બીના પણ આ દૃષ્ટિએ નોંધપાત્ર બની છે. (ક્રમશઃ)

ફિલ્માકાશ - ૨

ધ ન્યૂ થીએટર્સ : નવા યુગનું સર્જન !

રજનીકુમાર પંડ્યા

ભારતીય ફિલ્મ ઉદ્યોગનું એ ખરેખર સદ્ભાગ્ય હતું કે એના અવાક્ ફિલ્મોના આરંભકાળથી જ એનો નાળસંબંધ ઉચ્ચ કક્ષાના સાહિત્ય અને સંગીત સાથે રહ્યો. બલકે એમ જ કહી શકાય કે એની કૂખમાંથી જ સવાક્ ફિલ્મોનો જન્મ થયો. લુડવિગ બ્રોંઝનું એક વાક્ય છે કે, દરેક શિલ્પી, કોઈ પણના શિલ્પમાં પ્રચ્છન્નપણે તો પોતાની ઓળખ જ કંડારતો હોય છે. ધ ન્યૂ થીએટર્સની બાબતમાં આ યથાર્થ હતું.તેમણે ૧૯૩૧માં જે પહેલી બંગાળી ફિલ્મ 'દેના પાવના' બનાવી તે અગાઉ જણાવ્યું તેમ શરદબાબુની નવલકથા 'દેના પાવના (લેણદેણ)' ઉપર આધારિત હતી. આ માટે શરદબાબુએ તેમની પાસેથી માત્ર પ્રતીક પુરસ્કાર જ સ્વીકાર્યો હતો. તેઓ વારંવાર ધ ન્યૂ થીએટર્સના સ્ટૂડિઓમાં જતા-આવતા થયા અને જરૂર હોય ત્યાં સલાહસૂચનો આપતા થયા. આ જ દિવસોમાં દેવકી બોઝ, પ્રમથેશ બરુઆ (પી.સી. બરુઆ). આર.સી. બોરાલ, નીતિન બોઝ જેવા પ્રતિભાવાન પુરુષોનું આ સંસ્થામાં આગમન થયું. આમ તો પંકજ મલ્લિક અને બોરાલ એમની મૂક ફિલ્મોના જમાનાથી ખાડામાં બેસીને સંગીત આપતા થયા હતા, પણ વધારે તેઓ રેડિયો (એ વખતે ઇંડિયન બ્રોડકાસ્ટિંગ કંપનીના નામે જાણીતી હતી તે સંસ્થા) સાથે જોડાયેલા હતા. ધ ન્યૂ થીએટર્સની સ્થાપના પછી એમનો જીવ આમાં વધુ પરોવાયો. પ્રેમાંકુર અટોર્થી જેવા સમર્થ લેખક-નાટ્યકાર પણ આ સંસ્થામાં 'દેના પાવના'ના દિગ્દર્શક તરીકે જોડાયા અને નીતિન બોઝ કેમરામેન તરીકે. આ ફિલ્મ ડિસેમ્બર ૧૯૩૧માં રજૂઆત પામી. આ બંગાલી સવાક્ ફિલ્મની સમાંતરે જ શરદબાબુની બીજી નવલકથા 'પલ્લી સમાજ' પરથી બનનારી બંગાળી ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થયું હતું. અલબત્ત, એની રજૂઆત કોઈ કારણસર વિલંબમાં પડી. એક કારણ એનું એ હતું કે પૂરા હિંદુસ્તાની બજારને લક્ષમાં રાખીને બી.એન. સરકારે હિંદી ફિલ્મ નિર્માણમાં પણ સત્વરે ઝુકાવવાનો નિર્ધાર કર્યો, અને એની બંગાળમાં રજૂઆત માટે માત્ર હિંદી ફિલ્મો બતાવવા માટેના પોતાના નવા સિનેમાઘર ન્યૂ સિનેમાનું ઉદ્ઘાટન એમણે શરદબાબુના હાથે કરાવ્યું.

૧૯૩૨ના વર્ષમાં જ્યારે સ્ટૂડિઓનું બાંધકામ પરિપૂર્ણ થઈ ગયું ત્યારે એમણે એ વખતના રવૈયા અનુસાર કેટલાક કલાકારો અને કસબીઓને કૉન્ટ્રાક્ટના ધોરણે તો કેટલાકને માસિક પગારના ધોરણે પોતાની આ નિર્માણ-સંસ્થા માટે રોકી દીધા. એવા કલાકારોમાં સુબોધ મિત્રા, કાનનદેવી, કુંદનલાલ સાયગલ ઉમાશશી, પૃથ્વીરાજ કપુર જેવા નવલોહિયા કલાકારો હતાં તો મોલીના, મેનકા, ચંદ્રાવતી, રતનબાઈ, નવાબ, જગદીશ શેઠી કમલેશકુમારી, દુર્ગાદાસ બૅનરજી, પહાડી સન્યાલ, લીલા દેસાઈ ભારતીદેવી, સુનંદા બૅનરજી, અમર મલિક અને યુસુફ મૂલજી જેવા અનુભવી કલાકારો પણ હતાં. મજાની વાત એ બની બી.એન. સરકારના પારસસ્પર્શથી નીતિન બોઝ, બિમલ રૉય



અરદેશર ઇરાની



૧૯૩૧માં ધ ન્યૂ થીએટર્સની નવી નવી મંડળી, જેમાં સામે ડાબી તરફ છેલ્લે બેઠેલા છે કુંદનલાલ સાયગલ (તેમના પગ પાસે હૅટ પડી છે). તેમની બાજુમાં શ્રી બી.એન. સરકારના પિતા નૃપેન્દ્રનાથ, અને તેમની બાજુમાં શ્રી બી.એન. સરકાર

ફણી મઝુમદાર જેવા કેમરામેન પાછળથી કુશળ દિગ્દર્શકો બન્યા. એમના જૂના સાથી પી.એન. રૉય ખુદ પ્રોડક્શન મેનેજર જેવી વહીવટી જગ્યા ઉપરથી ઊંચકાઈને દિગ્દર્શક બન્યા. આમ, શરૂઆતથી જ ધ ન્યૂ થીએટર્સ એ માત્ર કાર્યશાળા જ નહીં પાઠશાળા બની રહી, જેની પરંપરાની બીજી-ત્રીજી પેઢીએ આપણને હૃષીકેશ મુકરજી અને ગુલઝાર જેવા પ્રતિભાવાન નિર્માતા-દિગ્દર્શક સાંપડ્યા. વર્તમાનમાં ગુલઝાર પછી એની આગળનો મણકો જોવા નથી મળતો. આ બધાંના મૂળમાં બી.એન. સરકારની પ્રબળ અને પરિમાર્જિત એવી સાહિત્ય અને સંગીતની રુચિ હતી. પહેલી બંગાળી ફિલ્મ 'દેના પાવના' પછી તરત જ એમણે નવા ગાયક-અભિનેતા કુંદનલાલ સાયગલ અને અખ્તરીબાઈને હીરો-હિરોઈનની ભૂમિકામાં ચમકાવતી ફિલ્મ 'મોહબ્બત કે આંસુ' પોતાના ન્યૂ સિનેમા નામના સિનેમાઘર ઉપરાંત આખાય હિંદુસ્તાનમાં રજૂ કરી. અલબત્ત, ઇતિહાસને વધુ ઝીણવટથી તપાસતાં આની પહેલાંની તેમની હિંદી ફિલ્મ તરીકે 'જોશે મહોબ્બત'નું નામ મળી આવે છે. પણ તેની નેગેટિવ કે પ્રિન્ટ તો શું, પણ તેના કલાકાર-કસબીઓની કોઈ વિગત જાણવા મળતી નથી. સરદાર હરમંદિરસિંગ હેમરાઝ જેવાના દળદાર અને અધિકૃત હિંદી ફિલ્મ ગીતકોશ, ખંડ પહેલો (૧૯૩૧ થી ૪૦)માં માત્ર ફિલ્મનું નામ, ધ ન્યૂ થીએટર્સના બેનર નીચે છે એટલી જ નોંધ છે. બીજી કોઈ પણ વિગત પાછળથી મળી આવે તો એ ભરવા માટે જગ્યાને ખાલી જ છોડી દેવામાં આવી છે. 'મોહબ્બત કે આંસુ' ફિલ્મ અંગે પણ માત્ર સાયગલ અને અખ્તરી મુરાદાબાદી, સાદિક, અન્સારી અને મહેજબીંનાં કલાકાર તરીકેનાં નામો ઉપરાંત સંગીતકાર તરીકે રાયચંદ બોરાલ અને દિગ્દર્શક તરીકે પ્રેમાંકુર અટોર્થીનાં નામ સિવાય બીજી કશી જ વિગતો ઉપલબ્ધ નથી. અલબત્ત, એ કુંદનલાલ સાયગલની પ્રથમ ફિલ્મ હતી, એવી નોંધ કરવામાં આવી છે.

કુંદનલાલ સાયગલ જેવા પંજાબી નવજુવાન અને રેમિંગ્ટન રેન્ડ ટાઈપરાઈટરના મામૂલી સેલ્સમેનનું ફિલ્મક્ષેત્રે પદાર્પણ એ પણ એક અનોખી વિશિષ્ટ એવી ઘટના ગણાય

*

ધ ન્યૂ થીએટર્સનું આખું બંગાળી 'કલ્ચર' હતું. પણ તેની શરૂઆત અને પાછળથી જોડાયેલી પંજાબી વ્યક્તિઓએ પોતાના અંદરના વિત્તના બળે એમાં પ્રવેશ મેળવ્યો હતો. એમાં કુંદનલાલ સાયગલ, પૃથ્વીરાજ કપુર અને વિક્રમ કપુર મુખ્ય ગણાય. (વિક્રમ કપુર એ અનિલ વિશ્વાસ જેવા નામી સંગીતકારનાં હાલનાં ગાયિકા પત્ની મીના કપુરના પિતા થાય.) આ બધાંમાં કુંદનલાલ સાયગલ તો ઉપર જણાવ્યું તેમ સાવ પ્રારંભકાળથી જ સાથે હતા. ૧૯૦૪ની એપ્રિલની અગિયારમીએ કાશ્મીર રાજ્યના જમ્મુ પાસેના એક નાનકડા ગામડામાં પિતા અમીરચંદ અને માતા કેસરબાઈના ઘેર એમનો જન્મ થયો હતો અમીરચંદ કાશ્મીરના મહારાજા શ્રી પ્રતાપસિંહના દરબારમાં જૂડિશલ ઑફિસર હતા અને એમનું મૂળ



ધ ન્યૂ થીએટર્સમાં રવીન્દ્રનાથ ટાગોર

વતન પંજાબમાં આવેલું જલંધર શહેર હતું. ભણવામાં સામાન્ય એવા કુંદનલાલે મૅટ્રિકની પરીક્ષા જેમતેમ પાસ કરીને પહેલાં રેલવેમાં કારકુનની અને પછી એક સામાન્ય હોટેલમાં મૅનેજરની નોકરી કરી હતી. એ પછી ટાઈપરાઈટરનું સમારકામ કરવાનો થોડો હુનર પ્રાપ્ત થતાં રેમિંગ્ટન રેન્ડ જેવી મશહૂર કંપનીમાં પહેલાં મિકેનિક અને પછી સેલ્સમૅન બન્યા હતા. જેમાંથી પણ પાછળથી કોઈ ખોટી ચોરીના આરોપને કારણે એમને છૂટા કરવામાં આવ્યા હતા. કાંઈ ઠેકાણે રોજગારીમાં ઠરી ઠામ ન થઈ શકવા પાછળ અસલ કારણ એ હતું કે તેમનો જીવ સંગીત સિવાય બીજી કોઈ ચીજમાં લાગતો જ નહોતો. સંગીતના સંસ્કાર એમને માતા પાસેથી મળ્યા હતા. પિતા જ્યારે જ્યારે ક્રોધ કરતા, કે પુત્ર પાસેથી એમની ભણતરમાં ઝળકી ઊઠવાની અભિલાષા પર જ્યારે એમને પ્રહાર થતો અનુભવાતો, ત્યારે એ પુત્રને ક્રૂર રીતે મારી પણ લેતા હતા. એ વખતે મા એમને બીજા ઓરડામાં લઈ જઈને માથે હાથ ફેરવતાં ફેરવતાં સહનશીલતાને પ્રબોધતાં લોકભજનો ગાતી હતી. એના સ્વરમાંથી એ વખતે જે વેદના નીતરતી એ કુંદનલાલે બરાબર આત્મસાત્ કરી હતી. આઠનવ વર્ષની ઉંમરે જ્યારે એમનો અવાજ છોકરી જેવો હતો ત્યારે એ શેરી કે ચોકની પરંપરાગત રામલીલામાં સીતાનો પાઠ ભજવતા અને એમાં પ્રાણ રેડતા. શ્રી રાઘવ મેનન તેમના સાયગલ વિષેના 'સ્વરયાત્રા' પુસ્તકમાં લખે છે તેમ સુનિલ રૈની નામના નટ રાવણનો પાઠ લેતા. એ રાવણ જ્યારે સીતાનું અપહરણ કરીને લઈ જતા ત્યારે એ દશ્યમાં સીતાએ ગાતાં ગાતાં કાળુકલ્પાંત કરી મેલવાનું રહેતું. નાનકડા કુંદનલાલને એ દશ્ય ભજવવાની બહુ મજા આવતી. (કદાચ એ વખતે એ પોતાની પીડાનું કેથાર્સિસ ભાવવિરેચન અનુભવતા હોય). એ અપહરણના દશ્યમાં એ એટલું ભયાનક આક્રંદ કરતા કરતા ગાતા કે ખુદ રાવણ ભયભીત થઈને એમને જમીન પર પટકી દેશે એવો ભય તોળાઈ રહેતો. જોનારા સૌના (ક્યારેક પહેલી હરોળમાં એમના પિતા પણ બેઠા હોય) રૂવાડાં ઊભાં થઈ જતાં. કરુણ અભિનયનો આ કદાચ એમનો પહેલો પાઠ હતો; પણ દર વર્ષે ઑક્ટોબર-નવેમ્બરમાં જ આવતા રામલીલાના એ દિવસોની કુંદનલાલ આખું વર્ષ આતુરતાથી રાહ જોઈ રહેતો.

'કુમાર'ની વિશિષ્ટ 'ભેટ ગ્રાહક યોજના'

આપ 'કુમાર'ના નિયમિત ગ્રાહક છો. અમને શ્રદ્ધા છે કે 'કુમાર'નું વાચન આપને સંતર્પક જણાતું હશે.

ઈ. ૨૦૦૧ના વર્ષ માટે 'કુમાર'ના ચાલુ ગ્રાહકો જો કોઈ નવા ગ્રાહકને પોતાના તરફથી એક વર્ષ માટે 'કુમાર' ભેટ આપવા ઇચ્છતા હોય તો માત્ર રૂ. ૧૦૦નું જ વાર્ષિક લવાજમ ભરી પોતાના સંબંધી, સ્નેહી કે પછી કોઈ સંસ્થાને તે આપી શકાશે.

ભેટ આપનાર વ્યક્તિ ચાલુ ગ્રાહક હોય તે અને જેને ભેટ મોકલવાનું હોય તે નવા ગ્રાહક હોય તે બન્ને જરૂરી છે.

આપ સત્વરે રૂ. ૧૦૦ 'ભેટ ગ્રાહક યોજના' અન્વયે મોકલી આ તકનો લાભ લેશો. બહારગામની બેન્કના ચેકમાં બેન્ક-કમિશનના રૂ. ૨૫ ઉમેરીને મોકલવા.

ચેક/ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવો.

એ સિલસિલો એમના અવાજમાં પુરુષ તરીકેની પહેલી ધાટી ફૂટી ત્યાં લગી ચાલ્યો. આ દરમ્યાન એમના આવા સંગીતના પદ્ધતિસરના મહાવરામાં સલમાન યુસુફ નામના એક સૂફી પીરની ભાવવિહ્વળ ગીતઅદાયત્રીનો પાસ પણ ભળ્યો. ચેઝવી સંપ્રદાયના વિખ્યાત સૂફી સંત સિરાજુદ્દીનના આ સલમાનખાન સીધા જ વારસ હતા. માતા કેસરબાઈ એક વાર કુંદનલાલને એમના આશીર્વાદ અપાવવા લઈ ગઈ ત્યારથી કુંદનલાલને એનો નેડો લાગ્યો હતો. ખેર, કુંદનલાલ સાયગલ વિષે લંબાણથી લખવા માટે એક જુદી જ લેખમાળાનું ફલક જોઈએ. પણ જ્યાં સુધી એમનો સંબંધ ધ ન્યૂ થીએટર્સ સાથે લાગેવળગે છે ત્યાં સુધી એમનો એ સંસ્થામાં પ્રવેશ કોઈ પ્રયત્નપૂર્વકનો નહોતો એમ જ કહેવું જોઈએ. રેમિંગ્ટન રેન્ડ ટાઇપરાઇટર કંપનીના એમના સહકાર્યકર શ્રી માણકતલા સાથે તેઓ જ્યારે કલકત્તામાં નોકરી (અને પછી એમાંથી છટણીને કારણે બેકારી) ભોગવતા હતા ત્યારે ઠપકાના સ્વરૂપમાં એ એમને કંપનીમાં ટકી રહીને મોટામાં મોટા હોદ્દે પહોંચવા માટે લલચાવતા હતા. કોઈ કોઈ તો એમની જન્મકુંડળી જોઈને એ ભારે કીર્તિ હાંસલ કરશે (અલબત્ત, ટાઇપરાઇટરની આ કંપનીમાં જ!) એવી આગાહી કરતું હતું. પણ કુંદનલાલ હતાશ અને દિશાશૂન્ય થઈ ગયા હતા. વર્ષો પહેલાં ખુદ બી.એન. સરકારે પોતે, ન્યૂ થીએટર્સને ૧૯૫૪માં તાળાં દેવાઈ ગયાં પછી ૧૯૫૫માં પોતાના આ મિત્ર અને ધ ન્યૂ થીએટર્સની એક આધારશિલા જેવા સાયગલને અંજલિ આપતી એક ફિલ્મ 'અમર સાયગલ' સરકાર પ્રોડક્શનના બૅનર નીચે અને નીતિન બોઝના દિગ્દર્શન નીચે બનાવી હતી. એમાં આ દિવસોનું વિગતે વર્ણન હતું. જી! મુધેરી નામના, સાયગલ સાથે મળતા આવતા ચહેરાવાળા એક બિનકલાકારે એમાં સાયગલની ભૂમિકા ભજવી હતી. આ લખનારને યાદ છે કે એમાં નળના એકધારાં ટપકતાં પાણીના ધ્વનિમાં પણ સાયગલ સંગીતનો અનુભવ કરતા હતા એમ દર્શાવાયું હતું.

ખેર, પણ કુંદનલાલ સાયગલનો ધ ન્યૂ થીએટર્સમાં પ્રવેશ કરાવવા માટે યશોભાગી એક કરતાં વધારે મહાનુભાવો હતા. બી.એન. સરકાર તો ખરા જ, કે જેમણે પ્રવેશદ્વાર ખોલ્યું, પણ એ બોલાવવા માટે પ્રયત્નો કરનાર કોણ હતા? બેશક, પંકજ મલ્લિક, રાયચંદ બોરાલ, દેવકી બોઝ અને ફણી મઝુમદાર.

ઇતિહાસ જ્યારે કિંવદંતીઓ સાથે સેળભેળ થઈ જાય છે ત્યારે નિર્ભેળ તથ્યો તારવવાનું મુશ્કેલ હોય છે. ન્યૂ થીએટર્સ અને સાયગલનું સખ્ય પૂરા દસકાનું રહ્યું. અને એ દરમિયાન સાયગલે પોતાનું શ્રેષ્ઠ સત્ત્વ આપીને ન્યૂ થીએટર્સના ઇતિહાસને સોનેરી બનાવવામાં સિંહફાળો આપ્યો. એટલે એમના એ સંસ્થાના પ્રવેશની હકીકતો પણ તપાસવી જોઈએ. એ હવે આવતા હપ્તામાં. (ક્રમશઃ)

પ્રસંગપરાગ

મૂઠી ઊંચેરા માનવ મહારાજ

કરુણાશંકર મણિશંકર જોષી

વિનોબાજી પ્રેરિત સર્વોદયપાત્ર, ઘેર ઘેર મુકાવવા પૂજ્ય રવિશંકર મહારાજ સાથે ગયેલા, ત્યારનો આ એક બનેલ કિસ્સો છે.

ઘેર ઘેર અને ઠેર ઠેર, સર્વોદયપાત્ર મુકાવવા આવેલ મહારાજનું હાર્દિક સ્વાગત થાય, એટલે એમની સાથેના અમે યુવાનો બહુ ઉત્સાહમાં આવી ગયેલા.

એટલામાં જ અમારી હોંશ ઠંડી થઈ જાય એવો બનાવ બન્યો.

એક આલીશાન બંગલામાં, શેઠ હાજર નહીં પણ, શેઠાણી હાજર જ હતાં. અમે સર્વોધ્યપાત્રનો હેતુ સમજાતા હતા, પણ શેઠાણી કોણ જાણે કેમ, સમજવા તૈયાર જ નહીં. ત્યાં મહારાજ આવી ચડ્યા. અને નમ્રતા તથા સરળતાથી પાત્ર કેમ રાખવું તે સમજ આપી.

વાત ન સમજે, પાત્ર ન સ્વીકારે, એ તો ઠીક. બાઈએ ઉશ્કેરાઈ જઈ, 'આવા ફંડ-ફાળાવાળા ભિખારીઓ બહુ આવ્યા કરે છે', કહીને ક્રોધમાં બારણું અફાળી બંધ કર્યું.

અમે યુવાનો ગુસ્સામાં આવી ગયા કે, પવિત્ર મહારાજનું આ બાઈ આવું અપમાન કરે તે કેમ ચલાવી લેવાય. પરંતુ મહારાજનો મલાજો જાળવી ગુસ્સો ઠંડો પાડી, અસફળતાથી હતાશ થયા.

એટલામાં મહારાજ તો આગળના મકાન પાસે પાત્ર રાખવાનું કહેવા પહોંચી ગયા. અમે પણ તરત મહારાજશ્રી સાથે થઈ ગયા. અમારામાંના એક યુવાને ન રહેવાતાં મહારાજને પૂછી જ નાખ્યું કે, 'મહારાજ, આપનું પેલી બાઈએ આટલું અપમાન કર્યું તો પણ તમે કેમ કાંઈ ક્રોધ ન કર્યો?'

'કોઈ અણસમજથી કંઈક બોલે એમાં ક્રોધ શેનો? આપણે આપણું કામ કર્યે જવાનું. અણસમજ સામે અણસમજ આપણાથી તો ન જ થાય. મારા ગુરુ મહાત્માજી પાસેથી હું આવું શીખ્યો છું.'

મહારાજના બોલ સાંભળી અમને લાગ્યું કે, 'સાચોસાચ આવો જ મહામાનવ, માણસાઈના દીવા સદી સુધી સરળતા અને સમગ્ર રીતે જ પ્રકટાવી, મહાત્માના માનસ-સંતાન તરીકે સર્વોત્તમ જ મનાય.

અતીતમાં અવગાહન

संक्रान्ति-पर्व-मंगलम्
आस्वादयन्तु सुहृदः तिलमिष्टपाकम्
वाचां तथा मधुरिमा मुदमातनोतु ।
लोके भवन्तु सुखिनः सुधियां समाजाः
श्री-शारदा निखिल मंगल मादधातु ॥
एव भातयति-
(सुदामापुरी) -विद्यालंकारः शंकरदेवः

*

રાશિઓ અને નક્ષત્રો

હકીકતે તો પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. પણ આપણે પૃથ્વી પર વસતા હોઈ સ્થિરતા અનુભવવા સાથે સૂર્ય-ચંદ્ર ને તારાઓ સાથેનું સમગ્ર આકાશ ફરતું હોય તેમ આપણને લાગે છે. અને પોતાની ધરી પરની પૃથ્વીની ગતિ પશ્ચિમથી પૂર્વ તરફની હોઈ આકાશી પદાર્થો આપણને પૂર્વથી પશ્ચિમમાં જતા જણાય છે. આ રીતે આકાશમાં સૂર્ય જે માર્ગે ગતિ કરે છે તે માર્ગને ક્રાન્તિવૃત્ત કહે છે. સૂર્યમાળાના અન્ય ગ્રહો પણ આ ક્રાન્તિવૃત્તની આસપાસ જ ફરતા દેખાય છે. ક્રાન્તિમાર્ગ ૩૬૦ અંશનો પૂર્ણ વલયાકાર છે. ગણતરીની સરળતા ખાતર એના બાર સરખા ભાગ પાડેલા છે જેને 'રાશિ' કહે છે. અને એ ભાગમાં દેખાતા અગ્રગણ્ય તારામંડળોનાં નામ પરથી એ દરેક રાશિને નામ આપ્યાં છે. તારામંડળનાં આ નામોની અને રાશિની કલ્પના પશ્ચિમની છે. એટલે એ મંડળમાં કલ્પેલી આકૃતિઓ અને નામો આપણને ક્યાંક બંધબેસતાં ન જણાય એ સ્વાભાવિક છે.

આપણી જ્યોતિષની ગણતરીઓ ચંદ્ર પર પણ આધારિત હતી. કેમ કે આકાશમાં એની ગતિ બીજા બધા કરતાં વધુ સ્પષ્ટ જણાય છે. ચંદ્ર લગભગ ૨૭$^1/_3$ દિવસમાં પોતાનું એક ભ્રમણચક્ર પૂરું કરે છે. બીજી રીતે એના ભ્રમણચક્રના ૨૭ ભાગ પડે. આપણે એ દરેક ભાગને 'નક્ષત્ર' નામ આપ્યું છે. નક્ષત્રની કલ્પના પૂર્ણતઃ ભારતીય છે, જ્યારે 'રાશિ'ઓ આપણે ત્યાં પાછળથી આવી છે. આ બંને ગણતરીઓ સાંકળીએ તે બાર રાશિ અને સત્યાવીસ નક્ષત્રોના હિસાબે દરેક રાશિમાં સવા બે નક્ષત્રો આવે. રાશિચક્ર મેષ રાશિથી અને અશ્વિની નક્ષત્રથી આરંભાઈને મીન રાશિ અને રેવતી નક્ષત્રમાં પૂરું થાય છે.

ચંદ્રની કળાને કારણે તિથિ અને માસની ગણના સરળ બને છે. આ પરથી પૂર્ણિમાને દિવસે ચંદ્ર જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રના નામ પરથી આપણે માસનાં નામ આપ્યાં છે. દા.ત. જે પૂર્ણિમાને દિવસે ચંદ્ર મઘા નક્ષત્રમાં હોય તે માઘ, ફાલ્ગુનીમાં હોય ત્યારે ફાલ્ગુન.

*

વૈતાળ પચ્ચાસી વારતા ૧૯ : **ચોર**

અને આજે તો બેવકૂફ નથી જ બનવું એવું નક્કી કરી રાજા વિક્રમે મડાને ખાંધે નાખી ઉજેણી ભણી ચાલવા માંડ્યું. ત્યારે મડાએ આ વારતા શરૂ કરી :

'બે ચોરોએ એક શાહુકારના ઘરમાં ખાતર પાડ્યું. મહામુસીબતે બંનેએ કબાટનું તાળું તોડ્યું. બેમાંના એક ચોરે કબાટ ખોલી એક ખાનામાં હાથ નાખ્યો તો તેના હાથમાં એક પુસ્તક આવ્યું. પુસ્તક પર તેણે ટોર્ચ ફેંકી, ટોર્ચના પ્રકાશમાં પુસ્તકનું નામ વાંચી તે હસી પડ્યો.

'કેમ, શું થયું ?' બીજા ચોરે દબાએલા અવાજે પૂછ્યું. તેને ઉત્તર આપવાને બદલે પહેલા ચોરે બીજા ચોરના હાથમાં તે પુસ્તક મૂક્યું. બીજા ચોરેય પુસ્તક પર બૅટરી મારી નામ વાંચીને હસવા માંડ્યું.

વારતાને અહીં અટકાવતાં મડાએ રાજા વિક્રમને પૂછ્યું : 'હે વિક્રમ, પુસ્તકનું નામ શું હશે ને નામ વાંચીને બંને ચોરો કેમ હસી પડ્યા હશે ?'

'પુસ્તકનું નામ 'નીતિશાસ્ત્ર' હશે અને આ બંને જણે વર્ષો અગાઉ એ લખ્યું હશે.' વિક્રમે જવાબ આપ્યો.

-અને - 'અરે વિક્રમ, તું તે ચતુર છે કે બેવકૂફ.' એમ બોલતું મડું ફરી સિદ્ધ વડ ઉપર લટકી ગયું. -વિનોદ ભટ્ટ

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

તા. ૧૨, ૧૭૦૯ : અંગ્રેજી કુમાર-સાહિત્યની જગવિખ્યાત કથા 'રૉબિન્સન ક્રૂઝો' જેની જીવનઘટના ઉપરથી ડેનિયલ ડીફોએ લખી તે માથાફરેલ સ્કૉટ્સમૅન ઍલેક્ઝાંડર સેલ્કર્કનો જુઆન ફર્નાન્ડિઝ ટાપુ પરથી છુટકારો. પોતાના ગામ લાર્ગોમાં દેવળમાં પ્રાર્થના દરમિયાન ગેરવર્તણૂક દાખવવા બદલ ધર્મગુરુઓના રોષથી બચવા એ નાસીને દરિયાખેડુ બન્યો. પણ તેમાંય એક ખેપમાં જહાજના કપ્તાન જોડે આથડી પડતાં એની પોતાની જ ઇચ્છા પ્રમાણે એને દક્ષિણ મહાસાગરના આ ઉજ્જડ ટાપુ પર થોડાં સીધાંસામાન આપી ઉતારી મૂકવામાં આવ્યો. એ ટાપુ પર એના એકાંતવાસના ચાર વર્ષ બાદ 'ડ્યૂક' નામના જહાજના કૅપ્ટન વૂડ્ઝ રૉજર્સે એને પોતાના વહાણ પર લઈ લીધો. એ પછી સેલ્કર્ક ઈ. ૧૭૨૧માં પોતાના અવસાન સુધી દરિયો ખેડતો રહેલો.

તા. ૨૩, ૧૫૬૮ : ચિત્તોડગઢનું ખંડન. સમસ્ત હિંદુ રાજ્યોને હરાવી એક મહાન મુઘલ સલ્તનત સ્થાપવા ઇચ્છતા અકબરે અડગ-અજેય રહેલા મેવાડની રાજધાની ચિત્તોડગઢને ઈ. ૧૫૬૭ના ઑક્ટોબરમાં ઘેરો ઘાલ્યો. આ માટે એ પાંચ કોસમાં પથરાય એટલી વિશાળ સેના અને ગઢના દરવાજા તોડવા સેંકડો હાથીઓ અને તોપો લાવેલો. છતાં રાણા ઉદયસિંહની સેનાનું સંચાલન કરનાર બદનૌરના ઠાકોર જયમલ રાઠોડે છ છ મહિના સુધી મચક ન આપી. પણ એક રાતે ગઢની મરામત કરાવતાં જયસિંહને બંદૂકની ગોળી વાગી અને તે ઘાયલ થયો. બીજે દિવસે રજપૂતોએ કેસરિયાં કર્યાં તેમાં ઘાયલ જયસિંહ પણ લડેલો. ગઢમાં સ્ત્રીઓએ જૌહર કર્યું. આખરે ચિત્તોડગઢ પડ્યો. આ મહાન વિજયની યાદમાં અકબર તેના કિલ્લાનાં તોતિંગ દ્વાર અને માઈલો દૂર સંભળાય એવી ત્યાંની નોબતો સાથે લઈ ગયો.

['કુમાર' અંક ૫૭૮, ફેબ્રુઆરી, ૧૯૭૨માંથી]

કલાવાર્તા

ખ્યાતનામ ચિત્રકાર અને અનેકદેશીય પ્રતિભાવંત

ભાનુ શાહ

સુવિખ્યાત કલાકાર, કલા અને કસબના વિદ્વાન તથા ભારતીય કલાત્મક



પતંગના સંગ્રહ, અભ્યાસ અને શોખને કારણે ભાનુભાઈએ અમદાવાદના સંસ્કારકેન્દ્રમાં પતંગ મ્યૂઝીઅમનું સર્જન કર્યું, અને તેમને આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત થઈ. હંમેશાં ઉત્સાહી, ગતિશીલ, દૃઢ મનોબળધારી, વાચાળ, સંવેદનશીલ, પ્રફુલ્લિત, ધૂની, મિલનસાર અને પ્રેરણાદાયી તથા પૂર્ણતાના આગ્રહી એવા એક બહુમુખી પ્રતિભા ધરાવનાર કલાકાર ભાનુ શાહનો જન્મ ૧૯[illegible]માં અમદાવાદમાં થયો. ૧૯૫૬માં એમ.એસ. યુનિવર્સિટીમાંથી બી.એ. ફાઈનની (અપ્લાઈડ) ઉપાધિ મેળવી. ૧૯૬૦માં [illegible] મેળવ્યો. વર્ષો સુધી સંસ્કારકેદ્રમાં અને છેલ્લાં સાત વર્ષ નિયામક તરીકે સેવાઓ આપી નિવૃત્ત થયા.

સતત અડતાલીસ વર્ષની તેમની ચિત્રસર્જનની કલાયાત્રામાં ભાનુભાઈએ એક સર્જક કલાકાર તરીકે, ૪૮ વર્ષ પહેલાં તેમના પ્રથમ જળરંગી દૃશ્ય ચિત્રના સર્જનથી લઈ, વિવિધ શૈલીમાં પ્રયોગાત્મક ચિત્રો સર્જી, તાજેતરના અમૂર્ત શૈલીના સર્જન સુધીમાં પોતાને પ્રસ્થાપિત કર્યા છે.

તેમણે આજ સુધી ભારત અને પરદેશમાં ૨૪ વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં. તેમને ૧૩ જેટલાં ઇનામો પ્રાપ્ત થયાં છે, જેમાં ૧૯૬૮નો લલિત કલા અકાદમી નવી દિલ્હીનો નૅશનલ ઍવૉર્ડ મુખ્ય છે. ઉપરાંત ગુજરાત રાજય લલિત કલા અકાદમી, બૉમ્બે આર્ટ સોસાયટીનાં તેમજ અન્ય ઇનામો મળ્યાં છે. ભાનુભાઈનાં કાર્યો અને સેવાઓ બદલ તેમને ૧૫ જેટલી ભારતીય અને પરદેશની વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન અને સ્મૃતિચિહ્નો ભેટરૂપે મળ્યાં છે.

ભાનુભાઈની સર્જનકલાયાત્રા સુદીર્ઘ રહી છે. તેમણે ૧૯૫૨માં સર્વપ્રથમ દૃશ્યચિત્ર સર્જ્યું અને ત્યારથી જીવનભર તેનો નશો રહ્યો. સ્વયં વ્યાવહારિક કલાના વિદ્યાર્થી હોવા છતાં, અભ્યાસ દરમ્યાન સુવિખ્યાત ચિત્રકાર, પ્રો.એન. એસ. બેન્દ્રેના અથાગ પ્રેમ અને પ્રોત્સાહનને લીધે તેમનો માંહ્યલો સર્જકકલાકાર જીવ જાગૃત થયો અને વિકાસપંથે અવિરત દોડતો રહ્યો. સ્થળ ઉપર નૈસર્ગિક રમ્ય દૃશ્યો ચીતરવાની પદ્ધતિમાંથી છુટકારો મેળવી ૧૯૬૧માં પ્રયોગાત્મક શૈલીમાં પ્રથમ વૈયક્તિક ચિત્રપ્રદર્શન યોજ્યું. આ જ વર્ષે તેઓ પ્રોગ્રેસિવ પેઇન્ટર્સ ગ્રૂપના સભ્ય થયા અને આ ગ્રૂપના આઠ વર્ષના ગાળામાં કલાકાર તરીકે તેમણે અનુભવ અને પ્રૌઢિ પ્રાપ્ત કર્યા. ૧૯૬૬માં કાગળ ઉપર રંગીન શાહીનાં માધ્યમમાં ચિત્રો સર્જી મુંબઈની તાજ આર્ટ ગૅલરીમાં પ્રદર્શન યોજ્યું. આ જ વર્ષે કૅનેડાના મોન્ટ્રિઅલ અને ફેડરીક્ટનની ગૅલરીમાં પ્રદર્શન યોજ્યું.

૧૯૬૮ના ગાળામાં તેમણે તૈલરંગોમાં કોલાજ ચિત્રો સર્જ્યાં, એ જ વર્ષે તેમને નૅશનલ ઍવૉર્ડ મળ્યો. ૧૯૭૩ના ગાળા દરમ્યાન લાકડામાં રીલિફ કાર્ય કરી રંગોના વિનિયોગથી ચિત્રો કર્યાં. તે પછીના તબક્કામાં કેનવાસ ઉપર રંગ વહેવા દઈ, તેમાંથી સર્જનાત્મક કૃતિઓની શ્રેણી સર્જી. ત્યાર બાદના ગાળા દરમ્યાન કલાકસબની કક્ષાનાં સ્ટીચ ડ્રૉઇંગ્સનું સર્જન કર્યું. તથા તેમાં રંગો ભરી સર્જનાત્મક કક્ષાનાં પુનઃ સ્ટીચ ડ્રૉઇંગ્સ કર્યાં.

છેલ્લાં ચાર વર્ષથી ભાનુભાઈ તેમના સર્જકકલાકારના અસલ મિજાજમાં છે. અને એક્રેલિક રંગોમાં જાડા કાગળ ઉપર તેમની વિશિષ્ટ અમૂર્ત શૈલીમાં ચિત્રસર્જન કરતા આવ્યા છે. આ ચિત્રોનાં પ્રદર્શન





કાગળ પર શાહીમાં કરેલું સર્જનાત્મક દૃશ્ય

કાગળ પર શાહીમાં કરેલું [illegible]




મુંબઈની ગિરગાંવ સ્ટ્રીટનું દશ્યચિત્ર

૧૯૯૭માં અમદાવાદમાં અને ૧૯૯૯માં આર્ટ ફોલિઓ, ચંદીગઢ ખાતે યોજાયું. તેણે કલારસિકો, કલાકારો અને વિવેચકો તરફથી પ્રશંસાત્મક પ્રતિભાવ મેળવ્યો.

તેમની પ્રતિભાનું એક અન્ય ધ્યાનપાત્ર પાસું છે તેમનાં સાહિત્ય અને કલાવિષયક પ્રકાશનો. ૧૯૬૮માં કાળો કાળો વરસાદ, '૭૩માં કાવ્યસંગ્રહ 'બુધવારની રાત' '૭૭માં કાવ્યસંગ્રહ 'તડતડિયાં', 'ગુજરાતના ભરતકામમાં ટાંકા', '૭૮માં 'ભારતની કલાત્મક પતંગો', '૭૯માં 'ગુજરાતનાં કાષ્ઠશિલ્પો', '૮૦માં ભારતનાં 'પ્રેમ શિલ્પો', '૮૧માં 'ગુજરાતની વાવો', '૮૨માં 'કોતરેલાં અને ચિતરેલાં ધાતુપાત્રો' '૮૩માં 'આદિવાસી સ્ત્રીઓ' અને '૮૪માં સાંઝી. તેમણે ડિઝાઈન અને સંપાદિત કરતું 'ધ ઈનર લૅન્ડ સ્કેઈપ ઑફ ગુજરાત' પુસ્તક પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે.

અ.મ્યુ.કો. દ્વારા દર વર્ષે યોજાતા સ્થાનિક ચિત્રકારો અને તસવીરકારોની કૃતિઓના પ્રદર્શન સાથે તેમણે કલાકારોના જાણે જાહેર સન્માન કરવાની સ્તુત્ય પ્રથા ઊભી કરી. તેમણે કલાકારો માટે સ્પોન્સર્ડ વૈયક્તિક પ્રદર્શનની હારમાળા સર્જી.



વૂડ રીલિફ ચિત્ર

બાળકો માટે ચિત્ર-સર્જનની વર્કશૉપ યોજી તેમજ અનેક તત્કાળ બાળચિત્ર સ્પર્ધાનું સફળ આયોજન કર્યું.

'ભારતની પતંગોમાં કલાતત્ત્વો' વિષે દુનિયામાં પ્રસિદ્ધિ અને જાગૃતિ લાવવામાં તથા ભારતની પતંગ-સંસ્કૃતિને જાળવવામાં તેમનો પ્રમુખ ફાળો છે. ભાનુભાઈએ ત્રણ વખત ફ્રાન્સ, બે વખત લંડન, બે વખત દુબાઈ, થાઈલૅન્ડ, બેલ્જિયમ અને નેધરલૅન્ડનો પ્રવાસ કર્યો છે. લંડનના વિક્ટોરિયા ઍન્ડ આલબર્ટ મ્યૂઝીઅમ અને નેધરલૅન્ડના ડેનેહેગ મ્યૂઝીઅમમાં સચિત્ર વ્યાખ્યાન આપ્યાં છે.

તેમણે સર્જેલું પતંગ મ્યૂઝીઅમ જગવિખ્યાત થયું છે. શ્યામ બેનેગલે એને 'સૌંદર્યશાસ્ત્રની મોટી ચેપ લગાડનારી જગ્યા' તરીકે ઓળખાવ્યું છે. ૧૯૯૪-૯૫માં બે વર્ષ માટે ભારત સરકારની 'સીનિઅર ફેલોશિપ' મળી અને તેનો વિષય હતો 'ભારતમાં પતંગ અને પતંગ ઉડ્ડયન'. તે દરમ્યાન તેમણે કિંમતી સામગ્રી ભેગી કરી. હાલમાં લેખનકાર્યમાં તેનો ઉપયોગ કરી રહ્યા છે. અમેરિકાના સુપ્રસિદ્ધ ચિત્રકાર અને લેખક ટાલ સ્ટ્રીટરે તેમના ભારતની પતંગો અંગેના પુસ્તકમાં ૧૬ પાનાંનું એક ખાસ પ્રકરણ ભાનુભાઈ માટે પ્રસિદ્ધ કર્યું છે.


સૌંદર્ય પ્રત્યેની તેમની વિશેષ અભિરુચિને લીધે તથા દઢ મનોબળ અને ઉત્સાહને લઈને છેલ્લા ચાર દાયકામાં તેમણે ચિત્રસર્જનની સાથે સાથે તેમના રસનાં ઘણાં ક્ષેત્રોમાં પ્રશંસનીય કામ કર્યું છે.

ચિત્ર-સર્જન એ ભાનુભાઈના જીવનની ધરી છે. ભાવાત્મક, નૈસર્ગિક અમૂર્ત શૈલીનાં તેમનાં ચિત્રોમાં નૈસર્ગિક રૂપોનાં પ્રતિબિંબ દશ્યાત્મક અને સૌંદર્યાત્મક રીતે ઝિલાયાં છે. તેમાં વાદળી રંગો અને તેની છાયાઓનો ભાવાત્મક અને કલાત્મક વિનિયોગ થયો છે, અને તે લીલા અને સિલેટિયા રંગોના સાન્નિધ્યમાં અપીલ કરનારા અને પ્રભાવકારી બન્યા છે. તેની રમ્યતા પ્રેક્ષકોના અર્ધસંપ્રજ્ઞાત મનને ઊંડે સુધી સ્પર્શે છે. રંગોની તેમની કેળવાયેલી વિશિષ્ટ સૂઝ-સમજ તથા તેમનો ભાવાત્મક રીતે, સૂક્ષ્મતાપૂર્વક વિનિયોગ કરવાની પદ્ધતિ તેમને નિઃશંકપણે એક રંગસ્વામી તરીકે સ્થાપે છે. તેમનાં ચિત્રો બહુધા ઠંડા રંગોમાં નિર્માણ પામેલાં હોવા છતાં નિસર્ગનાં વહેતાં ઝરણાંનું સંગીત,' ધીમે ધીમે પડતા વરસાદનું સંગીત, ઉપરથી પડતા મોટા ધોધનો અવાજ, પાણીનાં વમળોનો વિશિષ્ટ ઘુમરી લેતો અવાજ પણ સાંભળવા મળે છે. ટૂંકમાં સંગીતની અમૂર્ત કક્ષાની અનુભૂતિ કરાવતા આ સર્જનાત્મક રંગોની સર્જનલીલા સર્જતાં ભાવાત્મક અમૂર્ત ચિત્રો ભાનુભાઈને એક સભાન, ગંભીર અને સંવેદનશીલ કલાકાર તરીકે સ્થાપે છે. તેમની સમગ્ર સર્જનયાત્રાને ધ્યાનમાં લઈ ગુજરાત લલિત કલા અકાદમી તરફથી આ વર્ષે તેમને સર્જનાત્મક ચિત્રકલા ગૌરવ પુરસ્કાર એનાયત થયો છે. -બંસીલાલ દલાલ


—કલાવૃત્ત—

તેર ગ્રાફિક પ્રિન્ટસર્જકો

રાજસ્થાનના બે પ્રૌઢ ચિત્રકારો વિદ્યાસાગર તથા દિલીપસિંહ ચૌહાણ અને અન્ય અગિયાર યુવા કલાકારોએ વર્ષ ૨૦૦૦-૨૦૦૧ સુધીમાં સર્જેલી ગ્રાફિક પ્રિન્ટનું સંયુક્ત નોંધપાત્ર પ્રદર્શન જયપુર, નવી દિલ્હી, ચંદીગઢ, બૅંગલોર



ઇચિંગ-૨૦૦૦ (વી.એસ. ઉપાધ્યાય)



સોનેરી રાત્રિ : સેરિગ્રાફ (દીપકકુમાર ખંડેલવાલ)

તથા તાજેતરમાં અમદાવાદમાં યોજાયું. ચિત્રકલા તથા શિલ્પની માફક 'પ્રિન્ટમેકિંગ' પણ કલાસર્જનનું એક વિશાળ ક્ષેત્ર ધરાવે છે. તથા તેનો રસપ્રદ ઇતિહાસ પણ છે. ભારતની જાણીતી કલાસંસ્થાઓમાં ગ્રાફિક વિભાગે રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે નામના પામેલા ઉત્તમ પ્રિન્ટસર્જકો પેદા કર્યા છે. પ્રસ્તુત રાજસ્થાની સંયુક્ત પ્રદર્શનના કલાકાર તથા પ્રિન્ટસર્જક મૂકેશ શર્મા, દીપકકુમાર ખંડેલવાલ, વિનય શર્માએ પ્રિન્ટમેકિંગનો વધુ અભ્યાસ વડોદરાની ફાઇન આર્ટ્સ ફેકલ્ટિમાં જ કર્યો છે. તેમની ઇન્ટાગ્લિયો,



મારી આસપાસ પંખીઓ; ઇચિંગ સ્ટેનસીલ-૨૦૦૦ (વિવેક કાકરા)


સેરિગ્રાફ ઇચિંગ જેવી વિવિધ માધ્યમોની ઉત્તમ સૂઝ તથા તેની ગુંજાયશો પ્રકટ કરતી ટેકનિકલી ઉત્તમ ગુણવત્તાવાળી પ્રિન્ટ સૌથી વધુ ધ્યાનપાત્ર બની છે. મર્યાદિત સંખ્યામાં કાઢવામાં આવતી આ નાના મોટા કદની પ્રિન્ટ સ્વયં સ્વતંત્ર સર્જનાત્મક ચિત્રકલા જેવી મૌલિક કૃતિઓ છે અને તે દશ્યાત્મક, સૌંદર્યાત્મક તથા ટેકનિકની દૃષ્ટિએ તેમજ કલાકારની જીવન પરત્વેની નિજી તથા અનુભૂતિની અને વિષયની કે વિભાવનાની દૃષ્ટિએ પણ નોંધપાત્ર બની છે.

આકૃતિપ્રધાન અમૂર્ત અર્ધ અમૂર્ત શૈલીમાં સમકાલીન ચેતનાને અભિવ્યક્ત કરતી આ પ્રિન્ટનું સંયુક્ત પ્રદર્શન ખરેખર નોંધપાત્ર છે. ગૌરીશંકરની ઇચિંગ કૃતિ 'વર્તમાન' નરેશકુમારની ઇચિંગ-વૂડ પ્રિન્ટ 'મારી સાથે'માં લાકડાની સપાટીનું પોત સુપેરે ઊપસી આવ્યું છે અને દીપક ખડેલવાલની સેરિગ્રાફ પ્રિન્ટ 'સોનેરી રાત્રિ' સ્ત્રી-પુરુષોના સોનેરી ચહેરાઓને પ્રેસ-છપાઈ સામે ઉઠાવ આપે છે.

-બંસીલાલ દલાલ

નિકિતા પરીખનું રંગદર્શી કલાવિશ્વ

ઈ. ૧૯૭૪માં જન્મેલી નિકિતા પરીખ પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના વાતાવરણમાં ઊછરી છતાં તેણે નાનપણમાં જ ચિત્રકલાનો શોખ હોવાથી ૧૯૯૨થી ૧૯૯૬ સુધી વડોદરાની ફેકલ્ટિ ઑવ્



નાથદ્વારા કા જાદુ ચલ ગયા (નિકિતા પરીખ)

ફાઇન આર્ટ્સમાં સર્જનાત્મક ચિત્રકલામાં બી.એફ.એ.ની ઉપાધિ મેળવી. ૧૯૯૬-'૯૮માં આ જ સંસ્થામાંથી સર્જનાત્મક ચિત્રકલામાં એમ.એફ.એની ઉચ્ચ ઉપાધિ પ્રાપ્ત કરી. ઊંડે ઊંડે મનમાં પુષ્ટિમાર્ગીય ચિત્રકલાના સંસ્કારો હોવા છતાં વડોદરામાં ચિત્રકલાના અભ્યાસ દરમ્યાન તેણે સમકાલીન યુરોપીય તથા ભારતીય ચિત્રકલાના પ્રવાહોનો પરિચય કેળવ્યો તથા નવી ટેકનિકોમાં કામ કરવાનો અનુભવ પણ મેળવ્યો છે. આજે પણ તે ચિત્રકલાસર્જનમાં સતત પ્રવૃત્ત રહે છે અને તેનાં ચિત્રો ગુજરાતનાં, ભારતનાં તથા પરદેશનાં પ્રદર્શનોમાં મોકલતી રહે છે અને તેમાં તેનાં ચિત્રોને ઇનામો પણ મળતાં રહ્યાં છે. તેણે ત્રણ મહત્ત્વપૂર્ણ કલાશિબિરોમાં સક્રિય ભાગ લીધો છે.



હમ સાથ સાથ હૈં (નિકિતા પરીખ)

પાંચ ઇનામો, બે સ્કૉલરશિપ મેળવી છે, ત્રણ વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં છે અને દસ ગ્રૂપ પ્રદર્શનોમાં ભાગ લીધો છે.

નિકિતાના છેલ્લા પ્રદર્શનમાં રજૂ થયેલાં ચિત્રોમાં તેના પરિવારના પુષ્ટિમાર્ગીય કલાના સંસ્કારો તથા મધુર રંગોની પસંદગી, તેમના વિનિયોગ તથા વિષયમાં પણ ઝિલાયાં છે, ખાસ તો પિછવાઈઓમાં જોવા મળતાં કમળવનો, કેળ, નાથદ્વારાના મંદિરની બહારની પ્રવેશદ્વારની બંને બાજુનાં ભીંતચિત્રોથી પ્રેરાઈને તેનાં વર્તમાન ચિત્રોમાં રજૂ થયેલાં હાથી, હોડીઓ, માછલી, પોપટ, વનસ્પતિ વગેરેનો સુશોભનાત્મક છતાં પોતાની આગવી શૈલીમાં ખૂબ સરળ રીતે ચિત્રિત થયેલાં જોવા મળે છે. લાકડાની મંજૂષામાં અંદર અને બહાર પેનલમાં ચિત્રિત આ ચિત્રો, આપણને એક અલૌકિક, સ્પર્શગમ્ય અનુભવ પણ કરાવે છે. 'હાથી મેરા સાથી' તથા 'હમ સાથ સાથ હૈં' જેવાં ચારકોલમાં સર્જાયેલાં ચિત્રો, પક્ષી તથા પ્રાણીજમાના પરત્વેની તેની સહાનુભૂતિ, ચિંતા તથા પ્રેમ દર્શાવે છે. આ ચિત્રોમાં તેણે લાકડાનાં બીબાંની છાપોનો કલાત્મક ઉપયોગ કર્યો છે. ચિત્રનાં રંગોમાં પિછવાઈના રંગોમાં જોવા મળતી મધુરતા છે અને રૂપોના સર્જનમાં કોમળતા છે.

-બંસીલાલ દલાલ

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૬૬ થી

ડિસેમ્બરનો અંક ગમ્યો. દા.ત. ત્રાપેલાની ગઝલ, લઘુકથા રંજ (મધુકાન્ત આચાર્ય) ધ્યાનકથા (બહાદુરભાઈ વાંક) તેમજ કલાવાર્તા (બંસીલાલ દલાલ-દિનકર ભોજક) ગમી. સૌને અભિનંદન. 'કુમાર' આમ જ આગળ વધી રહે એવી શુભેચ્છા.

-ડી.બી. ઓઝા (પોરબંદર)

ગયા નવેમ્બરના અંકના 'પસ્તીનાં પાનાં'ના લેખના અનુસંધાનમાં ડૉ. પ્ર.ચુ. વૈદ્યસાહેબની આ લેખમાળાના પ્રસંગો, ટચૂકડી ટૂંકીવાર્તા જેવા મજાના હોય છે. જીવન, મૃત્યુ, મન અને લાગણી વિશે સરસ વાંચવા મળ્યું. આ વાંચીને કેટલાંક અંગ્રેજી કાવ્યો સાંભરી આવે છે. એક છે 'HOME THEY BROUGHT HER WARRIOR DEAD' યુદ્ધમાં શહીદ થયેલ યોદ્ધાને ઘેર લાવવામાં આવે છે. સૌ ભેગાં થાય છે. વિલાપ કરે છે. પણ તેની પત્ની રડતી નથી, જાણે પથ્થર ! તેને રડાવવા સૌ મથે છે. કોઈ વીરનાં વખાણ કરે છે. કોઈ તેની દયા ખાય છે. વળી, એકે તો મૃતયોદ્ધાનો ચહેરો પણ ખોલી નાખ્યો છતાં તે રડતી જ નથી. સાવ જાણે કે જડ. પછી કવિ છે, 'Rose a nurse of ninety years..' ઘરની સૌથી જૂની આયા ઊઠે છે. કદાચ તેણે આ મૃત યોદ્ધાને પણ રમાડ્યો હશે. ઊઠીને તરત જ તેણે ખોળામાં સૂતેલા બાળકને પત્નીના હાથમાં આપ્યું. ને જાદુ થયો ! તેની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યો ! અને બોલી. "oh ! child, I live for thee." એક બીજું નાનકડું કાવ્ય છે : The stone. પથ્થરની ખાણમાં સુરંગ ફાટવાથી બાઈનો પતિ મરી ગયો. પત્નીએ તેના શિલ્પી મિત્રને પૂતળું બનાવવા કહ્યું. શિલ્પી રોજ ઘડે, પેલાની પત્ની રોજ, બેસી રહે જડની માફક. એમ કરતાં એક દિવસે કામ પૂર્ણ થયું અને પેલી પત્ની પેલા પૂતળા પાસે ઢળી પડી ! - દિનુભાઈ દવે (અમદાવાદ)

ડિસેમ્બર 'કુમાર' મળ્યું. વર્ષભરમાં ૮૪૦ પાનાં તમે આપ્યાં ! નક્કર ૭૦૦ પાનાંથી વધુ વાચન મળ્યું. આનંદ !

છેલ્લા પાનાનો શ્લોક 'સર્વેષામેવ' બહુ જ સમયોચિત છે. આર્થિક પાયમાલીના રસ્તે આપણો દેશ જઈ રહ્યો છે એનું ખરું કારણ આપણી આર્થિક અપવિત્રતા છે એ તો નક્કી છે જ. આપણા દેશનો એકેએક નાગરિક એની સાચી આવક બતાવે તો જ એની આવક પવિત્ર બને ! ઇન્કમટેક્ષ ભરતી વખતે ભાગ્યે જ કોઇ ભારતીય સાચી આવક લખે છે ! વળી, ટેક્ષ ભરવો પડે એટલી રકમ કમાવા છતાં ટેક્ષ ન ભરતા હોય એવા નાગરિક તો લાખ્ખોની સંખ્યામાં હશે. આમ, એકે એક ભારતીયનો પૈસો દૂષિત જ ગણાય. ઇન્કમટેક્ષની આ ચોરીથી શરૂઆત થાય છે તે ક્યાંય અટકતી નથી. જ્યારે અમેરિકામાં રહેતાં અનેક સગાં-મિત્રો પાસેથી સાંભળ્યું છે કે તેઓ ત્યાં ૩૦-૪૦ વર્ષથી રહે છે એ દરમિયાન એક ડૉલરની લાંચ લીધી-દીધી નથી, ખોટું કર્યું નથી. પરસેવાની જ કમાણી હોય, એક નંબરની જ હોય તો આપણો દેશ સાચે જ બધી જ રીતે સમૃદ્ધ થાય !

-રમેશ શાહ (સુરત)

'કુમાર'નો ઑક્ટોબર ૨૦૦૦નો દીપોત્સવી અંક જોઈ-વાંચી આનંદ થયો. સપ્રમાણ કદ, સુંદર મુખપૃષ્ઠ અને સુંદર સજાવટ દાદ માગી લે છે. કુમારે તેનું ધોરણ અને અસ્મિતા જાળવી રાખ્યાં છે. ધન્યવાદ. 'ચીનુભાઈ મેયર' વિશેનો લેખ ઘણો જ ગમ્યો. એક અનન્ય સમાજસુધારક અને જાહેર સેવક તરીકે તેમનું જીવન આજના સેવકો માટે અનુકરણીય છે. આટલી બધી વિગતો પૂરી પાડવા માટે લેખક અભિનંદનને પાત્ર છે.

વિશેષમાં 'લોકશાસક ગાંધી', 'કેરલ', 'પોસ્ટકાર્ડની વિવિધતા', હૃષીકેશ મુખરજીનું મૂલ્યાંકન, માધુકરી વિભાગ ખૂબ ગમ્યાં.

-સુરેશચંદ્ર બી. સોની (અમદાવાદ)

'કુમાર'ના અંકો જોયા. આપને સંપાદન બદલ ધન્યવાદ. ઘણા લેખો-કાવ્યો-વિભાગો સારા છે. પરંતુ પ્રા. પ્રવીણ ન. શેઠની લેખમાળા સાંપ્રત સમયને ઘણી અનુકૂળ છે. 'અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં' શીર્ષક Thesisનું નથી લાગતું ? મારા લેખકને 'Bravo, go on' મોકલશો.

-ગિજુભાઈ દવે (ગાંધીનગર)

કલાસ્મૃતિ

કનુ દેસાઈ

ગુજરાતમાં, ચિત્રકલાનો જે વિકાસ થયો, તેમાં ચિત્રકાર કનુ દેસાઈનું આગવું



પ્રદાન છે. ગુજરાતમાં, કલાના વિકાસની શરૂઆત, બંગાળી કલાકારોનું અમદાવાદમમાં શાહીબાગનાં સ્થાનિક લોકોને ત્યાં, અને વડોદરામાં ગાયકવાડના મહેમાન બનવું, કલાવિષયક વાર્તાલાપો થવા, સર્જન થવું, અને ચિત્રોની ભેટ પામવી આદિથી થઈ છે. આ બધાં ચિત્રો આપણા કલાકારોને જોવા મળતાં અને પ્રેરણા આપતાં હતાં. આ સાથે બંગાળી સાહિત્યનું ગુજરાતમાં પ્રકાશન શરૂ થયું. અને તેનાં મુખપૃષ્ઠો માટે ચિત્રોની જરૂરિયાત ઊભી થઈ. સાથોસાથ, કનૈયાલાલ મુનશી. ર.વ. દેસાઈ, ઝવેરચંદ મેઘાણી જેવાનાં પુસ્તકો માટે પણ ચિત્રો જોઈએ, જે જરૂરિયાત મહદ્અંશે ચિત્રકાર કનુ દેસાઈનાં રેખાંકને પૂરી પાડી. આમ, ગુજરાતના ઘેર ઘેર તેમનું નામ મશહૂર થયું. માત્ર વાર્તાનું નામ જોવા ટેવાયેલો વાચકવર્ગ કથાનકને આનુષંગિક મુખપૃષ્ઠ પણ જોવા લાગ્યો.

૧૯૦૭માં ભરૂચમાં જન્મેલા આ કલાકારનું મૂળ નામ કનૈયાલાલ હકૂમતરાય દેસાઈ. સાધારણ પરિવાર. પિતા બીમાર રહેતા. નાનપણમાં માતાનું અસસાન થયું. થોડાં વર્ષે પિતા પણ મૃત્યુ પામ્યા. એટલે અમદાવાદમાં મામાને ત્યાં રહીને શાળાભ્યાસ પૂર્ણ કર્યો. તે સમયે આઝાદીની ચળવળ ચાલતી હતી. મૅટ્રિકનો અભ્યાસ પૂર્ણ કરીને કૉલેજમાં જવાને બદલે કનુભાઈ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. અહીં અભ્યાસ દરમ્યાન મિત્રમંડળ અને ક્યારેક બહારથી આવેલા મહેમાનોનાં તસ્વીરચિત્રો બનાવતા. આમ, તેમના આ કલાશોખે તેમને વિદ્યાપીઠના સમાજમાં જાણીતા કર્યા. તેમનું ચિત્રકાર્ય જોઈ વિદ્યાપીઠના કોઈ સ્નેહી, તેમને કલાગુરુ રવિશંકર રાવળ પાસે લઈ ગયા અને કનુભાઈની વણથંભી કલાયાત્રા શરૂ થઈ. લગભગ અઢી વર્ષ શાંતિનિકેતનમાં નંદલાલ બોઝ સાથે કલાભ્યાસ કરવાનો અવસર મળ્યો. રવીન્દ્રનાથ ટાગોર અને અન્ય મહાન કલાકારોને જોવા, જાણવાનું મળ્યું તેમજ કલાત્મક વાતાવરણમાં રહેવાનું મળ્યું. હરિપુરા કૉંગ્રેસ ભરાઈ ત્યારે નંદબાબુ જેવા કલાકારોના સાન્નિધ્યમાં સુશોભનો કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. પોતાની નજર સમક્ષ મોટાં ચિત્રાંકનો, પડદા, શિલ્પો, સુશોભનો, મંડપો, પ્રવેશદ્વાર, જાણે કે બંગાળની ભૂમિ ખડી થઈ હોય, તેમ તેમણે જોયું. નાનાં ચિત્રોની એક વાહ ! કરતાં, મોટા ફલકની વાહ ! વાહ ! તેમને સ્પર્શી ગઈ. કલાને નિર્દેશન કક્ષાએ લઈ જવાનાં પગરણ અહીંથી શરૂ થયાં, એમ કહી શકાય.

શ્રી કનુભાઈ દેસાઈનાં રેખાંકનોમાં જાણીતા ચિત્રકાર અબ્દુલરહેમાન ચુઘતાઈ, અને છાયાચિત્રોમાં અંગ્રેજી ચિત્રકાર ! બીઅર્ડલી તેમજ ગગનેન્દ્રનાથ ટાગોરની અસરો સ્પષ્ટપણે દેખાય છે. કનુભાઈને પ્રકાશનમાં રસ હોવાને કારણે તેમણે પોતાનાં ચિત્રો સરળ અને સહજ કર્યાં, જેથી આ સમજને લીધે તેઓ ગુજરાતી પ્રકાશકોનાં ચિત્રો કરતા ત્યારે, મૂળ કિંમત લેવાને બદલે 'રૉયલ્ટી' લેવાનું શરૂ કર્યું. પ્રકાશકોને આ ગમ્યું. રકમ તાત્કાલિક આપવી ના પડે, અને બીજો ચિત્રકાર શોધવો ના પડે. આમ ઘણાં વર્ષો સુધી ચાલ્યું. દિવાળી કાર્ડ, કૅલેન્ડર, પુસ્તકોનાં મુખપૃષ્ઠો, પ્રસંગચિત્રો, ચિત્રસંપુટોનાં સુશોભનોથી ગુજરાતભરમાં કનુ દેસાઈ છવાઈ ગયા. ૧૯૩૪માં રણજિતરામ સુવર્ણચન્દ્રક પ્રાપ્ત કર્યો.

શ્રી કનુભાઈની કલાયાત્રા મુંબઈ પહોંચી. પ્રકાશ પિક્ચર્સના શ્રી વિજય ભટ્ટ સાથે પરિચય. 'રામરાજ્ય' અને 'ભરતમિલાપ' જેવી જાજરમાન ફિલ્મોમાં કલાનિર્દેશનનું કામ મળ્યું નાનાં ચિત્રોને, પ્લાસ્ટર ઑવ્ પૅરિસના કસબથી મોટાં દીવાલચિત્રો થતાં જન-સમાજે જોયું, વખાણ્યું અને અણધારી સફળતાની શરૂઆત થઈ. મુંબઈની અન્ય ઘણી ફિલ્મો માટે કલાનિર્દેશન કર્યું, જેમાં વ્હી. શાંતારામની રાજકમલ ફિલ્મના નેજા હેઠળની 'ઝનક ઝનક પાયલ બાજે' અને 'નવરંગ' માં તેમની કલા ઉત્કૃષ્ટ રીતે રજૂઆત પામી. અને શ્રી કનુ દેસાઈ, એટલે ઐતિહાસિક, પૌરાણિક અને સાહિત્યિક કથાનકો આધારિત ફિલ્મો માટેના 'આર્ટડિરેક્ટર' એવું લેબલ લાગી ગયું. જે. 'બૈજુબાવરા' ફિલ્મના સેટ્સ સુધી લોકગમ્ય રહ્યું.

સમય બદલાયો. ગુજરાત રાજ્યની સ્થાપના થઈ. ગુજરાત સરકારના પ્રચાર અને કલાત્મક કામકાજો શરૂ થયાં. માહિતી નિયામક મણિભાઈ શાહની દૃષ્ટિ અને હિંમત સાથે કનુ દેસાઈની કલાકારીગરી, તેમજ કારીગરોનો મોટો સમૂહ, અને ઝડપથી કામ પાર પાડવાની આવડતે કનુ દેસાઈને ગુજરાતમાં તેમજ ગુજરાત બહારનાં મોટાં શહેરોમાં પ્રદર્શનો, મંડપો, મ્યુરલો અને પ્રચારચિત્રોનું કામ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. શહેરનાં લોકોને, બંગાળી સંસ્કૃતિનાં સુશોભનો, ઘાસની ઝૂંપડીઓ, વાંસ તેમજ પૂળાનું કામ, પ્રકાશ માટે લટકતાં.ફાનસ, પ્લાસ્ટરનાં પ્રાણીઓ તેમજ પક્ષીઓ, ફુવારા, ચબૂતરા, ઓટલા, લીંપણકામ, કંતાન વગેરેનો ઉપયોગ ખૂબ જ પ્રભાવિત કરી ગયો. અને કનુભાઈની બોલબાલા દિલ્હી સુધી પ્રસરી. ૧૯૭૦માં ગાંધીજીની જન્મશતાબ્દી ઉજવાઈ ત્યારે ન્યૂ દિલ્હીમાં ગાંધીમંડળ અને દેશની બે રેલગાડી માટે ગાંધીજીના જીવન અને કવનનું કામ તેમને ફાળે આવેલું, જે દેશભરનાં લોકોએ માણેલું.

(અનુસંધાન પૃ. ૧૦૮)

સાહિત્યસંપર્ક

વીનેશ અંતાણીને સાહિત્ય અકાદમીનું પારિતોષિક

વીનેશ અંતાણીની નવલકથા 'ધૂન્ધભરી ખીણ'ને પારિતોષિક મળ્યું. ઈસુના આઠમા દાયકામાં ગુજરાતી નવલકથાક્ષેત્રે જે સર્જકો સક્રિય રહ્યા તેમાં કળાગત વિશિષ્ટતાથી વીનેશ અંતાણી ધ્યાનાકર્ષક રહ્યા છે. મનુષ્યના મનનું ઊંડાણ અને તેની અભિવ્યક્તિનું નિરૂપણ કરવામાં એ ખાસ્સા સફળ રહ્યા છે. વળી, સતત નવલકથાનું સર્જન કરતાં આ સર્જકની પહેલી નવલકથા 'નગરવાસી'થી પ્રારંભી 'અંતર્ગત' સુધીની નવલકથામાં એ સતત વિકસતા સર્જક રહ્યા છે. કથાસાહિત્ય સાથે કામ પાડતા સર્જક સામે મોટો પડકાર કથાનો જ હોય છે. આ પડકાર તે કથાનું પુનરાવર્તન. પણ વીનેશ અંતાણીની બાબતમાં આમ નથી બન્યું. હા, ક્યારેક મનુષ્યના મનમાં સંચલનોની એકરૂપતા વર્તાય પણ કથાનું રૂપ તો નવું જ હોય. પરિવેશ પણ નવો હોય, એટલે એક જ ભમરડો ફેરવવાનું આમ આજે તો લાગતું નથી.

વીનેશ અંતાણી મૂળે કચ્છની ધરાના માનવી. કચ્છમાં દુર્ગાપુર એમનું જન્મસ્થળ. ૨૭ જૂન ૧૯૪૬ જન્મ તારીખ. ગુજરાતી સાથે અનુસ્નાતક થયા. ઓગણત્રીસ વર્ષની વયે ૧૯૭૫માં આકાશવાણીમાં જોડાયા. ૧૯૯૫માં આકાશવાણીના સ્ટેશન ડિરેક્ટરના પદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. વ્યવસાય અર્થે અનેક સ્થળોએ ફરવું પડ્યું. એનો લાભ એમના સર્જનને મળ્યો. નવલકથામાં કથાનું નાવીન્ય આ પરિભ્રમણને લીધે જ જોવા મળે છે. ૧૯૯૫થી ૧૯૯૮ સુધી 'ઇન્ડિયા ટુ ડે' (ગુજરાતી)ના સંપાદક રહ્યા. ૧૯૯૮માં ત્યાંથી નિવૃત્ત થઈ હવે માત્ર લેખન જ એમની પ્રવૃત્તિ રહી છે, અત્યાર સુધીમાં એમની ૧૭ નવલકથાઓ, ત્રણ વાર્તા- સંગ્રહો અને ત્રણ નિબંધસંગ્રહો પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. એમણે વાર્તાસર્જનથી લેખનનો પ્રારંભ કર્યો હતો. પરન્તુ નવલકથાનું પ્રકાશન વહેલું થયું. છતાંય વાર્તા લખવા તરફનું એમનું ખેંચાણ એટલું જ રહ્યું છે. એમણે જ લખ્યું છે, 'હવે જ્યારે નોકરીધંધાની પ્રવૃત્તિને આટોપીને ઘરમાં પલાંઠી વાળીને બેઠો છું ત્યારે વાર્તાઓ પાસે જવાનું આકર્ષણ ફરીથી સળવળવા લાગ્યું છે.'

વીનેશ અંતાણીએ એમના લેખન અંગે આપેલો પ્રતિભાવ એમની સર્જનયાત્રાના સંદર્ભે સમજવા જેવો છે. એ કહે છે કે, 'ગમે તેવી પરિસ્થિતિની વચ્ચે લખતા રહેવાની મથામણ અને જુદાં જુદાં સ્થળો અને શહેરોની સ્મૃતિઓ પણ જોડાયેલી છે. ભુજ છોડ્યા પછી નોકરી નિમિત્તે વડદોરા-મુંબઈ સુરત અને પછી ચંડીગઢ જેવા દૂરના શહેરમાં નિવાસ કરવાનું બનતું રહ્યું છે. આ બધાં શહેરો અને ત્યાં મળેલા બાહ્ય અનુભવોમાંથી હું વ્યક્તિ તરીકે પણ અંદરથી વિકસ્યો છું. ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં ટકી રહેવા માટે મથામણ કરી છે અને તેવા દરેક વખતે લેખનપ્રવૃત્તિએ મને સધિયારો આપ્યો છે. નીપટ એકાન્તમાં મારી અંદર મેં જાત સાથે સંવાદ આદર્યો છે અને તેમાંનું થોડું ઘણું શબ્દો દ્વારા પ્રકટ કરવાનો પ્રયત્ન કરતો રહ્યો છું.'

'નગરવાસી', 'એકાન્ત દ્વીપ', 'આસોપાલવ', 'પાતાળગઢ', 'પલાશવન', 'ફાંસ', 'લુપ્ત નદી', 'કાફલો', 'પ્રિયજન' ઇત્યાદિ એમની નવલકથામાં પ્રણય, દામ્પત્યજીવન, મૃત્યુ જેવી ઘટનાને આકાર મળ્યો છે. એકલતા, સંબંધવિચ્છેદ અને સ્થળાંતરની આજુબાજુ એમનું સર્જન થતું રહ્યું છે. પરન્તુ મનુષ્યની ભીતરી વાત કરવામાં એ પાવરધા છે. આથી જ એમની નવલકથા વાચનક્ષમ બનવા સાથે કળાત્મક પણ બની છે. વળી, એમની શૈલીમાં કુમાશ છે. ક્યારેક તો કાવ્યાત્મક કોટિનું એમનું ગદ્ય પાત્રના મનોભાવને છતું કરવામાં ખપ લાગ્યું છે.

'ધૂન્ધભરી ખીણ' એ નવલકથાનો પરિવેશ વિશિષ્ટ છે. પંજાબમાં પ્રસરેલા આતંકવાદથી એ ભૂમિ કેવી લોહિયાળ બની છે તેનું નિરૂપણ એમાં છે. સર્જકે નોંધ્યું છે કે, 'આતંકવાદથી સળગતા પંજાબની પડખે હિમાચલ પ્રદેશના પહાડોનું સૌંદર્ય અને શાંતિ મૂકી જોયાં તો સમજાયું કે એક આખી પ્રજાની વેદનાની પડછે આપણી વ્યક્તિગત પીડાઓ કેટલી બધી વામણી બની જાય છે. સમૂહની વેદના વ્યક્તિની પીડાના જખમોને રાહત આપી શકે છે. આ સમજને મેં 'ધૂન્ધભરી ખીણ' નવલકથામાં તપાસવાનો પ્રયત્ન કર્યો છે.' આખી કથામાં આતંકવાદનો ભોગ બનેલાં પાત્રોની મનોવેદના પથરાયેલી છે. વૈયક્તિક વેદનાનું વિશાળ માનવીય સંવેદનામાં રૂપાન્તર થાય છે અને ઉજ્જ્વળ ભવિષ્યનો ઉઘાડ પામી શકાય છે. ક્યારેક અવાસ્તવિક ભાષાનો વિનિયોગ વીનેશ અંતાણીની કથાની કળાને ઝાંખી પાડે છે. છતાંય પરિવેશની દૃષ્ટિએ આ નવલકથા વિશિષ્ટ તો છે જ.

વીનેશ અંતાણીએ લલિત નિબંધો પણ લખ્યા છે. 'પોતપોતાનો વરસાદ', 'ધુમાડાની જેમ' અને 'આત્માની નદીના કાંઠે' એમના નિબંધસંગ્રહો છે. કથાસાહિત્યની તુલનાએ લલિતનિબંધમાં એ વિશેષ ઊઘડ્યા છે. અલબત્ત, એમને મન આ 'નીપટ એકાન્તમાં જન્મેલી ઉક્તિઓ' છે.

ઈસુની ઊઘડતી નવી સદીમાં વીનેશ અંતાણી વીતેલી સદીની વેદનાની ગાથાનો ચિતાર આપતી કોઈક કથા લઈને આવે તેવી અપેક્ષા એમની કથાસાહિત્ય પ્રત્યેની નિસબતના સંદર્ભે સાવ અનુચિત નહીં લેખાય; એ સાથે સાહિત્ય અકાદમીના મળેલા પારિતોષિક માટે અભિનંદન પાઠવતાં આનંદ થાય છે. -પ્રફુલ્લ રાવલ

—અવલોકન—


માતબર મુલાકાતો

શ્રી રાધેશ્યામ શર્મા બહુમુખી પ્રતિભા ધરાવતા સર્જક છે. તેમની તેવી પ્રતિભાનું એક સરસ પરિણામ છે 'સર્જકનો સાક્ષાત્કાર'ની ગ્રંથશ્રેણી. આપણે ત્યાં મુલાકાતો - ઇન્ટર્વ્યૂઝ -નો મહિમા ઓછો છે, અને જે લેવાય છે તે પણ કેટલીક સ્થૂળ જીવનવિષયક માહિતીઓથી ભાગ્યે જ આગળ વધે છે. પશ્ચિમમાં તો જાણે મુલાકાત - ઇન્ટર્વ્યૂ - એક સાહિત્યિક પ્રકારનું મહત્ત્વ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



ઊર્મિનું કબૂતર બેઠું'તું નિજ ગભરુ દર્દ છુપાવીને
આંખોમાં જીવનસ્વપ્ન હતાં, પાંખોમાં જીવનભાર હતો !
-વેણીભાઈ પુરોહિત



છીછરાં નીરમાં હોય શું ના'વું ? તરવા તો મઝધારે જાવું;
ઓર ગાણામાં હોય શું ગાવું ? ગીત ગાવું તો પ્રીતનું ગાવું.
-બાલમુકુન્દ દવે

ધરાવે છે. આ દિશામાં શ્રી રાધેશ્યામ શર્માએ, પોતાના સર્જનસમયમાં કાતર મૂકીને પણ, સરસ મુલાકાતો વિવિધ સામયિકો-વર્તમાનપત્રોમાં પ્રકટ કરી છે અને કરતા રહ્યા છે. આ સર્જક-મુલાકાતોમાં એમનો વિશિષ્ટ અભિગમ દષ્ટિગોચર થયા વગર રહેતો નથી.

આ ચાર ગ્રંથોમાં પરંપરા-પંડિત વિષ્ણુદેવથી માંડી પ્રયોગપ્રિય કિશોર જાદવ સુધીના સર્જકોની મુલાકાતો જોવા મળે છે. એમાં સ્થિર-સ્થિત સર્જકો સુન્દરમ્-બ્રોકરથી માંડીને નવ્ય અને ઉદીયમાન આશાસ્પદ સર્જકો સંસ્કૃતિરાણી દેસાઈ, મૂકેશ વૈદ્ય, ઊજળશી પરમાર, નિર્મિશ ઠાકર આદિ અનેકોને આવરી લેવાયાં છે. જે સિદ્ધ કે સ્થાપિત સર્જકોનાં નામ અહીં ના જણાતાં હોય તેમના વિષે માહિતી મેળવી મુલાકાત પ્રકટ કરવાના રાધેશ્યામના ઉધામા-ઉદ્યમ રહ્યા જ છે, પરન્તુ એમ માનવાનું મન થાય છે કે કદાચ તે તે સર્જકોએ પ્રમાદવશ કે ઔદાસીન્યથી રાધેશ્યામને ફાવવા દીધા નહિ હોય. અને આમ છતાંય આ ચારેય ગ્રંથોમાંથી જો કોઈ પસાર થશે તો એને લાગ્યા વગર નહીં રહે કે કેટકેટલાં વિવિધ સાહિત્યસ્વરૂપોનાં નવાં-જૂનાં સર્જકોને એમણે ન્યાય આપ્યો છે !

આ મુલાકાતોની એક વિશેષતા છે. પ્રત્યેક મુલાકાતમાં તે તે સર્જક વિષેની સબળ-સફળ પૂર્વભૂમિકા. પોતાની રસળતી કલમે તેમાં તે સર્જક વિષેની પોતાની છાપ એમણે હળવીગંભીર શૈલીએ રજૂ કરી છે. એમાંથી તે તે સર્જકના વ્યક્તિત્વનાં મુખ્ય પાસાં અને પ્રદાન ઊપસી આવે છે. ત્યાર પછીના પ્રશ્નોમાં જીવનવિષયક માહિતી ઉપરાંત તે તે લેખકના જીવન, અભિગમ અને અભિપ્રાયો પ્રકટ થયા છે. એ ઉત્તરોમાંથી પણ ખાસ્સું એવું સર્જકનું આંતરવ્યક્તિત્વ પ્રકટ થવા પામે છે.

વળી, બધાં જ સર્જકો કંઈ એક જ સાહિત્યસ્વરૂપમાં કામ કરનારા નથી, તેથી પ્રશ્નોત્તરી પણ વૈવિધ્યપૂર્ણ અને સર્જકનું સમયાનુલક્ષી વૈશિષ્ટ્ય ધરાવે છે, અને તેથી વાચકનો રસ સાદ્યંત જળવાઈ રહે છે. વાચકની જિજ્ઞાસા તો સંતોષાય જ છે, પણ સાથેસાથે લાઘવથી સર્જકજીવનનો અને તેના કાળનો આલેખ પણ પામી શકાય છે. પ્રત્યેક સર્જકની છબી અ મુલાકાતમાં સ્થૂળ દર્શનીય ઉમેરો કરે છે.

સપાટી પરથી સાવ સાદાસીધા લાગતા પ્રશ્નો અને ઉત્તરો બહુ આસાનીથી અને અનાયાસે મૂલ્યવાન સામગ્રી ધરી રહે છે.

આથી આ મુલાકાતો એક દસ્તાવેજી મૂલ્ય ધરાવવાની સાથે આપણા સાહિત્યપ્રકારોમાં એક માતબર ઉમેરો પણ કરે છે. કોઈ પણ સાહિત્યરસિક કે ઇતર જનને વાંચવી ગમે તેવી આ મુલાકાતગ્રંથ-શ્રેણી રાધેશ્યામને માટે અભિનંદનની અધિકારી બની શકે તેમ છે. -ધીરુ પરીખ

('સાક્ષરનો સાક્ષાત્કાર' ગ્રંથ ૧,૨,૩,૪. રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. પ્રત્યેકની ડિમાઈ સાઈઝ. ભારે કાગળ, સુઘડ મુદ્રણ અને પાકાં પૂઠાંની બંધાઈ. પ્રત્યેક ગ્રંથનાં લગભગ ૪૦૦ પાનાં. પ્રત્યેક ગ્રંથનું મૂલ્ય રૂ. ૨૦૦)

સાહિત્યિક કસોટી

નીચેનાં વાક્યો જુદી જુદી નવલકથામાંનાં છે. કોણ તેનાં લેખક/લેખિકા, ક્યું પાત્ર, કોને સંબોધીને બોલે છે ને ક્યારે, તે બતાવશો ?

(૧) ના, હું બોલીશ. આખી જિંદગી ચૂપ રહી છું, પણ હવે ચૂપ નહીં રહું. ૫૩ વર્ષે છૂટાછેડા ? જીવનનો અંત આવે ત્યારે તો સંબંધ પૂરા થાય છે ને ? આ સંબંધ થોડો વહેલો પૂરો થયો, એમાં આટલા બધા વ્યગ્ર થવાની શી જરૂર છે ? સત્યને સત્ય તરીકે જોવામાં, વેદનાનો અંત છે.

(૨) એની (સ્ત્રી)ની ઉપર શિયાળે બાળીને ભડથું કરી મેલે, એવો હિમ પડે; ચોમાસે બારેય મેઘ ખાંગા થાય; અને કાળે ઉનાળે બાળી નાખતા તડકા તળે તૈયે એનો દિદાર જોનારની આંખમાં લોહી આવે. પણ અંતે તો ધરતી પાછી લીલીછમ થઈને લહેઈ ઊઠે તયેરે આપની આંખ ઠરે.

(૩) મારો આ આવાસ એ તારે માટે માળો છે, પાંજરું નથી. મુક્તિની મોજ માણતાં, માણતાં, તારી પાંખો થાકે ને જ્યારે વિશ્રામ મેળવવાની ઇચ્છા જાગે ત્યારે આવી પહોંચજે ત્હારે ઊડવું હશે તો ઊડતાં તને કદી નહીં રોકું. સ્ત્રીઓનું એ કુદરતે અર્પેલું અમૂલું ધન છે. એ ધન નિરપેક્ષ વાત્સલ્ય, બેનનું અતૂટ હેત, પત્નીની ઘેલછાભરી સ્નેહાર્દ્રતા, દીકરીનો લાડકવાયો ઉમળકો — એ બધું એ એક સાથે જન્મની સાથે જ સાંપડ્યું હોય છે, જ્યારે જેની જરૂર પડે તે, આપોઆપ સહજ ભાવે, પ્રગટ થઈ જાય છે.... અને તે કેવો આનંદ છે, તે તમે પુરુષો શું સમજો ?

(૪) લાટ હોત તો લેત, પણ કણબી છું, એટલે નઈ લઉં. તું તૂટી જઈશ તોયે નઈ લઉં. ચાંપી દેવો હોય તો ચાંપી દે ટોટો, આ ઊભો.... ભૂંખથીય ભૂંડી ભીખ છે. ભૂખ ભૂંડી છે. માનવ ભૂંડું નથી.

(૫) ભાઈ, સ્વરાજય કહો કે પરરાજ્ય કહો, કો'નું રાજ્ય કાયમ રહ્યું છે ? આપણાં રાજ્યો હતાં તે ચાલ્યાં ગયાં, ગોરાઓનું રાજ્ય છે, એય એનો વખત આવે ચાલ્યું જશે. મને તો એક રાજ્યનો મોહ નથી. રાજ્ય મારા ભગવાનનું ભલું કે એમાં બધાંનુંય કલ્યાણ થાય.

ઉત્તરો : (૧) 'સાત પગલાં આકાશમાં - કુન્દનિકા કાપડિયા. વસુધા જ્યારે વ્યોમેશ તરફથી લગ્નવિચ્છેદની વાત સાંભળે છે - જીવનમાં કેટલીયે વેદનાઓ વેઠ્યા પછી ત્યારે તે માટે તૈયારી દર્શાવે છે.

(૨) 'લીલુડી ધરતી' (ભાગ ૨) - ચુનીલાલ મડિયા. સંતુ, પોતાની નિર્દોષતા પુરવાર કરવા ઊકળતા તેલમાં હાથ બોળે છે, ત્યારે રઘુના મોઢામાંથી આ ભાવભર્યા શબ્દો સરી પડે છે.

(૩) 'કંચુકીબંધ'. શિવકુમાર જોષી- મહેષ પત્રકાર તરીકે મુંબઈ આવે છે, રિપોર્ટ કરવામાં તેને શારીરિક હુમલો સહન કરવો પડે.છે; ત્યારે તે સુપ્રીતિના જુહુ પર આવેલા ઘેર જાય છે, ને તે તેને આ શબ્દોથી આવકાર આપે છે.

(૪) 'માનવીની ભવાઈ' - પન્નાલાલ પટેલ. દુકાળ પડે છે અને ધાન્ય ખૂંટવા માંડે છે. એક કારભારી આ જથ્થાને લેવા આવે છે, પણ કાલુ, જે ખેડૂત છે, તે તેનો વિરોધ કરે છે. તેની જાતમહેનતે આ ધાન્ય ઊગ્યું છે, એણે વાવણી કરી હતી, લણ્યું હતું ને તેથી તે તેની માલિકીનું છે. બંદૂકધારી પોલીસની પણ અત્યારે ભીતિ નથી. પછી તે.સ્થળાંતર કરે છે ને પાસેના દગડિયા ગામમાં કોઈ શેઠનો મેળાપ થાય છે. ત્યાં પણ, હિંમત ન હારતાં, સ્વમાન ન ભૂલતાં, અન્નનો તે અસ્વીકાર કરે છે : 'કામ આપો, પછી ધાન્ય લઈશ' એમ એનું વલણ છે. મફત મળતું ધાન્ય પણ તેને અસ્વીકાર્ય છે.

(૫) 'દિવ્યચક્ષુ' - ર.વ. દેસાઈ. અંધ, અંત્યજ ધનાભગત નવલકથાની અંત સમીપ, આ ભવ્ય વિચારને વાચા આપે છે. -મહેન્દ્ર ન. પંડ્યા

અનુસંધાન] કલાસ્મૃતિ [પૃ. ૧૦૫ થી

શ્રી કનુભાઈમાં પ્રથમથી જ ધંધાકીય દૃષ્ટિકોણ હોવાથી, તેમનાં સર્જનના ત્રણ વિભાગ પાડી શકાય : ત્રીસ જેટલાં ચિત્ર-સંપુટો, પાંચ હજાર જેટલાં કથાનક ચિત્રો અને લગભગ પચાસ જેટલી ફિલ્મો માટે કલાનિર્દેશન. ૧૯૬૪માં તેમણે અમેરિકાની યાત્રા કરી. આ તબક્કે એ નોંધવું જરૂરી થઈ પડે કે વર્ષો સુધી મુંબઈમાં રહેવા છતાં કલા માટે કલા અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ, સમકાલીન અને અર્વાચીન ચિત્રકલા વગેરેની તરાહમાં તેઓ સામેલ ના થઈ શક્યા અને પોતાનાં વૈયક્તિક પ્રદર્શનો પણ યોજી શકેલા નહીં !

હવે મિલેનિયમ વર્ષમાં કલા અને કલાકારોની વ્યાખ્યાઓ બદલાઈ ગઈ છે. નવાં મૂલ્યો પ્રસ્થાપિત થયાં છે. કનુ દેસાઈ, મોટો સમય મુંબઈમાં રહ્યા એટલે ગુજરાતમાં તેમનાં મિત્રો જૂજ રહ્યાં. કલા શીખવવાનું સદ્ભાગ્ય ન મળ્યું જેથી શિષ્યો થયા નહીં કે જેઓ ઉત્તરોત્તર તેમને યાદ કરી શકે. આમ છતાં તેમણે સંપુટો, રેખાંકનો, પુસ્તકો દ્વારા અને ફિલ્મોના કલાનિર્દેશન દ્વારા કલાને ગુજરાત તેમજ ગુજરાતબહાર પ્રચલિત કરી. એટલી અંજલિ તો જરૂર આપવી પડે. એ જ આપણો કલાધર્મ. રવિશંકર રાવળની કલાશાળાના આ એક મહત્ત્વના કલાકારનું ૭૩ વર્ષની ઉંમરે ૧૯૮૦માં મુંબઈ ખાતે અવસાન થયું; અને ગુજરાતે પવનની લહેરીઓ સાથે ઊડતી રેખાઓનો કલાકાર ગુમાવ્યો. આવા કલાકારને ભરપૂર રેખાંજલિઓ અર્પણ કરીને ધન્ય થઈએ.

-ગજેન્દ્ર શાહ (ચિત્રકાર)

ચિત્તોડગઢ
(દેશાટન-૨૫)




એક સમયના દુર્ભેદ્ય ગણાતા કિલ્લા ચિત્તોડગઢ રાજસ્થાનમાં આવેલો છે. મુસ્લિમ શાસન દરમિયાન અનેક અસફળ હુમલાઓ થયેલા છતાં આ કિલ્લો અજેય રહેલો. એથી ત્યારે કહેવાતું કે 'ગઢમાં ચિત્તોડગઢ બાકીના બધા ગઢૈયા.'

૭૦૦ એકર ક્ષેત્રફળવાળો આ કિલ્લો સમુદ્રસપાટીથી ૧૩૫૦ ફૂટની ઊંચાઈએ આવેલો છે. ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં કેટલાંય ઉત્કૃષ્ટ સ્મારક ચિત્તોડગઢમાં આવેલાં છે. પંદરમી સદીમાં રાણા કુમ્ભાએ માળવાના સુલતાન મહમ્મદ ખિલજી પરના વિજયની યાદમાં ૧૨૨ ફૂટ ઊંચો 'વિજયસ્તંભ' બનાવેલો, જેમાં હિન્દુ દેવદેવીઓ તથા પૌરાણિક ચરિત્રોની કૃતિઓ કંડારેલી છે. તેરમી સદીમાં બનાવેલો ૭૫ ફૂટ ઊંચો બીજો સ્તંભ જૈન ગુરુ આદિનાથને સમર્પિત થએલો છે, જેમાં એમની પાંચ ફૂટ ઊંચી આકૃતિ છે. ચિત્તોડગઢનાં કેટલાંય રોચક સ્થાનોમાંનું એક 'મહાસતી મેદાન' છે. શાસક પક્ષ જ્યારે યુદ્ધ હારી જાય ત્યારે રાજપૂત રાણીઓ પોતાની રક્ષાને કાજે આ મેદાનમાં આગમાં કૂદી પડીને જૌહર કરતી. ભગવાન વિષ્ણુનું મંદિર 'કુમ્ભ શ્યામ', મીરાંબાઈનું મંદિર, ૮મી સદીનું કાલિ માતાનું મંદિર, મહારાણી પદ્મિનીનો મહેલ વગેરે વાસ્તુકળાના ઉત્કૃષ્ટ નમૂના છે. મહેલમાંના દર્પણમાં રાણી પદ્મિનીને જોઈને સુલતાન અલ્લાઉદ્દીન ખિલજીએ ચિત્તોડગઢ પર આક્રમણ કરેલું, જેને પરિણામે રાજપૂતોની હાર થઈ અને રાણી પદ્મિનીએ જૌહર કરેલું.

પશ્ચિમ રેલવેનું એ જંક્શન અને રાષ્ટ્રિય રાજમાર્ગ પર આવેલું હોવાથી ચિત્તોડગઢ સહેલાઈથી પહોંચી શકાય છે.

('યોગક્ષેમ'ને આધારે)



ગોરી તારાં નેપુર રણઝણ વાજણાં રે,
વાજયાં કાંઈ માઝમ રાત મોઝાર;
સૂતું નગર બાધું જગાડિયું
તે તો તાહરાં ઝાંઝરનો ઝમકાર.

('નરસિંહનાં પદોમાં સિદ્ધરસ'માંથી) -નરસિંહ

ડૉ ચિમનલાલ ત્રિવેદીને તથા ડૉ. દિગીશ મહેતાને ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક

ગુજરાતી ભાષા-સાહિત્યના નિષ્ઠાવાન અભ્યાસી, પ્રશિષ્ટ રુચિ ધરાવતા, વિદ્યાર્થીવત્સલ વિદ્વાન પ્રાધ્યાપક તરીકે જે થોડા મહાનુભાવોને આદરભર્યું સ્થાન સમાજમાં મળ્યું છે તેમાંના એક તે શ્રી ચિમનભાઈ. તા. ૨-૬-૧૯૨૯ના રોજ સમી તાલુકા (જિ. મહેસાણા)ના મુજપુર ગામે તેમનો જન્મ. શૈક્ષણિક કારકિર્દી ખૂબ તેજસ્વી. ૧૯૫૦માં તેઓ મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાતી મુખ્ય અને સંસ્કૃત ગૌણ વિષય લઈને પ્રથમ વર્ગ સાથે બી.એ. થાય છે અને શ્રી કે.હ. ધ્રુવ પારિતોષિક મેળવે છે. આ જ વિષયો સાથે ૧૯૫૨માં ગુજરાત યુનિવર્સિટીમાંથી પ્રથમ વર્ગમાં એમ.એ. થઈ 'કવિ દલપતરામ સુવર્ણચંદ્ર' મેળવે છે. ૧૯૬૧માં મુંબઈ યુનિવર્સિટીમાંથી 'કવિ નાકર : એક અધ્યયન' મહાનિબંધ રજૂ કરી પીએચ.ડી. થાય છે.

૧૯૫૦માં એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં ફેલો તરીકે જોડાય છે ત્યારથી જ એક સંનિષ્ઠ-સહૃદય-વિદ્વાન પ્રાધ્યાપક તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ એલ્ફિન્સ્ટન કૉલેજ, મુંબઈ અને સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં તેઓ અધ્યાપક-અધ્યક્ષ તરીકે લગભગ ૩૯ વર્ષ કાર્ય કરી જૂન, ૧૯૮૯માં નિવૃત્ત થાય છે. ત્યાં સુધીમાં તો તેઓ તેમની વિદ્વત્તા અને કાર્યદક્ષતાને કારણે વિદ્યાજગત અને સાહિત્યજગતમાં આદરપાત્ર સ્થાન પ્રાપ્ત કરી લે છે.

તેઓ અધ્યાપક હતા ત્યારથી જ સાહિત્યિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા અને આજે પણ છે. સમયે સમયે તેમના શિરે જે જે સાહિત્યિક જવાબદારીઓ આવી તે તેમણે સહજ કર્તવ્યબુદ્ધિથી સ્વીકારી અને ઉત્તમ રીતે નિભાવી. 'ગુજરાતીના અધ્યાપક સંઘ'માં તેઓ ૧૨ વર્ષ સુધી મંત્રી રહેલા. તે પછી ૧૯૮૬-૧૯૮૮ દરમિયાન તેઓ તેના પ્રમુખપદે રહ્યા. તેમની કુશાગ્ર બુદ્ધિ અને જ્ઞાનનો લાભ ગુજરાત, પુણે તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અભ્યાસક્રમ સમિતિઓને પણ મળેલો. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં અનુક્રમે લેખન-સંપાદન અને વિષયસલાહકાર તરીકે તેમણે કેટલોક સમય કાર્ય કરેલું. આમ, તેઓ પ્રાથમિક શિક્ષણથી માંડીને



ડૉ. ચિમનલાલ ત્રિવેદી ડૉ દિગીશ મહેતા

ઉચ્ચશિક્ષણ સુધીનાં ક્ષેત્રોમાં સતત કામ કરતા રહ્યા છે.

ઈ.સ. ૧૯૯૯માં શ્રી અનંતરાય રાવળ વિવેચક એવૉર્ડ સ્વીકારતી વખતે તેમણે સાચી રીતે જ પોતાના શિક્ષણના વ્યવસાયને પોતાનામાંના વિવેચકના ઘડતરનું શ્રેય આપ્યું છે. જેમ તેમના પરિચયમાં આવનારને તેમની ઉષ્માનો પરિચય થાય છે તેમ તેમનું વિવેચન વાંચતી વખતે તેમની ભાવયિત્રી પ્રતિભાનો પરિચય થાય છે. આ સંદર્ભમાં તેમના વિવેચનસંગ્રહોનાં શીર્ષકો પણ અન્વર્થક છે. તેમનાં શીર્ષકોમાં ઉત્તરાર્ધ બદલાય છે. તેમના પૂર્વાર્ધમાં 'ભાવ' પદ જળવાયેલું રહે છે : 'ભાવલોક' (૧૯૭૬), 'ભાવમુદ્રા' (૧૯૮૧), 'ભાવબિંબ' (૧૯૯૦) અને 'ભાવરેખ' (પ્રેસમાં). જે તે વિવેચ્ય વિષયને સમુચિત પરિપ્રેક્ષ્યમાં મૂકવાની એમની સૂઝનો, એમની તલાવગાહી અભ્યાસનિષ્ઠાનો, એમના ઉત્કૃષ્ટ સાહિત્યવિવેક અને સ્વસ્થ ચિંતનદૃષ્ટિનો હૃદ્ય પરિચય આ 'ભાવ'યુક્ત વિવેચનશ્રેણી કરાવી રહે છે. મધ્યકાલીન ગુજરાતી કવિ નાકર વિશેનો તેમનો સર્વગ્રાહી અભ્યાસ ધ્યાનપાત્ર છે. નાકર વિશે માત્ર પીએચ.ડી પૂરતો જ સીમિત ન રહેતાં, એ પછી પણ અનેક નિમિત્તે તેમનો આ સર્જકની પ્રકાશિત-અપ્રકાશિત કૃતિઓનો સઘન અભ્યાસ ચાલુ રહ્યો છે. વળી, તેઓ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અભ્યાસી તરીકે વિશેષ કીર્તિ પામેલા છે, પણ એમની અર્વાચીન સાહિત્યની જાણકારી, સૂઝબૂઝ અને મુલવણી પણ ઉત્કૃષ્ટ હોવાની પ્રતીતિ તેમના વિવેચનસંગ્રહો કરાવે છે. 'ઊર્મિકાવ્ય' (૧૯૬૩, અન્ય સાથે)ને ગુજરાત સરકારનું વિવેચનવિભાગનું બીજું ઇનામ મળેલું.

શ્રી ચિમનભાઈની વિવેચનશૈલીમાં સત્ત્વશીલતા સાથે સુગમતા જોવા મળે છે. 'सत्यम् अपि प्रियम् बृयात्' - એ સંસ્કાર-પરંપરા તેમને અનુકૂળ હોય તેવું લાગે છે. તેમની પાસેથી 'ગુજરાત સાહિત્ય સભા : અમદાવાદ : કાર્યવહી - સને ૧૯૬૪' (૧૯૭૨) - એ સમીક્ષાગ્રંથ મળ્યો છે. વળી, અન્ય સાથે રહી તેમણે 'અલંકારદર્શન' (૧૯૫૪), 'ગ્રંથ અને ગ્રંથકાર' (૧૯૬૬, પુ. ૧૧) નામના ગ્રંથો આપ્યા છે. તેમની આવી તપપૂત વિવેચનપ્રવૃત્તિને પરિણામે ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૭મા અધિવેશનમાં વિવેચનવિભાગના પ્રમુખપદે તેમની યોગ્ય રીતે જ વરણી થયેલી.

છંદઃશાસ્ત્ર - પિંગળશાસ્ત્રમાં પણ તેમની ગતિ ધ્યાનાર્હ છે. ગુજરાતી સાહિત્ય પરિષદના શ્રી ગોવર્ધન સ્મૃતિમંદિરમાં તેમનું આ વિષયનું અધિકારપૂર્વકનું પ્રભાવક વ્યાખ્યાન સાંભળ્યાનું અનેકને સ્મરણમાં હશે જ. આ ક્ષેત્રે 'પિંગલદર્શન' (૧૯૫૩, '૫૫, '૯૧) તેમનું ઉપયોગી પુસ્તક છે. તેમાં છંદ વિશે તેમણે સંક્ષિપ્ત માહિતી આપી છે. આ પછી પણ આ ક્ષેત્રે તેમનું કામ ચાલતું રહ્યું છે. પરિણામે એ ક્ષેત્રના એક ઊંડા અભ્યાસી તરીકે તેઓ માનભર્યાં સ્થાનના અધિકારી થયા છે. 'ગુજરાતીમાં છંદોરચના' એ તેમનો લાંબો અભ્યાસલેખ આ સંદર્ભે ઉલ્લેખનીય છે.

પ્રાધ્યાપક-વિવેચક ઉપરાંત એક સંપાદક તરીકે પણ તેમની કામગીરી-કાર્યપદ્ધતિ અનેક રીતે નોંધપાત્ર છે. કૃતિલક્ષી, સ્વરૂપલક્ષી, કર્તાલક્ષી, આસ્વાદલક્ષી - એમ તેમના સંપાદનકાર્યમાં ઠીક ઠીક વૈવિધ્ય સાંપડે છે. પ્રેમાનંદકૃત 'સુદામાચરિત' (૧૯૬૩), 'કુંવરબાઈનું મામેરું' (૧૯૬૪), 'અભિમન્યુઆખ્યાન' (૧૯૬૪) અને 'ઓખાહરણ' (૧૯૮૪) તથા શાલિભદ્રસૂરિકૃત 'વિરાટપર્વ' (૧૯૬૯) જેવાં સંપાદનો અન્ય સાથે તો વીરવિજયકૃત 'શુભવેલી' (૧૯૯૫)નું પોતે સ્વતંત્ર રીતે સંપાદન કર્યું છે. 'પરિવર્તનના પંથે'માં સ્વામી સચ્ચિદાનંદના અને 'જીવનઘડતર'માં ફાધર વાલેસના લેખોનું તેમણે સુંદર સંપાદન કર્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'દલપત-ગ્રંથાવલિ'માં 'દલપત-કાવ્ય' (૧-૩-૧૯૯૯, ૨૦૦૦)માં દલપતરામની પદ્યરચનાઓનું, મૂળ પાઠો મેળવી, જે ઝીણવટથી તેમણે તાજેતરમાં સંપાદન કર્યું છે તે સંપાદક તરીકે તેમને ઊંચી કક્ષામાં મૂકી આપે છે. ભારતીય સાહિત્ય અંતર્ગત 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય' (૧૯૯૮, દિલ્હી સાહિત્ય અકાદમી)નું સંપાદન પણ તેમની સંપાદક તરીકેની સમર્થતા વ્યક્ત કરે છે અને તેમની સિદ્ધિમાં એક છોગું ઉમેરે છે. તેમણે 'આપણાં ખંડકાવ્યો' (૧૯૫૬), 'મધ્યકાલીન ગુજરાતી પદસંચય' (૧૯૯૮) તેમ જ ગુજરાતી નિબંધના 'ચિંતનાત્મક' (૧૯૯૮), 'આત્મચરિત્રાત્મક' (૧૯૯૮) અને 'જીવનચરિત્રાત્મક' (૧૯૯૮) - એવા ત્રણ સંચયો એ અન્ય સાથે કરેલાં સ્વરૂપલક્ષી સંપાદનો છે. ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' (૧-૪, ૧૯૭૩-૧૯૮૧), 'કાલેલકર ગ્રંથાવલિ' (૧-૧૫, ૧૯૮૪-૧૯૮૮), 'શ્રી રા.વિ. પાઠક ગ્રંથાવલિ' (૧-૯, ૧૯૯૦-૯૫) અને 'રામનારાયણ વિ. પાઠક પરિશીલન ગ્રંથ' (૧૯૯૫)માં સહસંપાદક તરીકે તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ સિવાય પ્રસંગોપાત્ત, અનેક નાનીમોટી પુસ્તિકાઓ-સ્મરણિકાઓ આદિ તેમની નિશ્રામાં અને તેમની સૂઝસમજનો લાભ પામી તૈયાર થઈ છે. શૈક્ષણિક સામયિક 'દૃષ્ટિ'નું દસ વર્ષ સુધી તેમણે સહસંપાદનકાર્ય કર્યું હતું. વિવેચકસંપાદકમાં અપેક્ષિત સૂઝ-સમજ, ચીવટ, શાસ્ત્રીયતા, વિવેકબુદ્ધિ આદિ હોવાને લીધે તેમનાં સંપાદનો શ્રદ્ધેય બન્યાં છે. આવાં કાર્યોમાં વ્યક્ત થતા ગુણો અને તેમની કાર્યદક્ષતાને કારણે તેઓ પાઠકદંપતી ટ્રસ્ટ, સ્વામી સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ, અજિત ભગત મેમોરિયલ ટ્રસ્ટ, મહાકવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ તથા અન્ય કેટલાંક ટ્રસ્ટોમાં ટ્રસ્ટી તરીકે પસંદગી પામ્યા છે. તેમણે કામ કરવામાં હંમેશાં આનંદ માણ્યો છે અને તેઓ યોગ્ય લાગતા પોતાના મતને વળગી રહીને ખુલ્લા હૃદયે સામાનો મત સાંભળી-સમજીને, સાહિત્યના હિતમાં જ પૂરી શક્તિથી કાર્ય કરતા રહ્યા છે. આવા મૂલ્યનિષ્ઠ વિદ્વાનોથી જ ગુજરાતી સાહિત્ય ઊજળું છે. ઈ.સ. ૧૯૯૬નો આ 'શ્રી ધનજી કાનજી સુવર્ણચંદ્રક' ચિમનભાઈને અપાતા ચંદ્રકનું ગૌરવ પણ વધ્યાની પ્રતીતિ થાય છે.

-શ્રદ્ધા ત્રિવેદી

ડૉ. દિગીશ મહેતા (જન્મ : ૧૭-૭-૧૯૩૪) ઉત્તર ગુજરાતના પાટણમાં જન્મેલા, અંગ્રેજીના અધ્યાપક, ગુજરાતી ભાષામાં નોંધપાત્ર કહી શકાય એવું કેટલુંક લખનારા એમ કહીને અેમનો પરિચય આપી શકાય.

પણ ના, દિગીશભાઈ 'નાગર બચ્ચા' છે; અંગ્રેજીના પાકા અધ્યાપક છે. આ બે વાક્યો પણ એ પરિચયમાં ખાસ ઉમેરવાં પડે અને તેના કારણે એમાંથી ઊઠતા અર્થવિવર્તોને પામવા પડે અને તો જ પેલા બેઠી દડીના, એકવડા બાંધાના, ઝીણી આંખો કરીને ત્રુટક ત્રુટક બોલતા, અટકીને બોલતા, વિચારીને બોલતા દિગીશભાઈને ઓળખી શકાય. ટીખળ કરતા; મર્માળુ હસી લેતા દિગીશભાઈની અંદર રહેલા સર્જકની દિશાનો કશોક સંકેત એમના લેખન અને વક્તવ્યમાંથી અવશ્ય મળી રહે. આ માણસને મળો ત્યારે એ એકદમ તમોને પોતાની પાસે ભાગ્યે જ આવવા દેશે ! પ્રશ્ન પૂછો તો એનો ઉત્તર એકદમ ટૂંકો હશે. અરે, એમના વિશે વાંચ્યું હોય, લખ્યું હોય તમે કશું ઉમળકાથી કહેવા બેસો ત્યારે પણ એ તમારી ઉપર ભાગ્યે જ વરસી પડે ! 'એમ ?', 'સરસ' એટલું કહી ટૂંકામાં એ પતાવે ! કોઈકને એ તેથી અતડા લાગે, ઓછું બોલનારા લાગે. સંભવ છે કે એ એમની શરમાળ પ્રકૃતિનું પરિણામ હોય. પણ એથીય બીજું વધુ સાચું કારણ તે અંગ્રેજીના 'પાકા' અધ્યાપક છે તે અંગ્રેજી ભાષા જ નહિ, અંગ્રેજનો મિજાજ પણ અજાણતાં જ એમના વ્યક્તિત્વનો અંશ બની ગયો છે. વિનીતભાવે પરંપરાનું જતન કરવાની (conservatismની) અને વાતવ્યવહારમાં બને તેટલા સંયત રહેવાની (reservationની) - અંગ્રેજની આ બંનેય લાક્ષણિકતાઓ દિગીશભાઈમાં જોઈ શકાય. મને વર્ષો પૂર્વેનો એક પ્રસંગ અત્યારે યાદ આવે છે. પરિષદના પગથિયા ઉપર હું બેઠો હતો. કાર્યક્રમ શરૂ થવાની ઠીક ઠીક વાર હતી. એટલે શ્રોતાઓ પોતાની રીતે આંટા મારતા હતા. દિગીશ હું બેઠો હતો એ પગથિયાના બીજે છેડે બેઠા. મેં સંવાદવ્યવહાર (rapport) માટે બે-ત્રણ વાર પ્રયત્ન કર્યો પણ દિગીશભાઈ બધું ટૂંકમાં જ પતાવે. મને થયું, હું જ ક્યાંક સંવાદ-વ્યવહારમાં કાચો પડું છું. હમણાં ગૂર્જરમાં, શ્રી મનુભાઈ સાથે વાત કરતો હતો ત્યાં દિગીશભાઈ આવ્યા. મનમાં 'કાચો' પડું છું, એ વાત હતી જ, પણ આ વખતે સંવાદ-વ્યવહાર શક્ય બન્યો. દિગીશભાઈને હસતા જોયા, હળવા જોયા. કશુંક લખી રહ્યા છે તે વિશે વાત કરતા સાંભળ્યા અને તે પછી નિબંધ ઉપરના પરિસંવાદમાં વડોદરા ફરી મળવાનું થયું. ફરી પણ પાછો એવો જ સુખદ અનુભવ. કદાચ 'રેપોર્ટ' માટે હું થોડોક 'પાકો' બન્યો હોઉં, કદાચ દિગીશભાઈ વધુ 'ભારતીય' બન્યા હોય અથવા પેલું 'અંગ્રેજપણું' થોડુંક છૂટ્યું હોય !

પણ દિગીશભાઈ સૌની જેમ મને ગમે છે, એક વ્યક્તિ તરીકે અને સર્જક તરીકે પણ છેક કોલેજ-કાળથી એ જૂથના નથી, ટોળાના નથી, સંસ્થાઓના નથી એટલે કદાચ મને વધુ ગમ્યા છે. એ સીધી લીટીની વ્યક્તિ છે. અંદરથી એ મૃદુ છે, સરળ છે. વાદ-વિવાદમાં એ પોતાને ક્યારેય સંડોવતા નથી, કારણ કે અમદાવાદમાં રહીને પણ એમની નિસબત કેવળ સર્જન-સ્વાધ્યાય સાથે જ રહી છે. એમણે જન્મભૂમિ પાટણને, માતાપિતાની સંસ્કારી છત્રછાયા નીચે અને સિદ્ધપુરમાં ગાળેલા શૈશવને, ઉત્તર ગુજરાતના 'લોક'ને હજી પોતાના અંતરમાં એમ જ જાળવ્યાં છે. લીડ્ઝ યુનિવર્સિટીમાં ગયા ત્યારે, પછી ગુજરાત યુનિવર્સિટીમાં ટી.એસ. એલિયટની કવિતા ઉપર પીએચ.ડી. કર્યું ત્યારે અને એ જ યુનિવર્સિટીમાં રીડર, પ્રોફેસર થયા ત્યારેય અને આજે નિવૃત્તિમાં પણ એમનામાં એક 'અંગ્રેજ' સાથે નેપથ્યમાં 'દેશી' જન પણ બેઠો છે. એમના શબ્દની એ ભોંય છે.

૧૯૬૨માં 'આપણો ઘડીક સંગ' જેવી લઘુનવલકથા દ્વારા કશા ઊહાપોહ વિના એક પ્રયોગશીલ નવલકથા કેવી હોઈ શકે તેનો તેમણે નમૂનો આપ્યો. સાદા જણાતા પ્રણય જેવા વિષયને હાસ્ય-મજાકવાળી, અરૂઢ શૈલીમાં, અવતારીને જીવનના અનેક અંશોને અહીં પ્રકાશિત કરી આપ્યા છે. એ પછી છેક હમણાં લગભગ ચાર દાયકા પછી 'શત્રુઘ્નની પહેલી સફર' જેવી 'એક વારતા' તરીકે ઓળખાવાયેલી બીજી લઘુનવલ તેમણે આપી. બે સ્થળવિશેષોમાં કૃતિનાં મુખ્ય પાત્રો અહીં ઊઘડતાં જણાય છે. વાર્તા 'અબક'ના સીધા ગણિતમાં નથી ગોઠવાતી. દિગીશભાઈની લાક્ષણિક રચનારીતિનું આ બીજું દૃષ્ટાંત છે.

દિગીશભાઈની સર્જકતાનું આવું જ અન્ય લાક્ષણિક રૂપ તેમના લલિત નિબંધમાં પ્રગટ્યું છે. ૧૯૭૦માં 'દૂરના એ સૂર' જેવો ચૌદ રચનાઓને લઈ આવતો સંગ્રહ વતનને, શૈશવને, તેમના અભ્યાસ અને અનુભવને અનેકશઃ અનેક ભાતે ઉપસાવે છે. માનવમનના અનેક ખૂણાઓ, સંદર્ભો અહીં અનાવૃત થયા છે. સુરેશ જોષીનો લિરિકલ ઝોક અહીં નથી, અહીં દશ્યો છે, ચિત્રો છે, પાત્રો છે; વાસ્તવના બિન્દુએથી ઊઠીને તે સર્વ તળપદી, ચિત્રાત્મક શૈલીમાં આવીને ઠરે છે અને તેને સર્જકના વિશિષ્ટ 'હું'ના સંપર્કમાં મૂકી આપે છે. 'શેરી'ના નિબંધો સંક્ષિપ્ત છે. એનું પ્રયોજન નિશ્ચિત છે. ક્યાંક ક્યાંક એવી સંક્ષિપ્ત શૈલીનાં સ્પૃહણીય પરિણામો 'શેરી' જેવી કોઈક કોઈક રચનામાં મળ્યાં છે. બધે લલિતની છટા નથી. 'અમૃતધારા'ની બીબાંઢાળ રચનાઓથી તે જુદી પડે છે એ એની વિશેષતા છે. 'શેરી'ને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ઉપેન્દ્ર પંડ્યા પારિતોષિક મળ્યું હતું. 'ઇંગ્લિશ ! ઇંગ્લિશ !' ભાષાની ચિત્રાત્મકતા, અલંકરણ આદિ, કહો કે, અનુ-અનુકરણીય શૈલીવિધાન તો અહીં છે જ. આ ગ્રંથને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ૧૯૯૯નું શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક પ્રાપ્ત થયું છે.

દિગીશભાઈએ 'જય ધોરણલાલ' તેમ જ 'દડો' જેવાં એકાંકીઓ આપ્યાં છે, જેમાંની કેટલીક કલાકીય વિલક્ષણતાઓ એ એકાંકીઓની ભજવણીમાં સબળ રીતે પ્રતીત થઈ શક્યાની અનેકોને પ્રતીતિ છે.

'પાશ્ચાત્ય નવલકથા' (૧૯૭૫) યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ તરફથી પ્રો. હર્ષદ દેસાઈના સહલેખન સાથે પ્રગટ થયેલો તેમનો નવલકથા ઉપરનો વિવેચનસંગ્રહ છે. અહીં યુરોપની ભિન્ન

ભિન્ન ભાષાઓની સીમાચિહ્ન રૂપ નવલકથાઓનું સત્ત્વ-તત્ત્વ કેવું છે તે કૃતિના મુખ્ય અંશોને પકડીને બતાવવામાં આવ્યું છે. તેમના અંગ્રેજી સાહિત્યના ઊંડા અભ્યાસનો આ સંગ્રહને મળવો જોઈતો લાભ મળ્યો છે.

'પરિધિ' (૧૯૭૬) તેમની તપઃપૂત અભ્યાસશીલતાનું નવનીત લઈને આવતો વિવેચનસંગ્રહ છે. અહીં વિદેશના કેટલાક સર્જકો તેમજ ત્યાંની કેટલીક કૃતિઓ વિશે, સાહિત્યના કેટલાક સિદ્ધાંતો અને સંજ્ઞાઓ વિશે તેમજ ગુજરાતી સાહિત્યની કેટલીક કૃતિઓ વિશે તેમનું પોતાની રીતનું વિચાર-વિમર્શન થયેલું જોવા મળે છે. આ અભ્યાસ જેટલો તટસ્થ છે તેટલો તલાવગાહી પણ છે.

આ ઉપરાંત દિગીશભાઈએ 'શ્રીમદ્ રાજચંદ્ર' નામક લઘુ ચરિત્ર પણ અંગ્રેજીમાં લખ્યું છે.

દિગીશભાઈએ અનુવાદક્ષેત્રે કેટલીક મહત્ત્વની કામગીરી કરી છે. તેમણે શેલીના 'ડિફેન્સ ઑવ્ પોએટ્રી'નો 'કવિતાનું બચાવનામું' એ શીર્ષકથી અનુવાદ કર્યો છે. જે તાજેતરમાં પ્રગટ થયો છે. વળી, તેમણે યુજિન ઈયોનેસ્કોના 'ધ ચેર્સ'નો ગુજરાતીમાં 'ખુરશીઓ' (ઈ.સ. ૨૦૦૦) નામે કરેલો અનુવાદ પણ પ્રસિદ્ધ થયો છે. તેમણે અંગ્રેજીમાંથી ગુજરાતી ઉપરાંત ગુજરાતીમાંથી અંગ્રેજી કરવાની જે અનુવાદ-સાધના કરી છે તે નોંધપાત્ર છે. તેમણે દિલ્હીની સાહિત્ય અકાદમીના 'પ્રતીચી'ના આ સાલના વૉલ્યુમમાં ગુજરાતી વિભાગના તંત્રી તરીકેની જવાબદારી સ્વીકારી એ વિભાગમાં અનુવાદો આપવા ઉપરાંત પ્રાસ્તાવિક લેખ પણ આપ્યો છે. દિગીશભાઈને 'કથા' સંસ્થા તરફથી તેના ત્રીજા વૉલ્યુમમાંના સુંદર અનુવાદકાર્ય માટે પુરસ્કાર આપવામાં આવ્યો છે.

દિગીશભાઈ ગુજરાત સાહિત્ય અકાદમી, દિલ્હીની કેન્દ્રીય અકાદમી, નેશનલ બુક ટ્રસ્ટ તથા બ્રિટિશ કાઉન્સિલ જેવી અનેક સંસ્થાઓની સાહિત્યિક યોજનાઓમાં વિવિધ જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક અદા કરતા રહ્યા છે. દિગીશભાઈના આવા સાહિત્યિક પુરુષાર્થને પ્રેરવા-પોષવામાં તથા એમની લીલારસિકતાને ખીલવવામાં તેમનાં પત્ની સ્મિતાબહેનની સાથે જ તેમની બે સુપુત્રીઓ દુલારી ને રત્નાનીયે ઉમદા સહાય રહી છે એ આપણે નોંધવું ઘટે.

દિગીશભાઈએ આમ પ્રમાણમાં ઓછું લખ્યું છે પણ જે કંઈ લખ્યું છે તે રસસમૃદ્ધ છે. ભાવકોએ એનો પ્રતિસાદ ઉમળકાથી આપ્યો છે. દિગીશભાઈ આજે પણ 'કંઈક નવું કરવાની' ઇચ્છા ધરાવે છે અને એટલે જ એક ભાવક તરીકે દિગીશભાઈમાં મારો રસ હજી જેમનો તેમ ટક્યો છે. તેઓ જ્યારે ઈ. ૧૯૯૭નો શ્રી ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રકધારક બની રહ્યા છે ત્યારે તેમને અંતરથી-અંદરથી અભિનંદન !

-પ્રવીણ દરજી

સ્વ. સર કોલીન કાઉડ્રી

ટેસ્ટક્રિકેટના ઈતિહાસમાં સૌપ્રથમ ૧૦૦ ટેસ્ટ રમવાનું માન ઈંગ્લન્ડના કોલીન કાઉડ્રીને મળ્યું હતું. કોલીન કાઉડ્રીએ ૧૧૪ ટેસ્ટમાં રમીને સૌપ્રથમ ઘણી સિદ્ધિઓ નોંધાવી હતી. ટેસ્ટક્રિકેટમાં ૭૦૦૦ રન, સૌથી વધુ ટેસ્ટ સદીઓ, સૌથી વધુ કેચ — આ બધા વિશ્વવિક્રમો કોલીન કાઉડ્રી ધરાવતા હતા.

વિશ્વના આ એક મહાન ઈંગ્લિશ ક્રિકેટર કોલીન કાઉડ્રીનું ૬૭ વર્ષની વયે લાંબી માંદગી બાદ ૪થી ડિસેમ્બરે તેમના નિવાસસ્થાને દુઃખદ અવસાન થયું હતું. ઈંગ્લન્ડના આ ભૂતપૂર્વ કપ્તાનને તેમની દીર્ઘ સેવાઓ બદલ ઈંગ્લન્ડની રાણીએ 'સર'નો ઈલકાબ એનાયત કર્યો હતો. સર કોલીન કાઉડ્રી ઈન્ટર નેશનલ ક્રિકેટ કાઉન્સિલના અધ્યક્ષપદે પણ રહ્યા હતા. ૧૯૫૪ની ૨૬મી નવેમ્બરે ઑસ્ટ્રેલિયામાં બ્રિસ્બેન ખાતે ઓસ્ટ્રેલિયા સામે ઈંગ્લન્ડ તરફથી પ્રથમ ટેસ્ટમાં જ ટેસ્ટપ્રવેશ કર્યો હતો. ૧૧-૭-૧૯૬૮ના રોજ બર્મિંગહામ ખાતે ઑસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટમાં પોતાની ૧૦૦ ટેસ્ટ પૂરી કરી હતી. આવી સિદ્ધિ મેળવનારા તે વિશ્વના સૌપ્રથમ ટેસ્ટ ક્રિકેટર બન્યા હતા. પોતાની ૧૦૦મી ટેસ્ટ રમતાં તેમણે ઈંગ્લન્ડના કપ્તાન તરીકે શાનદાર સદી ફટકારતાં ૧૦૪ રન નોંધાવ્યા હતા અને એ દરમ્યાન તેમની ઝળહળતી ટેસ્ટ-કારકિર્દીના ૭૦૦૦ રન પૂરા કર્યા હતા. ટેસ્ટક્રિકેટના ઈતિહાસમાં ૧૦૦મી ટેસ્ટ રમતાં આવી ત્રેવડી સિદ્ધિ નોંધાવનાર તેઓ એકમાત્ર ક્રિકેટર હતા. પછીથી વેસ્ટ ઈન્ડિઝના ગૉર્ડન ગ્રીનીચે કાઉડ્રીની સિદ્ધિની પોતાની ૧૦૦મી ટેસ્ટમાં બરાબરી કરી હતી. કોલીન કાઉડ્રીએ ૧૧૪ ટેસ્ટ મેચોમાં ૧૮૮ દાવમાં ૨૨ સદી (સર્વોચ્ચ ૧૮૨), ૩૮ અર્ધસદી સાથે કુલ ૭૬૨૪ રન નોંધાવ્યા હતા અને ૧૨૦ કેચ ઝડપ્યા હતા. સમયાંતરે તેમના આ તમામ વિશ્વવિક્રમો તૂટતા ગયા હતા. ૧૯૫૭માં એમ્બાસ્ટન ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટના બીજા દાવમાં કોલીન કાઉડ્રી અને પીટર મેની જોડીએ ઈંગ્લન્ડ માટે ૪થી વિકેટની ૪૧૧ રનની વિશ્વવિક્રમી ભાગીદારી નોંધાવી હતી, જે આંક હજી અખંડિત છે. પ્રથમ કક્ષાની ક્રિકેટમાં કોલીન કાઉડ્રીએ ૧૦૭ સદીઓ સાથે કુલ ૪૨૭૧૯ રન નોંધાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાના તમામ હયાત ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટરોએ કોલીન કાઉડ્રીને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ સમર્પિત કરતાં જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયા સામેની તેમની રમત કદી ય ભુલાશે નહીં.

કોલીન કાઉડ્રીએ તેમની પ્રથમ પત્ની પેનીને છૂટાછેડા આપ્યા હતા અને ડ્યુક ઑવ્ નોરફોકની પુત્રીએ એની સાથે લગ્ન કર્યાં હતાં.

પ્રથમ પત્ની પેનીથી તેમનાં ત્રણ સંતાનો-ત્રણેય પુત્રો હતા. જે પૈકી ક્રિસ અને ગ્રેહામ કેન્ટ કાઉન્ટી તરફથી ક્રિકેટ રમતા હતા. ક્રિસ કાઉડ્રી તો ૧૯૮૪માં ઈંગ્લન્ડ તરફથી ભારત સામે મુંબઈ ખાતે પ્રથમ ટેસ્ટમાં રમ્યો હતો. ક્રિસ કાઉડ્રી ઈંગ્લન્ડ તરફથી ૬ ટેસ્ટમેચોમાં રમ્યો હતો અને ૧૯૮૮માં વેસ્ટ ઈન્ડિઝ સામે લીડ્સ ટેસ્ટમાં ઈંગ્લન્ડનું કપ્તાનપદ પણ સંભાળ્યું હતું. આમ, સર કોલીન કાઉડ્રી અને ક્રિસ કાઉડ્રી આ પિતા-પુત્રની જોડીએ ઈંગ્લન્ડનું ટેસ્ટ ક્રિકેટમાં નેતૃત્વ સંભાળ્યું હતું. ક્રિકેટ જગત કોલીન કાઉડ્રીને ક્યારેય નહીં ભૂલે.

('સંદેશ'માંથી) -જગદીશ બિનીવાલે

અનુસંધાન| સંગીતશાસ્ત્ર | પૃ. ૭૮ થી

સા-માં મેળવાય છે. જમણી બાજુનાં ચિકારીના બે તાર સા-સાંમાં મેળવાય છે. તરબના ૧૧થી ૧૮ જેટલા તાર અને તેની ખૂંટી છે. સરોદનો અવાજ મંદ પણ મીઠો હોય છે. ધાતુની પ્લેટ પર, ધાતુના તાર દબાવીને વગાડવાથી મીંડ-ગમક સુંદર લાગે છે. આ વાદ્ય પણ સિતાર જેવું સ્ટ્રોક ઇન્સ્ટ્રુમેન્ટ છે. નાળિયેરની કાચલીના ટુકડા કે હાથીદાંત કે સેલોલોઈડના ટુકડાથી આઘાત કરીને વગાડાય છે. ગાયકી અને ગત બન્ને વાગે છે. ઉત્તમ કલાકાર અને સંત જેવા સંગીતગુરુ ઉ. અલ્લાઉદ્દીનખાંના ત્રણ શિષ્યો તે સિતારવાદક પં. રવિશંકર, પુત્ર અલીઅકબરખાં સરોદવાદક. પં. રવિશંકર, ઉ. અલીઅકબરખાં અને અલ્લાઉદ્દીનખાંનાં પુત્રી અન્નપૂર્ણા સંગત કરીને સિતાર-સરોદ વગાડતાં હતાં. આથી પં. રવિશંકરના સિતારવાદન અને ઉ. અલીઅકબરખાંના સરોદવાદનની જુગલબંધીના વિશ્વભરમાં કાર્યક્રમો થયા, રેકૉર્ડ્ઝ બની. ઉ. અમઝદઅલીખાં અને તેમના બન્ને પુત્રો પણ ઉત્તમ સરોદવાદકો છે.

સંતુર સહસ્રતંત્રી વીણા જેમ સો તારનું વાદ્ય છે. તેનો પ્રત્યેક તાર જુદા જુદા સ્વરમાં મળેલો હોય છે અને લાબાં હાથવાળી બે લાકડીની હથોડીથી આઘાત કરીને તે વગાડાય છે. આઘાત થતાં તાર આંદોલિત થાય છે અને મેળવેલો સ્વર આપે છે. બીજા તારને પણ આવો આઘાત આપતાં તેના સ્વર ગુંજે છે. આમ, બે હાથનો ઉપયોગ કરી, વિવિધ તાર પર લાકડીની નાની હથોડીનો આઘાત કરીને સ્વરોની ગુંથણી થાય છે. સ્વરો રણકતા હોય, ગુંજતા હોય અને એમાં બીજા સ્વરો પણ સાથેસાથે ગૂંથાતા જાય એથી શ્રવણમધુર ધ્વનિ જન્મે છે. વહેતા ઝરણાનો જ જાણે કલશોર આ કાશ્મીરનું લોકવાદ્ય આપે છે. પં. શિવકુમાર શર્માએ એને સંપૂર્ણ અને સ્વતંત્ર વાદનની કક્ષાએ પહોંચાડ્યું.

'સંતુર' ફારસી-ઈરાની મૂળનો શબ્દ છે. 'સન' એટલે 'શત' અને 'તૂર' એટલે વાદ્ય. આમ, સંતૂર 'શતતંત્રી' એ મૂળમાંથી જ ઊતરી આવ્યું છે. સૂફી ગાયકોનું આ વાદ્ય હતું. એમાં સૌથી દોઢસો જેટલા તાર લગાડી શકાય છે. આમાં એક જ સ્વરના તારની બે જોડી, એટલે કે ચાર તાર હોય છે, એથી સુંદર રણકાર ઊઠે છે. આ તાર સંતુરની સામસામી બાજુએ બત્રીસ ઘોડી પરથી પસાર કરેલા હોય છે. તેના તારની ખૂંટી લોખંડની હોય છે, જેને આધારે તારને મેળવી શકાય છે. ❐

અમેરિકામાં 'કુમાર'નું લવાજમ ભરવાની સુવિધા

Niriksha Tripathi 121. Elizabeth Avenue. Edison. NJ - 08820
Ph. 732-548-3797
આપ આપનું લવાજમ ડૉ. ૨૫ (હવાઈમાર્ગે) ઉપરના સરનામે મોકલી શકો છો. ચેક/ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવો.
વ્યવસ્થા અંગેનો કે અંક ન મળ્યાની ફરિયાદ અંગેનો તમામ પત્રવ્યવહાર 'કુમાર'ના નીચેના સરનામે જ કરવા વિનંતી છે.

KUMAR KARYALAY LTD.
1454, Raipur Chakla, Ahmedabad-380 001 (India)

પરમાત્મા કોઈ વ્યક્તિ નથી. પરમાત્મા તો છે ખુલ્લું આકાશ. ચારે તરફ આ જે અવકાશ, ખાલી જગ્યા, દેખાય છે તે પરમાત્મા છે. આપ એમાં છલાંગ લગાવો તો આ આકાશ આપને તેના પોતાનામાં સમાવી લેવા સદા તૈયાર છે. આપ થોભી જઈને માત્ર ઊભા રહી જાઓ તો તે જબરજસ્તી કરીને આપને ખેંચીને પોતાનામાં લીન કરવા માટે ઇચ્છુક નથી. અસ્તિત્વને તો આટલી હિંસા પણ મંજૂર નથી. ઈચ્છો તો આપ થંભી જાઓ, ઈચ્છો તો આપ કૂદી પડો. આપ સ્વતંત્ર છો. સાગર તો હંમેશા મોજૂદ રહે છે. તે નદીઓને નિમંત્રણ પણ દેતો નથી કે બોલાવતો પણ નથી. નદી પોતે સ્વતંત્ર છે. ચાહે તો રોકાઈ જાય અને તળાવ બની જાય અને ચાહે તો છલાંગ લગાવે અને સાગરમાં ખોવાઈ જાય.

ઓશો

સ્થાનસમર્પિત

EAGLE

ULTRAMARINE INDUSTRIES AND BLUEBIRD ULTRAMARINE INDUSTRIES PVT. LTD.
Office : S-5, Gokul Complex, 2nd Floor, Opp. Gurukul, Drive-in Main Road, Ahmedabad - 380 052 Phone : (O) 749 1220 Fax : 7482572,

રે જિંદગીભર ભ્રમણા સેવી, ને એક ઘડી એવી ઊગી
કે કંચન છે કે કથીર, એ સ્પષ્ટપણે જોવાઈ ગયું !

— કરસનદાસ માણેક

તેરમા સૈકામાં રાજસ્થાનમાં ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી નામના પરોપકારી સંત થઈ ગયા. તેઓ દુ:ખી લોકોને બનતી મદદ કરતા. એક વખત એક ગરીબ ખેડૂતે તેમને અરજ કરી કે જો પોતાને થોડી જમીનનો માલિક બનાવી દેવામાં આવે તો કાયમને માટે તેનું દુ:ખ દૂર થઈ જાય. સંત જાતે તેને લઈને દિલ્હીના સુલતાન પાસે ગયા અને જમીનનો કાયમી પટ્ટો કરાવી આપ્યો. આથી તેમના એક શિષ્યે ખ્વાજા સાહેબને કહ્યું, 'આટલું નાનું કામ તો હું પણ કરી આપી શકત. તમે એ માટે આટલે દૂર આવવાની તકલીફ શા માટે લીધી ?'

સંતે જવાબ આપ્યો : 'કોઈના દુ:ખમાં ભાગ લેવો એ જ ખુદાની સાચી બંદગી છે અને એ બંદગીના મારા સ્વાર્થ ખાતર જ હું અહીં સુધી આવ્યો છું.'

*

બ્લીડિંગ ટ્રી - રક્ત નીતરતું વૃક્ષ - હિંદ મહાસાગરના કેનેડા દ્વીપસમૂહમાં થાય છે. આ વૃક્ષ બહુ જ મોટું, ઊંચું અને વિશાળ હોય છે, જેથી કેટલાક તેને રાક્ષસી વૃક્ષ તરીકે પણ આળખે છે. આ વૃક્ષના કોઈ પણ ભાગે કુહાડાનો ઘા મારવામાં આવે તો તે ઘામાંથી માણસના રક્ત જેવું લાલ લોહી નીકળવા લાગે છે.



મોરના આકારમાં મોર શબ્દ (મહેબૂબ એ. સૈયદ)

सुणह सोअव्वाइं पसंसह पसंसणिज्जाइं ।
परिहर परिहरिअव्वाइं आयरह आयरिअव्वाइं ॥
સાંભળવા યોગ્ય સાંભળવું, વખાણવા યોગ્ય વખાણવું, ત્યાગ કરવા યોગ્ય ત્યાગવું અને આચરવા યોગ્ય આચરવું.

ગણિતગમ્મત

૬૪૭૮૩ એવી રકમ છે જેમાંથી ૧ થી ૧૦૦ સુધીની કોઈ પણ રકમ કે જેનો સરવાળો ૧૦ થતો હોય તે બાદ કરવાથી જે રકમ આવે તેનો આખરી સરવાળો ૯ જ આવે છે. દા.ત. :

૬૪૭૮૩
\- ૧૯ (૧+૯= ૧૦)
૬૪૭૬૪ (૬+૪+૭+૬+૪ = ૨૭ = ૯)

૬૪૭૮૩
\- ૮૨ (૮+૨=૧૦)
૬૪૭૦૧ (૬+૪+૭+૦+૧=૧૮=૧+૮=૯)

(આમ ૧૦,૧૯,૨૮, ૩૭,૪૬,૫૫, ૬૪,૭૩,૮૨ અને ૯૧ બાદ કરવાથી ૯ આવશે)

*

કારેલાની છાલના બેથી ત્રણ ચમચી જેટલા રસમાં એટલી જ ખડી સાકર મિશ્ર કરી સવાર-સાંજ લેવાથી દુઝતા મસા અથવા રક્તાર્શ મટે છે.

*

પ્રથમ વિશ્વયુદ્ધ ઈ.સ. ૧૯૧૪-૧૯૧૮ દરમ્યાન થયું હતું, તેમાં લગભગ નેવુ લાખ લશ્કરી જવાનો મૃત્યુ પામ્યા હતા.

*

વિશ્વની સૌથી લાંબી મોટર બસ અમેરિકામાં છે. તે ૭૬ ફૂટ લાંબી, ૧૧ ટન વજનની, અને તેમાં ૧૨૧ મુસાફરો બેસી શકે છે.

*

તમારાં કપડાં અમુક સમય પછી જૂનાં અને ઓઈલી લાગવા માંડે તો એક ડોલમાં બે લીટર ગરમ પાણી લઈ એમાં એક ચમચો શેમ્પુ નાખો. તમારાં કપડાંને આ દ્રાવણમાં અડધો કલાક બોળી રાખો. અને પછી ધોઈ નાખો.



એમ કરોને પીવાના પાણીની તંગીમાં ટેન્કરો મંગાવવાને બદલે મિનરલ વૉટરની બાટલીઓની ટ્રકો મંગાવવાનું રાખો, લોકોય ખુશ... અને આપણાં ગજવાં પણ ખુશ !

*

ચમનલાલે પોતાના જાડા શરીરથી કંટાળીને એક ઊંચા મકાન પરથી છલાંગ મારી દીધી. હોશમાં આવીને તેણે ડૉક્ટરને પૂછ્યું : 'ડૉક્ટર સાહેબ, હું જીવું છું ?'

ડૉક્ટરે કહ્યું : 'હા, તમે જીવો છો, પણ તેઓ મરી ગયા છે જેની ઉપર તમે પડ્યા હતા.

*

કલાકણિકા : ઓરિસ્સામાંની ૧૩મી સદીમાં તૈયાર થયેલી ગરુડની પાષાણપ્રતિમા.





જાતમહેનત

જાતમહેનત મનુષ્યમાત્રને સારુ અનિવાર્ય છે. રોટીને સારુ પ્રત્યેક મનુષ્યે મજૂરી કરવી જોઈએ, શરીર વાંકું વાળવું જોઈએ. એ ઈશ્વરી નિયમ છે... ભગવદ્‌ગીતાના ત્રીજા અધ્યાયમાં યજ્ઞ કર્યા વિના જે ખાય છે તે ચોરીનું અન્ન ખાય છે એવો કઠિન શાપ અયજ્ઞને છે. અહીં યજ્ઞનો અર્થ જાતમહેનત અથવા રોટીમજૂરી શોભે છે. જેને અહિંસાનું પાલન કરવું છે, સત્યની આરાધના કરવી છે, બ્રહ્મચર્યને સ્વાભાવિક બનાવવું છે તેને તો જાતમહેનત રામબાણરૂપ થઈ પડે છે.

ગાંધીજી

— સ્થાનસમર્પિત —

એક 'કુમાર'પ્રેમી તરફથી

Licensed to Post without Pre Payment Licence No. 185 - RNI New Delhi No. 1834/57
'કુમાર' ૧૭ ફેબ્રુઆરી ૨૦૦૧ . સળંગ અંક : ૮૭૮ . છૂટક નકલ રૂપિયા ૧૫. Kumar Regd. No. GAMC-925



કયે ત્રાજવે તોળીશું ?

આજે આપણું સમગ્ર જીવન પૈસાને કાંટે તોળાઈ રહ્યું છે. તેમાં ટકે તો ટકવું નહિતર ગયું જાણજો. માનવના ઉચ્ચ જીવનનું આ રીતે મૂલ્ય થાય ? પૈસો એ આખરે તો મનુષ્યે પેદા કરેલો છે, પણ તે જ તેને ખાઈ જાય છે.

એક દિવસ એક માણસ નદીએ નહાવા ગયો. ત્યાં તેણે કાંઈક તણાતું જોયું. તે ધબ કરતો કૂદી પડ્યો. અર્ધો કલાક પાણીમાં મથ્યો અને છેવટે તે બહાર આવ્યો. બહાર આવ્યો ત્યારે જોયું તો ગામનો છોકરો તણાયો હતો, તેને તે ખેંચી લાવ્યો હતો.

પૈસાના કાંટે તોળનાર વિચારશે – આજે આઠ કલાક રોજના બે રૂપિયા મળે છે તો તેણે અર્ધો કલાક બરાબર મહેનત કરી છે માટે તેને પચીસ પૈસા આપો. આ રીતે પ્રાણ તોળાય કે ? અને એની કિંમત થાય ?

માનવના જીવનની કિંમત ન થાય. પેલા માણસની મહેનતને આપણે પૈસામાં ન માપીએ. એણે તો લાખ રૂપિયા ખર્ચે ન મળે તેવો જીવ ઉગાર્યો છે. તેની શક્તિની પ્રશંસા થાય અને તેની ભક્તિની કદર સમાજ કરે, એટલું જ થાય. આપણે આપણા જીવનને પૈસાને ત્રાજવે ન તોળીએ.

(રવિશંકર મહારાજ)

એક 'કુમાર' પ્રેમી તરફથી

દેસાઈ ઑફસેટ : ૫૩૩૦૨૪૫